કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો–દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૨ જૂન, ૨૦૨૬ મંગળવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરયક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-ઃ સંપર્ક ઃ-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૦૧૨◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૨ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### ગૃહમંત્રીની મોડી રાત્રે હાઈલેવલ બેઠક : સાયબર ચાંચીયા સામે શ્રી સંઘવીનો આક્રમક મોરચો

# સાયબર ફ્રોડ સામે સરકારની લાલઆંખ

**મહત્વપૂર્ણ બેઠકમાં રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવ સહિત ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહ્યા**



### આજથી ગુજરાત પોલીસની મોટી કાર્યવાહીઃ રાજ્યભરમાં શરૂ થશે "ઓપરેશન મ્યુલ હંટ ૨.૦"

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગરઃ રાજ્યના નાગરિકોને સાયબર ગઠિયાઓથી સુરક્ષિત રાખવા અને રાજ્યમાં વધી રહેલા સાયબર ક્રાઈમના દૂષણને નેસ્તનાબૂદ કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંદર્ભે મોદીરાત્રે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં એક ઉચ્ચસ્તરીય વિડિયો કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં સાયબર ક્રિમિનલ્સની કમર તોડી નાંખવા માટે આક્રમક રણનીતિ ઘડવામાં આવી છે.

**ગૃહમંત્રીએ આજે પણ યોજી બેઠક : તમામ એસપીને ગાંધીનગરનું તેડું**

**૧૦ જિલ્લાના એસપી પહોચ્યા ગાંધીનગર : રાજ્યમાં કંઈક મોટું થવા જઈ રહ્યુ છે?**

ગાંધીનગર : રાજ્યના ગૃહમંત્રીશ્રી સંઘવી એકશનમાં છે. તેઓએ ગત મોડી રાતે એક હાઈપ્રોફાઈલ બેઠક યોજ્યા બાદ આજરોજ પણ બેઠકકરી હતી. તેઓએ કાયદો વ્યવસ્થાની પણ સમીક્ષાઓ કરી હતી. ઉપરાંત રાજ્યના તમામ જિલ્લા પોલીસ વડાઓને તેઓએ તેડું મેકલી આપ્યું છે. ૧૦ જિલ્લાના એસપી બપોરે બાર વાગ્યા સુધી ગાંધીનગર પહોચી ચુકયા છે.

આ બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણય મુજબ, સમગ્ર રાજ્યમાં "ઓપરેશન મ્યુલ હંટ ૨.૦" નો પ્રારંભ કરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં 'મ્યુલ એકાઉન્ટ' પર પોલીસ દ્વારા સર્જીકલ સ્ટ્રાઈક કરવામાં આવશે. સાયબર ઠગાઈમાં વપરાતા શંકાસ્પદ બેંક એકાઉન્ટ્સને શોધી કાઢી, તેને તાત્કાલિક ફ્રીઝ કરવા અને સંડોવાયેલા શખ્સો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાના સ્પષ્ટ આદેશો ગૃહ વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે.આ મહત્વપૂર્ણ બેઠકમાં રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં

અનુસંધાન પાના નં.૪ પર

## મધરાત્રે ગુજરાતમાં મેઘરાજાએ બોલાવી બઘડાટી : ચાર ઈંચ વરસાદ પડયો

**છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૫૦ તાલુકાઓમાં મેઘમહેર : ૨૫ તાલુકાઓમાં એક ઇંચથી લઈને ૪ ઇંચ વરસાદ પડ્યો**



ગાંધીનગર : રાજ્યમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી ના કારણે રાજ્ય ના હવામાનમાં ગત મોડી રાતે પલટો આવ્યો હતો અને ભારે પવન અને વાવાઝોડા સાથે રાજ્યના ૨૫ તાલુકાઓમાં મેઘરાજાએ બઘડાટી બોલાવી હતી. અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં ૩.૭૩ ઈંચ જેટલો ભારે વરસાદ પડતા ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો. સાડા ત્રણ ઈંચ કરતાં વધુ વરસાદ પડતા ધંધુકાના અનેક માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા.રાજ્યમાં ગત મોડી રાત્રે અચાનક હવામાન પલટાયું હતું અને ભારે પવન સાથે આંધી અને વાવાઝોડું કેટલાક વિસ્તારોમાં ફૂંકાયું

અનુસંધાન પાના નં.૪ પર

## અધિકારી બન્યા પછી પણ મુળને ન ભૂલતાં, નાગરિકોના દિલ જીતીને કામ કરો : હર્ષ સંઘવી




ગાંધીનગર : હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યુપીએસસી સિવિલ સર્વિસીસ પરીક્ષા-૨૦૨૫માં સફળતા મેળવનાર ગુજરાતના ૩૫ યુવા ઉમેદવારોનો સન્માન સમારોહ યોજાયો હતો. પરીક્ષામાં ઉતીર્ણ થયેલા ઉમેદવારો અને તેમના પરિવારજનોને શુભકામનાઓ પાઠવતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, એક સમય એવો હતો જ્યારે યુપીએસસીની આખી યાદીમાં કોઈ એકાદ ગુજરાતીનું નામ ભાગ્યે જ જોવા મળતું પરંતુ, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વના પરીણામે આજે ૩૫ ઉમેદવારોએ આ પરીક્ષા પાસ કરી છે. તેમના કાર્યકાળમાં જ સ્પિપાને વિશેષ મહત્વ આપી અનેક જરૂરી બદલાવ કરવામાં આવ્યા હતા. તેમણે ૧૫-૨૦ વર્ષ પહેલાં જે વિઝન રાખ્યું

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યસભાની રેસ : સપ્તાહના અંતે ભાજપ જાહેર કરશે ૪ ઉમેદવારો :ખાસ સમીકરણો પર મોટો દાવ

**અનુસૂચિત જાતિના એક પણ સભ્ય ભાજપ તરફથી રાજ્યસભામાં સાંસદ નથી : રાજ્ય બહારના કોઈ કદાવર કેન્દ્રીય નેતાને મોકલે તેવી સંભાવના**

**કચ્છને સ્થાન આપો? કઈક થનગનભુષણોને આશ : કયા ગયા નાચ – નખરા કરવાવાળા..?**

ગાંધીધામ : રાજ્યસભામાં ગુજરાતની ચાર બેઠકોના ઉમેદવારોને લઈને આંતરીક તજવીજ તેજ બનેલી છે. ત્યારે કચ્છના રાજકીય તજજ્ઞો-પ્રબુદ્ધલોકો પણ કહી રહયા છે કે, કચ્છને પણ આપો સ્થાન. પાછલા અમુક સમયથી કચ્છમાં પણ કેટલાક બની બેઠેલાઓ રાજ્યસભાની ટિકિટ મેળવવા માટે કઈક નાચ-નખરા અને તાયફાઓ રચી રહ્યા છે. હવે જયારે ટિકિટનો સમય આવ્યો ત્યારે આવા નાચ નખરા કરવા વાળા કયાં છુપાઈ ગયા? કેમ ખરા સમયે આવા તાયફા-ડીંડક કરનારાઓ કયાંય ડોકાતા નથી?

ગાંધીનગર : ગુજરાતમાં રાજ્યસભાની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. ગાંધીનગરથી લઈને દિલ્હી હાઈકમાન્ડ સુધી ઉમેદવારોના નામોને લઈને ભારે મંથન ચાલી રહ્યું છે. સૂત્રો તરફથી મળતી વિગતો અનુસાર, આ સપ્તાહના અંતમાં એટલે કે આગામી ૭ જૂનની મોડી રાત સુધીમાં ભારતીય જનતા પાર્ટી પોતાના ૪ ઉમેદવારોના નામોની સત્તાવાર જાહેરાત કરી શકે છે.

ચૂંટણી પંચના શિડ્યુલ મુજબ, આગામી ૮ જૂન સુધી ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ હોવાથી ભાજપ વહેલી તકે નામો પર આખરી મહોર મારશે.

ઉલ્લેખનીય છે કે, આગામી ૨૧ જૂનના રોજ ગુજરાતના ૪ રાજ્યસભા સાંસદોની મુદત પૂર્ણ થઈ રહી છે, જેના કારણે આ બેઠકો ખાલી પડશે. આ ચૂંટણીમાં ભાજપ સોશિયલ

અનુસંધાન પાના નં.૪ પર

## ગુજરાત કેડરના આઇપીએસ અધિકારી રાજીવ રંજન ભગતને એસપીજીના એડીજી બનાવાયા



ગાંધીનગર : ગુજરાત કેડરના ૧૯૯૮ની બેચના આઈપીએસ અધિકારી રાજીવ રંજન ભગતને કેન્દ્રમાં એસપીજીનાએડીજીતરીકેનિમણૂંક આપવામાં આવી છે. કેન્દ્રની એપોઈન્ટમેન્ટ કમિટી ઓફ કેબિનેટ દ્વારા ગુજરાત કેડરમાં ૧૯૯૮ બેચના આઈપીએસ અધિકારી રાજીવ રંજન ભગતને એસપીજીના એડીજી તરીકે નિમણૂંક આપવાની દરખાસ્તને મંજૂરી આપતા. રાજીવ રંજન ભગતની સ્પેશિયલ પ્રોટેકશન ગ્રુપ ના એડીજી તરીકે નિમણૂંક આપ વામાં આવી છે.

## વેદાંત ગ્રુપ પર EDના મોટા પાયે દરોડા

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : માઈનિંગ અને નેચરલ રિસોર્સિસ ક્ષેત્રની દિગ્ગજ કંપની વેદાંત ગ્રુપની મુશ્કેલીઓમાં વધારો થયો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મંગળવારે દિલ્હી અને મુંબઈ સ્થિત વેદાંત ગ્રુપના વિવિધ પરિસરોમાં દરોડા પાડવામાં આવ્યા છે. આ કાર્યવાહી ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ હેઠળ કરવામાં આવી રહી છે.ઈઢના અધિકારીઓના જણાવ્યા અનુસાર, મંગળવારે સવારથી જ તપાસની પ્રક્રિયા ચાલુ છે. જોકે, કયા ચોક્કસ કિસ્સામાં કે કયા વ્યવહારોમાં ઉલ્લંઘન થયું છે, તે અંગે હજુ સુધી એજન્સી દ્વારા સત્તાવાર વિગતો આપવામાં આવી નથી. કંપની તરફથી પણ હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી.

# બંગાળમાં 'મહારાષ્ટ્ર મોડલ'ની ચર્ચા

**ધારાસભ્યોની નારાજી પછી સત્તા બાદ હવે પક્ષ પણ ગુમાવશે મમતા બેનરજી?**

(એજન્સી દ્વારા)

કોલકતા : પશ્ચિમ વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીત બાદ હવે એક સમયે અજેય ગણાતા મમતા બેનરજીની મુશ્કેલીઓ વધી રહી છે. સત્તા ગુમાવ્યા બાદ હવે તેમની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસમાં પણ આંતરિક કલહ ચરમસીમાએ છે. પશ્ચિમ બંગાળમાં હવે 'મહારાષ્ટ્ર મોડલ' ની ચર્ચાએ જોર પકડ્યું છે, જેણે ટીએમસીના ભવિષ્ય પર મોટો સવાલ ઊભો કર્યો છે.મહારાષ્ટ્રમાં જે રીતે શિવસેનામાં ભાગલા પડ્યા અને પાર્ટીના બે ટુકડા થયા, તેવી જ સ્થિતિ હવે બંગાળમાં સર્જાઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં મમતા બેનરજીના ઘરે આયોજિત એક મહત્વની બેઠકમાં પાર્ટીના મોટાભાગના ધારાસભ્યોએ ગેરહાજર રહીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. ૮૦માંથી અંદાજે ૬૦ ધારાસભ્યોનું બેઠકમાં ન પહોંચવું તે ટીએમસીમાં મોટું ગાબડું પડવાના સંકેત આપે છે.

પાર્ટીની અંદર વધી રહેલા વિવાદો વચ્ચે, હસ્તાક્ષર વિવાદને લઈને ધારાસભ્યો ૠતબ્રત બંદોપાધ્યાય અને સંદીપન સાહાને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. આ પગલાં પછી બળવાના સૂર વધુ તીવ્ર બન્યા છે. રાજકીય ગલિયારાઓમાં એવી ચર્ચાઓ છે કે લગભગ ૫૦ ધારાસભ્યો અલગ જૂથ બનાવી શકે છે. કેટલાક સાંસદો પણ પક્ષ બદલવા માટે ગુપ્ત વાતચીત કરી રહ્યા છે. દક્ષિણ કોલકાતાની એક હોટલમાં ધારાસભ્યોની ગુપ્ત



મુલાકાતની અફવાઓએ મમતાની મુશ્કેલી વધારી છે.

## આફ્રિકામાં ઇબોલા વાયરસનો આઉટબ્રેક, સંક્રમિતોની સંખ્યા ૩૨૦ને પાર થતાં WHO એલર્ટ

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : : કોરોના મહામારીના વૈશ્વિક સંકટમાંથી માંડ બહાર આવેલી દુનિયા સામે હવે ફરી એકવાર એક નવો જીવલેણ વાયરસ ચિંતાનો વિષય બન્યો છે. આફ્રિકા ખંડમાં અત્યંત ખતરનાક અને ઘાતક ગણાતા 'ઈબોલા' વાયરસનો પ્રકોપ ઝડપથી વધી રહ્યો છે, જેના કારણે ત્યાં આઉટબ્રેકની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. તાજેતરના અહેવાલો અનુસાર, આફ્રિકાના પ્રભાવિત વિસ્તારોમાં ઈબોલા વાયરસના પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૩૨૧ પર પહોંચી ગઈ છે.ટૂંકા ગાળામાં જ સંક્રમિતોનો આંકડો ૩૨૦ને પાર થતાં સ્થાનિક આરોગ્ય તંત્ર સહિત વૈશ્વિક સંગઠનો પણ સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગયા છે.આફ્રિકામાં ઈબોલા વાયરસનોકહેર દિન-પ્રતિદિન ભયાનક સ્વરૂપ ધારણ કરી રહ્યો છે, જેના લીધે સ્થાનિક વહીવટીતંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ વાયરસ તેના ઊંચા મૃત્યુદર અને અતિ ઝડપી સંક્રમણને કારણે મેડિકલ જગતમાં અત્યંત ઘાતક માનવામાં આવે છે. જે દર્દીઓમાં ઈબોલાના લક્ષણો દેખાઈ રહ્યા છે.

**તિકડમ !**
– દેવેન વ્યાસ



**બાળકોની શાળાની ફી ના કારણે મારા દાગીના અને સાડીના ખર્ચ પર કાપ મુકવો પડયો ! બોલો !**

## ૯ જૂને પીએમ મોદીના નામે નોંધાશે મહાકીર્તિમાન

**જવાહરલાલ નેહરુના સૌથી લાંબા સમય સુધી સળંગ ચૂંટાયેલા પીએમ પદ પર રહેવાનો રેકોર્ડ તૂટી જશે : મોદીએ દેશના વડાપ્રધાન તરીકે પ્રથમ વખત ૨૬ મે ૨૦૧૪ ના રોજ સત્તાવાર શપથ લીધા હતા**

નવી દિલ્હી : કેન્દ્રમાં મોદી સરકારના સફળ શાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે દેશભરમાં આગામી ૫ જૂનથી લઈને ૨૧ જૂન સુધી વિશેષ જનસંપર્ક અને વિકાસ કાર્યોના પ્રદર્શન માટેના કાર્યક્રમો યોજાવા જઈ રહ્યા છે. વિશ્વ પર્યાવરણ દિવસથી શરૂ થઈને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સુધી ચાલનારા આ ૧૭ દિવસીય અભિયાનમાં કેન્દ્ર સરકાર પોતાની મોટી સિદ્ધિઓ અને જનહિતના કાર્યોને સામાન્ય જનતા સુધી પહોંચાડશે. પરંતુ, આ ભવ્ય કાર્યક્રમોની વચ્ચે એક એવી તારીખ આવી રહી છે, જે ભારતીય લોકશાહી અને રાજકારણના ઈતિહાસમાં એક નવો અધ્યાય જોડી દેશે.

આ તારીખ છે ૯ જૂન ૨૦૨૬.વાસ્તવમાં, ૯ જૂન ૨૦૨૬ના રોજ નરેન્દ્ર મોદી સતત ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે એક એવો અજોડ રેકોર્ડ પોતાના નામે કરવા જઈ રહ્યા છે, જે અત્યાર સુધી દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના નામે નોંધાયેલો હતો. ઐતિહાસિક તથ્યો મુજબ, જવાહરલાલ નેહરુએ દેશની પ્રથમ સામાન્ય ચૂંટણી બાદ ૧૪ મે ૧૫૯૨ ના રોજ વડાપ્રધાન પદના શપથ લીધા હતા અને તેઓ ૨૭ મે ૧૯૬૪ (અવસાન સુધી) સતત આ પદ પર રહ્યા હતા.

## જમીન દફતર નિરીક્ષકની ૧૩૮ જગ્યાઓ તાલુકા કક્ષાએ ખસેડવાનો રાજ્ય સરકારનો નિર્ણય

ગાંધીનગરઃ રાજ્યસરકારે મહેસૂલ વિભાગ હેઠળના સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીએ મહત્વપૂર્ણ વહીવટી નિર્ણય લઈને જિલ્લા નિરીક્ષક જમીન દફતર, વર્ગ-૨ સંવર્ગની કુલ ૧૩૮ જગ્યાઓનું વિકેન્દ્રીકરણ કરીને તાલુકા કક્ષાએ કાર્યરત કરવાની મંજૂરી આપી છે.

સરકારના આ નિર્ણય અનુસાર હાલમાં જિલ્લા કચેરીઓમાં કાર્યરત જમીન દફતર નિરીક્ષકોને હવે તેમના રહેઠાણની નજીક આવેલી તાલુકા કચેરીઓમાં સેવા આપવાની તક મળશે. આથી જમીન રેકોર્ડ સંબંધિત કામગીરી વધુ ઝડપી, સુલભ અને અસરકારક બનશે તેમજ ગ્રામ્ય અને તાલુકા સ્તરે નાગરિકોને સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થશે.સરકારે આ સંવર્ગની તમામ જગ્યાઓના નામાભિધાનમાં સુધારો કરીને "જિલ્લા નિરીક્ષક જમીન દફતર, વર્ગ-૨"ના બદલે "જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨" તરીકે ઓળખ આપ વાનો પણ નિર્ણય કર્યો છે. જારી કરાયેલા ઠરાવ મુજબ કુલ ૧૩૮ જગ્યાઓને તાલુકા કચેરીઓ ખાતે કાર્યરત કરવામાં આવશે, જ્યારે આ અંગેની તમામ અનુગામી વહીવટી અને અમલવારી પ્રક્રિયા સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા હાથ ધરવામાં આવશે.રાજ્ય સરકારના આ પગલાથી મહેસૂલી

અનુસંધાન પાના નં.૪ પર

## લેબેનોન પર હુમલાથી ઈરાન ભડક્યુ

વોશિંગ્ટન : લેબેનોન પર ઈઝરાયેલના હુમલાઓથી ગુસ્સે ભરાયેલા ઈરાને અમેરિકા સાથે ચાલી રહેલી મંત્રણા અટકાવવાનો નિર્ણય લીધો છે. લેબેનોન પર હુમલાને યુદ્ધ વિરામનો ભંગ ગણાવીને ઈરાને હોર્મુઝની ખાડી અને રેડ સીમાં દરિયાઈ માર્ગો બંધ કરવાની ચીમકી આપી છે. લેબેનોન પર હુમલા બંધ ન થાય ત્યાં સુધી અમેરિકા સાથે વાટાઘાટો નહીં કરવાનું ઈઝરાયેલે એલાન કર્યુ છે. વાતચીતનો માર્ગ બંધ કરવાની ઈરાનની ચીમકી સાથે બંને દેશ દ્વારા પરસ્પર હુમલા પણ ચાલી રહ્યા છે.

# “સિંધી સમાજના પ્રથમ મહિલા મેયર તરીકે મળેલો સ્નેહ અને વિશ્વાસ હું ક્યારેય નહીં ભૂલું” : દિવ્યાબેન નાથાણી


તસવીર : યોગેશ લીંબાચીયા

**સિંધી સમાજનું ગૌરવ : ગાંધીધામ મહાનગરપાલિકાના પ્રથમ મેયર દિવ્યાબેન નાથાણીને સિંધી સમાજમાંથી સાર્વત્રિક આવકાર**

### ગાંધીધામ-આદિપુર સિંધી સમાજ અને શ્રી ઝૂલેલાલ મંદિર ટ્રસ્ટ દ્વારા સિંધી સમાજના પ્રથમ મહિલા મેયર દિવ્યાબેન નાથાણી તથા તેમની ટીમનું ભવ્ય સન્માન, શહેરના વિકાસ માટે હકારાત્મક રજૂઆતો

ગાંધીધામ : ગાંધીધામ-આદિપુર સિંધી સમાજ તેમજ શ્રી ઝૂલેલાલ મંદિર ટ્રસ્ટ દ્વારા ગાંધીધામ મનપાના સિંધી સમાજના પ્રથમ મહિલા મેયર શ્રીમતી દિવ્યાબેન નાથાણી અને તેમની ટીમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે સમાજના આગેવાનો દ્વારા શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમમાં શ્રી સેવકભાઈ લખવાણી, શ્રી પ્રેમભાઈ પરયાણી, શ્રી કુમારભાઈ રામચંદાની, શ્રી કમલેશભાઈ રામચંદાની (બી.એમ. ગ્રુપ), શ્રી ગ્યાનભાઈ કાંજાની, શ્રી હરેશકુમાર જેસવાની , શ્રી દેવભાઈ દાદલાણી, નિરજભાઈ ખુશલાણી, શ્રી સુનીલભાઈ ચેલાણી, શ્રી કમલેશભાઈ લખવાણી, વિનોદભાઈ ખુબચંદાની, શ્રી મનોહરભાઈ ગુવાલાની (મનુભાઈ), કોર્પોરેટર શ્રી કમલેશભાઈ પરયાણી, શ્રી તારાચંદભાઈ ચંદનાની, પૂર્વ નગરસેવક શ્રી દિનેશભાઈ લાલવાણી સહિત સમાજના અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સિંધી સમાજના પ્રથમ મહિલા મેયર દિવ્યાબેન નાથાણી સાથે તેમની ટીમના શ્રી તેજસભાઈ શેઠ, શ્રી ભરતભાઈ મિરાણી અને શ્રી સુરેશભાઈ ધુવાનોનું પણ સિંધી સમાજના આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન સમાજના પ્રતિનિધિઓએ શહેરના સર્વાંગી વિકાસ, સ્વચ્છતા, ટ્રાફિક વ્યવસ્થા, પાણી પુરવઠો, રોડ-રસ્તાઓના વિકાસ અને નાગરિક સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ હકારાત્મક સૂચનો અને રજૂઆતો કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગાંધીધામના વિકાસ અને જનહિતના કાર્યોમાં સિંધી સમાજ તથા શ્રી ઝૂલેલાલ મંદિર ટ્રસ્ટ હંમેશા મહાનગરપાલિકાની ટીમ સાથે ખભે ખભા મિલાવીને કાર્ય કરશે.આ અવસરે સિંધી સમાજના પ્રથમ મહિલા મેયર દિવ્યાબેન નાથાણીએ સમાજના આગેવાનોનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, “સિંધી સમાજે મારા પર જે વિશ્વાસ મૂક્યો છે અને જે સન્માન આપ્યું છે તે મારા માટે ગૌરવની વાત છે. સમાજના પ્રથમ મહિલા મેયર તરીકે મળેલો આ પ્રેમ અને આશીર્વાદ હું જીવનભર યાદ રાખીશ. શહેરના દરેક વર્ગને સાથે રાખી ગાંધીધામના વિકાસને નવી દિશા આપ વાનો અમારો સંકલ્પ છે.”તેમણે વધુમાં જણાવ્યું હતું કે મહાનગરપાલિકાની ટીમ શહેરના વિકાસ, નાગરિક સુવિધાઓના વિસ્તરણ અને જનહિતના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે સતત કાર્યરત રહેશે. સમાજ તરફથી મળતા સૂચનોને યોગ્ય પ્રાધાન્ય આપી વિકાસના કાર્યોને વધુ ગતિ આપવામાં આવશે.કાર્યક્રમના અંતે સમાજના આગેવાનોએ સિંધી સમાજના પ્રથમ મહિલા મેયર દિવ્યાબેન નાથાણી અને તેમની ટીમને સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ ગાંધીધામ શહેર સતત પ્રગતિ અને વિકાસના માર્ગે આગળ વધે તેવી આશા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# ‘કામમાં કોઈ બેદરકારી નહીં ચાલે’ : મેયર દિવ્યાબેન નાથાણીએ આપી સ્પષ્ટ સૂચના

**મેયર દિવ્યાબેન નાથાણી દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલી સ્ટોર્મ વોટર અને વરસાદી નાળાની સફાઈ કામગીરીનું સ્થળ નિરિક્ષણ કર્યુ : સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન તેજશભાઈ શેઠ સહિતનાઓ સાથે રહ્યા ઉપસ્થિત**





### ગાંધીધામ મનપાને લાંબા સમય બાદ સ્થળ પર જઈ વિકાસકામોના નિરિક્ષણ કરનાર મેયર-સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન મળ્યા : નહી તો અગાઉ એસીમાં બેઠા બેઠા જ કામો થઈ રહ્યા હોવાની આપી દેવાતી હતી કલીનચીટ : દિવ્યાબેન સહિતની ટીમ એ વરસાદી નાળા, સફાઈ કામની જાત મુલાકાત લઈ, અધુરાશો બાબતે પણ જવાબદારોને આપી કડક સુચના-તાકીદ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ શહેરમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ઝડપી નિકાલ અને નાગરિકોને પાણી ભરાવાની સમસ્યામાંથી રાહત મળે તે હેતુસર મેયર શ્રીમતી દિવ્યાબેન નાથાણી દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલી સ્ટોર્મ વોટર અને વરસાદી નાળાની સફાઈ કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

મેયરશ્રીએ શક્તિનગર રોડ ખાતે ચાલી રહેલી સ્ટોર્મ વોટર કામગીરી તેમજ લીલાશાહ ખાતે વોર્ડ ઓફિસ સામે અને લીલાશાહ સર્કલ વિસ્તારના વરસાદી નાળાની સફાઈ કામગીરીની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને કામગીરી ઝડપી અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી.

આ નિરીક્ષણ દરમિયાન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી તેજસભાઈ શેઠ, શાસક પક્ષના નેતા શ્રી ભરતભાઈ મીરાણી, દંડક શ્રી સુરેશભાઈ ધુવા તેમજ મહાનગરપાલિકાના અધિકારીઓ અને ઈજનેરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મેયર દિવ્યાબેન નાથાણીના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે શહેરના ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મેયરશ્રીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે નાગરિકોને વરસાદી ઋતુ દરમિયાન કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે તમામ જરૂરી કામગીરી સમયસર પૂર્ણ કરવામાં આવશે.શહેરના વિકાસ અને સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે મેયરશ્રી દ્વારા સતત મેદાનમાં રહી કામગીરીની સમીક્ષા કરવામાં આવી રહી છે, જેના કારણે નાગરિકોમાં પણ સકારાત્મક પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. ગાંધીધામને સ્વચ્છ, સુવિધાસભર અને સુવ્યવસ્થિત શહેર બનાવવા માટે મહાનગરપાલિકાની ટીમ સતત કાર્યરત હોવાનું તેમણે જણાવ્યું હતું.

# કચ્છમાં વહીવટી તંત્રમાં ફેરબદલ : નિવાસી અધિક કલેક્ટર સહિત વિવિધ હોદ્દાઓ પર અધિકારીઓની નિમણૂક

### રાજ્ય સરકાર દ્વારા ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ક્લાસ-૧ ના અધિકારીઓની સામુહિક બદલી અને બઢતીના આદેશો જારી કરાયા : કચ્છમાંથી ત્રણ અધિકારીઓની વિદાય અને ચાર નવા અધિકારીઓનો પ્રવેશ

ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકાર દ્વારા સોમવારે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ક્લાસ-૧ ના અધિકારીઓની સામૂહિક બદલી અને બઢતીના આદેશો કરવામાં આવતા વહીવટી તંત્રમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. આ આદેશો અંતર્ગત કચ્છ જિલ્લાના વહીવટી માળખામાં પણ મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે, જેમાં જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર સહિત કુલ ૩ અધિકારીઓની કચ્છની બહાર બદલી કરવામાં આવી છે, જ્યારે તેમની જગ્યાએ ૪ જેટલા નવા અધિકારીઓને કચ્છમાં નવી જવાબદારી સોંપવામાં આવી છે.

વહીવટી ફેરફાર મુજબ, ભુજના નિવાસી અધિક કલેક્ટર ડી.પી. ચૌહાણની ગાંધીનગર ખાતે સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશનની કચેરીમાં એડિશનલ સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ તરીકે બદલી કરવામાં આવી છે. તેમના સ્થાને ગાંધીનગરના પ્રાંત અધિકારી પી.એ. કોટડિયાને બઢતી આપીને કચ્છ-ભુજના નવા નિવાસી અધિક કલેક્ટર તરીકે નિમણૂક આપવામાં આવી છે. આ ઉપરાંત, ભુજમાં નવી ઊભી કરવામાં આવેલી અધિક કલેક્ટરની પોસ્ટ પર સુરતના ડેપ્યુટી ડીડીઓ પી.એલ. વિઠાણીને પ્રમોશન આપીને નિયુક્ત કરાયા છે.

અન્ય બદલીઓમાં કચ્છ સિવિલ ડિફેન્સના ડેપ્યુટી કંટ્રોલર ડૉ. બી.એસ. પ્રજાપતિની નર્મદા જિલ્લાના અધિક કલેક્ટર તરીકે બદલી કરવામાં આવી છે. તેમના સ્થાને જૂનાગઢ ખાતે સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ એન્ડ પંચાયતી રાજમાં ડેપ્યુટી ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા પી.એલ. બાવડાને બઢતી સાથે કચ્છમાં સિવિલ ડિફેન્સના નવા ડેપ્યુટી કંટ્રોલર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

આ સાથે જ ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર એમ.વી. દેસાઈને પ્રમોશન આપીને દેવભૂમિ-દ્વારકાના નિવાસી અધિક કલેક્ટર તરીકે મૂકવામાં આવ્યા છે. લાંબા સમય બાદ ભુજ આરટીઓ કચેરીમાં પણ ક્લાસ-૧ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે, જેમાં અમદાવાદ ઝોનની નગરપાલિકાઓના કમિશનર અને પ્રાંત અધિકારી કક્ષાના એ.કે. ગૌસ્વામીને પ્રમોશન આપીને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (આરટીઓ) ભુજ તરીકે નિમણૂક અપાઈ છે.


કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

Shree Sahjanand Sports

Dealers & Suppliers of all types of sports goods & Fitness Equipments.

Volleyball Cricket Football Basketball Swimming Badminton Skating Tennis Clothes Shoes Trophy Medal

Special Discount Available for School, College & Institutions

Nr. Prince Residency, Bhuj-Mirzapar Highway, Bhuj-Kutch

Mo. 72260 06776, 96386 77066

Email: sahjanandsports@gmail.com.

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં “સરહદના સંત્રી”ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ — કચ્છ ઉદય

ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...

નવિનભાઇ મનજીભાઇ આઇયા

ઉપપ્રમુખશ્રી,
શ્રી અખિલ કચ્છ લોહાણા મહાજન
મુળ : વિરાણી, હાલે : ભુજ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં ‘ઘર’ બનાવનાર ‘કચ્છઉદય’ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરવા બદલ હાર્દિક શુભેચ્છા....

નરેશ જયંતીલાલ સોમૈયા

પ્રમુખશ્રી, અખિલ કચ્છ લોહાણા મહાજન યુવા સમિતિ
પ્રમુખશ્રી, રઘુવંશી ક્રેડિટ કો.સોસાયટી
ભુજ-કચ્છ

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...



દિપક એસ. ડાંગર

ઉપપ્રમુખશ્રી,
કચ્છ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા
પૂર્વ સેનેટ મેમ્બર, કચ્છ યુનિવર્સિટી

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં “સરહદના સંત્રી”ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ — કચ્છ ઉદય

ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છા...

કારિયા માઈનકેમ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

એક શુભેચ્છક - SD

ઓછી આંચે રસોઈ રાંધો-ગેસની મોટી બચત સાંધો
રસોઈ રાંધવામાં પ્રેસર કુકરનો કરો ઉપયોગ

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ગાંધીધામ

## હવે દરેક જગ્યાએ અલગ-અલગ એફિડેવિટની માથાકૂટનો અંત, સમગ્ર ગુજરાતમાં એક જ 'યુનિવર્સલ એફિડેવિટ' માન્ય ગણાશે

**કાયદા વિભાગે 'યુનિવર્સલ એફિડેવિટ'નું ધોરણસરનું નવું ફોર્મેટ જાહેર કર્યું : જ્યાં કોઈ વિશિષ્ટ ફોર્મેટ કાયદાકીય રીતે નક્કી ન હોય ત્યાં યુનિવર્સલ એફિડેવિટ**

ગાંધીનગર: ગુજરાતમાં સરકારી સેવાઓ મેળવવા માટે નાગરિકોને વારંવાર જુદા-જુદા લખાણવાળા એફિડેવિટ કરાવવાની પડતી મુશ્કેલીઓનો અંત લાવવા માટે ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યમાં નાગરિક સેવાઓને વધુ સરળ અને પારદર્શક બનાવવાના ભાગરૂપે કાયદા વિભાગે રાજ્યવ્યાપી સ્વીકાર્ય "યુનિવર્સલ એફિડેવિટ"નું નવું ફોર્મેટ જાહેર કર્યું છે.

હવેથી જે સેવાઓમાં કાયદા કે નિયમ મુજબ સોગંદનામું જરૂરી હોય પરંતુ કોઈ ચોક્કસ ફોર્મેટ નક્કી ન હોય, ત્યાં આ એક જ સમાન ફોર્મેટ સમગ્ર રાજ્યમાં માન્ય રાખવામાં આવશે.

અત્યાર સુધી રાજ્ય સરકારના અલગ-અલગ વિભાગો દ્વારા અપાતી વિવિધ વ્યક્તિલક્ષી સેવાઓ, દાખલાઓ કે યોજનાઓનો લાભ લેવા માટે અરજદારોએ અનેક પ્રકારના જુદા-જુદા સોગંદનામાં રજૂ કરવા પડતા હતા. દસ્તાવેજોમાં આ પ્રકારની વિવિધતાને કારણે બિનજરૂરી જટિલતા ઊભી થતી હતી અને સામાન્ય જનતાનો સમય વેડફાતો હતો તેમજ વહીવટી પ્રક્રિયામાં વિલંબ થતો હતો. નાગરિકોને આ હાલાકીમાંથી મુક્તિ આપવા માટે સરકારે આ વહીવટી સુધારો કર્યો છે. આ નવું યુનિવર્સલ એફિડેવિટ તમામ જિલ્લા, તાલુકા, ગ્રામ્ય તેમજ શહેરી સ્તરે કાર્યરત તમામ સરકારી કચેરીઓ, સેવા કેન્દ્રો અને સત્તાધિકારીઓ દ્વારા ફરજિયાતપણે સ્વીકારવામાં આવશે. ડિજિટલ ગુજરાત પોર્ટલ તેમજ તમામ જન સેવા કેન્દ્રો ખાતે પણ આ એફિડેવિટનો સમાન રીતે અમલ થશે, જેથી ઓનલાઈન અરજી કરનારાઓને મોટી સુવિધા મળશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે, જે સેવાઓ માટે કાયદાકીય રીતે એફિડેવિટ કરવાની કોઈ જરૂરિયાત નક્કી થયેલી નથી, તેવી સેવાઓમાં સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ મુજબ એફિડેવિટના સ્થાને માત્ર 'સ્વઘોષણા'ની સરળ પ્રક્રિયા પૂર્વનિર્ધારિત રીતે જ ચાલુ રહેશે. ત્યાં સોગંદનામું ફરજિયાત કરવામાં આવ્યું નથી.

કાયદા વિભાગ દ્વારા જારી કરાયેલા આ સત્તાવાર ફોર્મેટને નાગરિકોની સરળતા માટે ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં તૈયાર કરવામાં આવ્યું છે.

## ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ બોર્ડની પૂરક પરીક્ષા માટે હેલ્પલાઇન નંબર જાહેર

ગાંધીનગર: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પૂરક પરીક્ષાને અનુલક્ષીને વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શાળાઓના માર્ગદર્શન માટે ટોલ ફ્રી હેલ્પલાઈન સેવા શરૂ કરવામાં આવશે.શિક્ષણ બોર્ડની યાદીમાં જણાવ્યા અનુસાર ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પૂરક પરીક્ષા આગામી તા. ૧૧ જૂન, ૨૦૨૬ થી ૨૦ જૂન, ૨૦૨૬ દરમિયાન યોજાનાર છે. પરીક્ષાને લગતી માહિતી, માર્ગદર્શન અને પરામર્શ માટે હેલ્પલાઈન સેવા તા. ૦૩ જૂનથી કાર્યરત થશે અને તા. ૨૦ જૂન, ૨૦૨૬ સુધી ચાલશે. હેલ્પલાઇનનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ છે. જેના પર માર્ગદર્શન મેળવવાનો સમય દરરોજ સવારે ૧૧:૦૦ કલાકથી સાંજે ૬:૦૦ કલાક સુધીનો રહેશે. આ હેલ્પલાઈન પર નિષ્ણાતો, કાઉન્સેલરો તેમજ સાયકોલોજિસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓને જરૂરી માર્ગદર્શન અને પરામર્શ આપવામાં આવશે.

## ધંધાકીય હરીફાઈમાં તો ક્યાંક કોઈએ કોઈની દવા નથી કરીને?

# મુંદરામાં પિસ્તોલ કેસમાં એસએમસીને કેમ ત્રાટકવું પડયું? આઈપીએસ છે, છતા ગાંધીનગરથી ટીમ દોડી આવી..?

**મુંદરા પિસ્તોલ કેસમાં સ્થાનિકના બદલે એસએમસીએ ગાંધીનગરમાં નોંધાવ્યો ગુનો : સોશિયલ મિડીયા પર ફોટો જોયા બાદ ગાંધીનગરથી એસએમસીએ આવીને બે શખ્સોને પકડયા હતા**

**કચ્છમાં થયેલી કાર્યવાહીમાં એસએમસીએ પોતાના થાણામાં ગુનો દાખલ કર્યો હોય તેવો સંભવતઃ પ્રથમ કિસ્સો છે.**

ભુજ - કચ્છઉદય : એસએમસીએ મુંદરાના નાના કપાયા ગામે અદાણી બાયપાસ હાઈવે પર કાર્યવાહી કરીને બે શખ્સોને પિસ્તોલ સાથે ઝડપી લીધા હતા. જેમાં મુંદરાના રમેશ રામભાઈ ગઢવી અને કિશન હરજીભાઈ સાલાણી (કોલી)નો સમાવેશ થાય છે. બન્ને શખ્સોએ રાજસ્થાનના બાડમેરના ધનરાજરામ હનુમાનરામ ચૌધરી પાસેથી પિસ્તોલ લીધી હતી. એસએમસીએ બે પિસ્તોલ, ૧૪ જીવતા કારતુસ અને બે મેગેઝીન કબ્જે કર્યા હતા. સામાન્ય રીતે અત્યાર સુધી એસએમસીએ કચ્છમાં દારૂ અને જુગારના જે કેસ કર્યા છે તેની ફરિયાદ જે તે થાણામાં નોંધાવી સ્થાનીક પોલીસોને તપાસ આપી છે. પરંતુ આ વખતે એસએમસીએ મુંદરા પોલીસમાં ગુનો દાખલ કરવાના બદલે ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો અને તપાસ પણ પોતાની પાસે રાખી છે. કચ્છમાં થયેલી કાર્યવાહીમાં એસએમસીએ પોતાના થાણામાં ગુનો દાખલ કર્યો હોય તેવો સંભવતઃ પ્રથમ કિસ્સો છે.

કિશને સોશિયલ મીડિયામાં ફોટા પોસ્ટ કર્યા હતા અને રમેશની ઓફિસમાં પિસ્તોલ રાખવામાં આવી હતી. રમેશની પુછપરછ કરતા સામે આવ્યું કે, તે અને કિશન મિત્ર છે. તેની જમવાની હોટલે ટ્રક વાળા આવતા હોઈ રાજસ્થાનના ધનરાજરામ સાથે પરીચય થયો હતો અને તેણે પિસ્તોલ જોઈતી હોય તો લઈ આપીશ તેવું કહ્યું હતું. કિશને પૈસાની જરૂર હોવાથી પિસ્તોલ વેચવાનું કામ કરીએ તેવું કહ્યું હતું. બન્ને જણા સવા બે વર્ષ પહેલા ગાંધીધામ - વરસાણા હાઈવે પર ટોયોટા શો રૂમ પાસે ગયા અને ધનરાજરામ પાસે ૫૦ હજારમાં બન્ને પિસ્તોલ લીધી હતી. પિસ્તોલ રાખવાનો શોખ હોવાથી રમેશે બન્ને બંદુક પોતાની પાસે રાખી હતી. બન્ને જણાએ પિસ્તોલ સાથે ફોટા પાડી ઈન્સ્ટાગ્રામમાં મુકયા હતા. ફોટા વાયરલ થયા અને એસએમસીના ધ્યાને આવ્યા હતા અને તેઓએ બન્નેને ઝડપી હથિયાર કબજે કરી ગુનો દાખલ કરાવ્યો છે. અત્યાર સુધી અન્ય કોઈ હથિયાર વેચ્યા છે. કોઈ જગ્યાએ ઉપયોગ કર્યો છે તે સહિતની દિશામાં એસએમસીએ તપાસ હાથ ધરી છે.

### સસ્તુ સોનુ અને નકલી નોટો પકડાય તો બંદુક પણ પકડો

એકતરફ પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા એવા દાવા કરવામાં આવે છે કે, અમે સોશિયલ મીડીયા પર બાજનજર રાખીએ છીએ. જેના કારણે સસ્તુ સોનુ અને નકલી નોટોના નામે છેતરપીંડી કરતા ઈસમો પકડાય છે. તો મુંદરાના કિસ્સામાં બન્ને યુવાનોએ દોઢ વર્ષ પહેલા ફોટા મુકયા હતા અને વાયરલ થયા હતા. તો આ કિસ્સામાં સ્થાનિકને કેમ ભનક ન આવી ? તેવો સવાલ ઉઠી રહ્યો છે. આ સાથે સ્થાનિક પોલીસની બેદરકારી બાબતે પણ સવાલો ઉઠયા છે.

## અમદાવાદમાં કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલની આગેવાનીમાં સાબરમતી નદી સફાઈ અભિયાન શરૂઆત!

અમદાવાદ : અમદાવાદમાં સાબરમતી નદીની સફાઈનું અભિયાન આજે ૦૨મે સવારે ૮ વાગ્યાથી શરૂ કરવામાં આવ્યું. જો કે સમગ્ર અભિયાનમાં એક જ ચર્ચા ઊઠી છે કે નેતાઓને માત્ર તસવીરો જ પડાવવામાં રસ છે. તેવમ ખાલી તસવીરો પડાવીને જતા રહે છે. તમામ NΓO અને શહેરીજનો સવારે સાત વાગે સફાઈ માટે પહોંચી



ગયા હતા. પરંતુ, કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલે આઠ વાગે પહોંચી અભિયાન શરૂ કરાવ્યું.નેતાઓ પંદર મિનિટમાં ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી કરાવી નીકળી ગયા હતા.

## રાજકોટમાં ૧૦૦ કરોડના વિકાસ કામો પર બ્રેક! મેયર નેહલ શુક્લાનો મોટો નિર્ણય, અનેક પ્રોજેક્ટ હોલ્ડ પર

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકામાં નવા મેયર તરીકે જવાબદારી સંભાળ્યા બાદ નેહલ શુક્લાએ મહત્વપૂર્ણ વહીવટી નિર્ણય લીધો છે. પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દ્વારા મંજૂર કરવામાં આવેલા અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોને હાલ માટે હોલ્ડ પર રાખવામાં આવ્યા છે. મેયર દ્વારા યોજાયેલી રિવ્યુ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, જે પ્રોજેક્ટોમાં અત્યાર સુધી ૨૦ ટકાથી ઓછી કામગીરી થઈ છે અથવા કામની પ્રગતિ ધીમી છે, તેવા તમામ પ્રોજેક્ટનું ફરી મૂલ્યાંકન કરવા માટે અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. આ નિર્ણય બાદ શહેરમાં ચાલી રહેલા અનેક વિકાસ કાર્યો પર અસર જોવા મળી શકે છે.

હોલ્ડ પર મૂકાયેલા પ્રોજેક્ટોમાં વર્કિંગ વુમન હોસ્ટેલ અને શાક માર્કેટના નવીનીકરણ જેવા મહત્વપૂર્ણ કામોનો પણ સમાવેશ થાય છે. મેયરે સ્પષ્ટ કર્યું છે કે શહેરના વિકાસ માટે પ્રાથમિક સુવિધાઓને વધુ પ્રાધાન્ય આપવામાં આવશે અને બિનજરૂરી ભૌતિક વિકાસના ખર્ચમાં ઘટાડો કરવામાં આવશે.

રિવ્યુ બેઠક દરમિયાન અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે નાગરિકોને સીધી અસર કરતી સુવિધાઓ પાછળ વધુ ખર્ચ કરવામાં આવે અને શહેરની મૂળભૂત જરૂરિયાતોને પ્રાથમિકતા આપવામાં આવે. આ નિર્ણયથી આગામી દિવસોમાં વિકાસ કાર્યોની નવી પ્રાથમિકતાઓ નક્કી થવાની સંભાવના છે.

### જ્યુબિલી સર્કલ પાસે બસ બંધ પડી જતા ટ્રાફિક અવરોધાયો



ભુજ શહેરમાં જ્યુબિલી સર્કલથી કોલેજ રોડ જતા માર્ગે ટાઉન હોલ પાસે એસટી બસ બંધ પડી જતા ટ્રાફિક અવરોધાયો હતો. મુસાફરો માટે અન્ય બસની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## પ્રાંતિજ નગરપાલિકાના ૧૫ કોર્પોરેટરના સામુહિક રાજીનામા, ભાજપે ગંભીરતાથી કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ : સાબરકાંઠાની પ્રાંતિજ નગરપાલિકાના ૧૫ કોપર્રેટરોના સામુહિક રાજીનામાનો મામલો સામે આવ્યો છે.ભાજપ સંગઠને પ્રાંતિજ નજીક ત્રણ અલગ અલગ હોટલોમાં બેઠકો યોજી હતી.નારાજ કોર્પોરેટરો સહિત સંગઠન અને પ્રમુખ સહિતનાઓ વચ્ચે બેઠકો યોજાઈ હતી.ત્રણેય બેઠકો અનિર્ણિત રહેતા આજે ફરીથી બેઠક થવાની સંભાવના છે.

ભાજપના નારાજ કોર્પોરેટરો ટસના મસ ના થતા ટેન્શન વધ્યું છે. કોર્પોરેટરોને બળવા માટે ઉશ્કેરણી કરવાના મૂળ શોધવાનો પ્રયાસ કર્યો તેવી સૂત્રો પાસેથી માહિતી મળી છે. ઉચ્ચ કક્ષાએથી ભાજપ દ્વારા બળવા માટે ઉશ્કેરનાર અને પ્રથમ બેઠક અંગેની વિગતો એકત્ર કરવામાં આવી છે.લઘુમતી વિસ્તારમાં પંદર સભ્યો અને કેટલાક સ્થાનિક આગેવાનો સાથે રવિવારે રાત્રે બેઠક યોજાઈ તેવું સૂત્રોનું કહેવું છે.

લઘુમતી વિસ્તારમાં મોડી રાત્રી બેઠકમાં સામુહિક રાજીનામાનો પ્લાન ઘડાયાની આશંકા છે. બેઠકમાં વિરોધનો પ્લાન તૈયાર કરી રાજીનામાના પત્ર પર કોર્પોરેટરોના સહિઓ લેવામાં આવી છે. સહિ વાળા પત્રને લઈ જિલ્લા સંગઠનને પત્ર સોંપવા મોડી રાત્રે કોપર્રેટરો હિંમતનગર પહોંચ્યા છે.

જિલ્લાના ભાજપને મોડી રાત્રે સામુહિક રાજીનામાનો પત્ર સોંપાયો હતો.રાત્રી દરમિયાન ઉશ્કેરણી કરી વિવાદ ભડકાવવાની આશંકાથી ભાજપમાં ખળભળાટ મચ્યો છે.

## અમદાવાદમાં મસમોટા રેકેટનો પર્દાફાશ : ૧૪ કરોડના ડ્રગ્સ સાથે યુવક ઝડપાયો

અમદાવાદ : શહેરમાં નશાના કારોબાર સામે પોલીસે વધુ એક મોટી સફળતા મેળવી છે. અમદાવાદના નરોડા પંથકમાં આવેલા ગેટકો પાવર સ્ટેશન પાસેથી પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને એક શંકાસ્પદ કારને આંતરી હતી. કારની તલાશી લેતાં તેમાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજે ૧૪ કરોડ (૧૪.૧૬ કરોડ)ની કિંમતનો મેથામ્ફેટામાઇન ડ્રગ્સનો વિશાળ જથ્થો મળી આવ્યો હતો. આ મામલે પોલીસે મુંબઈના સાજીદ શેખ નામના શખ્સની ધરપકડ કરી છે, જે રાજસ્થાનના જયપુરથી આ ડ્રગ્સ લઈને ઘુસાડવાની પેરવીમાં હતો. સ્થાનિક પોલીસ અને ઉચ્ચ એજન્સીઓને બાતમી મળી હતી કે, જયપુર તરફથી એક શખ્સ ડ્રગ્સનો મોટો જથ્થો લઈને અમદાવાદમાં સપ્લાય કરવા આવી રહ્યો છે. બાતમીના આધારે નરોડા ગેટકો પાવર સ્ટેશન નજીક નાકાબંધી કરીને વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા આરોપી સાજીદ શેખને કોર્ડન કરીને ઝડપી લેવાયો હતો. એફએસએલના અધિકારીઓની હાજરીમાં કરાયેલી



પ્રાથમિક તપાસમાં આ જથ્થો ઉચ્ચ ગુણવત્તાવાળો કેમિકલયુક્ત એમડી ડ્રગ્સ હોવાનું કન્ફર્મ થયું હતું, જેનું કુલ વજન અને બજાર કિંમત ૧૪ કરોડથી વધુ આંકવામાં આવી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપી સાજીદ શેખે ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે, તે આ ડ્રગ્સનો કરોડોનો જથ્થો રાજસ્થાનના જયપુર ખાતેથી એક અજાણ્યા વ્યક્તિ પાસેથી મેળવીને લાવ્યો હતો. અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં આ જથ્થો કોને ડિલિવર કરવાનો હતો અને આ નેટવર્ક પાછળ કયા મોટા ગજાના માથાઓ સંડોવાયેલા છે, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જયપુરના સપ્લાયરને ઝડપી પાડવા માટે પોલીસની એક વિશેષ ટીમ રાજસ્થાન રવાના કરવાની તજવીજ પણ હાથ ધરાઈ રહી છે.

## અમદાવાદમાં SGSTના દરોડા

અમદાવાદ: અમદાવાદમાં રાજ્ય વેરા ખાતાની મોબાઈલ સ્ક્વોડ ટીમે મોટી કાર્યવાહી કરતાં કરોડો રૂપિયાના કિંમતી માલસામાનનો જથ્થો ઝડપી પાડ્યો છે. યોગ્ય દસ્તાવેજો વિના પરિવહન કરવામાં આવી રહેલા સોનું, ચાંદી અને કિંમતી પથ્થરો જપ્ત થતાં વેપારી વર્તુળોમાં ભારે ચર્ચા શરૂ થઈ છે. મળતી માહિતી મુજબ સ્ટેટ GST વિભાગે અમદાવાદ વિસ્તારમાં ખાસ ચેકિંગ અભિયાન દરમિયાન આ કાર્યવાહી હાથ ધરી હતી.અધિકારીઓના જણાવ્યા અનુસાર ચકાસણી દરમિયાન અંદાજે ૧૨૦ કિલો ચાંદી, ૭૦૦ ગ્રામ સોનું તેમજ લગભગ ૩ કિલો જેટલા કિંમતી પથ્થરોનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો હતો.પ્રાથમિક અંદાજ મુજબ જપ્ત કરાયેલા માલસામાનની કુલ કિંમત રૂ. ૪.૨૫ કરોડથી વધુ હોવાનું સામે આવ્યું છે.મોબાઈલ સ્ક્વોડ ટીમ દ્વારા વાહનો અને માલસામાનની તપાસ દરમિયાન દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી.તપાસ દરમિયાન માલસામાન સંબંધિત જરૂરી બિલ, ઇ-વે બિલ અને ટ્રાન્સપોર્ટ દસ્તાવેજો સંતોષકારક ન હોવાનું જણાતા અધિકારીઓએ જથ્થો કબ્જે કરી વધુ તપાસ શરૂ કરી હતી.

## સુપ્રીમના આદેશના પગલે સ્પેશિયલ એજ્યુકેટરની ૨૯૦૮ની ભરતી સ્થગિત

**તાજેતરમાં વિદ્યાસહાયક, સ્પેશિયલ એજ્યુકેટર, મુખ્ય શિક્ષકની ૩૯૬૬ જગ્યા માટે ભરતીની જાહેરાત કરાઈ હતી**

અમદાવાદ : ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા રાજ્યની જિલ્લા અને નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં મોટા પાયે ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, સુપ્રીમ કોર્ટના તાજેતરના આદેશના પગલે આ ભરતી પ્રક્રિયામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. વહીવટી તંત્ર દ્વારા સ્પેશિયલ એજ્યુકેટરની ભરતીની સમગ્ર કાર્યવાહી સંપૂર્ણપણે સ્થગિત કરવાનો નિર્ણય લેવાયો છે. સ્પેશિયલ એજ્યુકેટરની ૨૯૦૮ જેટલી જગ્યાઓ માટે ભરતી કરવાની હતી, પરંતુ હવે તે સ્થગિત કરી દેવાઈ છે. હવે આ ભરતી પ્રક્રિયા અંતર્ગત માત્ર વિદ્યાસહાયક અને દિવ્યાંગો માટેની ખાસ ઝુંબેશ હેઠળ મુખ્ય શિક્ષકની જગ્યાઓ માટે જ ઓનલાઈન અરજીઓ સ્વીકારવામાં આવશે. પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા શિક્ષકોની મોટાપાયે ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક સ્કૂલોમાં વિદ્યાસહાયક (ધો.૧થી ૫- અન્ય માધ્યમ), સ્પેશિયલ એજ્યુકેટર (ધો.૧થી ૫ અને ધો.૬થી ૮) તથા ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત દિવ્યાંગજનો માટે મુખ્ય શિક્ષકની ભરતી માટેની કાર્યવાહી શરૂ કરવાનું નક્કી કરાયું હતું.

## આવતી કાલે ૩ જૂન વિશ્વ સાયકલ દિવસની ઉજવણી કરાશે

ગાંધીધામ - કચ્છ ઉદય : યુનાઈટેડ નેશન્સની સામાન્ય સભાએ ૩ જૂનને આંતરરાષ્ટ્રીય વિશ્વ સાયકલ દિવસ તરીકે ઘોષિત કર્યો હતો.

વિશ્વ સાયકલ દિવસ એ વૈશ્વિક ઉત્સવ છે, જે બધાં લોકો દ્વારા મનાવવામાં આવે છે. સાયકલને માનવની પ્રગતિ અને પ્રગતિના પ્રતીક તરીકે સહનશીલતા, પરસ્પર સમજણ અને આદરને પ્રોત્સાહન આપતું પ્રતિક મનાય છે જે સામાજિક સમાવેશ અને શાંતિની સંસ્કૃતિને ઉત્તેજન આપે છે. સાયકલ ટકાઉ પરિવહનનું પ્રતીક છે અને ટકાઉ વપરાશ અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે સકારાત્મક સંદેશ આપે છે અને હવામાન પર સકારાત્મક અસર પાડે છે. વિશ્વ સાયકલ દિવસ હવે પ્રકાર ૧ અને ૨ ડાયાબિટીઝ વાળા લોકો માટે સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા સાથે સંકળાયેલ છે. ગાંધીધામ ખાતે કેડીબીએ અને ડીએસએના સદસ્યો દ્વારા વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે ૧૦૦ અને ૫૦ કિમી સાયકલિંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૫૦ જેટલા સાયકલવીરો ભાગ લઈને લોકોમાં સકારાત્મક સ્વાસ્થ્યની સંદેશ આપવાના છે. આ અભિયાનને કે.ડી.બી.એ.ના પેટર્ન વિમલ ગુજરાલ, પ્રમુખ ડો. હેમાંગ પટેલ અને માનદ સચિવ દેનુ કપાનિયાએ શુભેચ્છાઓ પાઠવી છે.

## તું પાગલ થઈ ગયો છે...: બેરૂત પર હુમલાના આદેશ મુદ્દે નેતન્યાહૂ પર ભડક્યા ટ્રમ્પ, અપશબ્દો કહ્યા

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : મિડલ ઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટો ચાલી રહી છે. એવામાં ઈઝરાયલ સતત લેબેનોનમાં હુમલા કરી રહ્યું છે અને ઈઝરાયલની સેના લેબેનોનમાં ઘૂસી રહી છે. એવામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલના વડાપ્રધાન પર બરાબરના ભડક્યા છે. અહેવાલ અનુસાર ટ્રમ્પે નેતન્યાહૂને ટેલિફોન કરીને બરાબરના ધમકાવ્યા છે.

એક અહેવાલ મુજબ, ટ્રમ્પે નેતન્યાહૂને "પાગલ" કહ્યા હતા અને તેમની ટીકા કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે, તું પાગલ થઈ ગયો છે! જો હું ન હોત તો તું અત્યારે જેલમાં હોત. હું તને બચાવી રહ્યો છું. અત્યારે સૌ કોઈ તને ધિક્કારે છે અને ઈઝરાયલને નફરત કરી રહ્યું છે.

નોંધનીય છે કે ગઈકાલે જ ઈઝરાયલના સંરક્ષણ મંત્રીએ લેબેનોનના બેરૂતમાં ભીષણ હુમલાના આદેશ આપ્યા હતા. ઈઝરાયલનો દાવો છે કે હિઝબુલ્લાહ દ્વારા વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો છે. આ હુમલા બાદ ઈરાને અમેરિકા સાથેની વાટાઘાટો અટકાવી દીધી હતી. ઈરાની અધિકારીઓનું સ્પષ્ટ કહેવું છે કે લેબેનોનમાં યુદ્ધવિરામ એ અમેરિકા સાથેના કોઈપણ મોટા કરારનો અનિવાર્ય હિસ્સો છે.

## અમેરિકામાં એકસાથે ૩૦ ભારતીયોની ધરપકડ

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકામાં વસતા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ અને ખાસ કરીને કમર્શિયલ ડ્રાઈવરો સામે વહીવટીતંત્ર હવે કડક બન્યું છે. યુએસ બોર્ડર પેટ્રોલ એજન્ટોએ એરિઝોનાના યુમા સેક્ટરમાં 'ઓપરેશન ચેકમેટ' હેઠળ કાર્યવાહી કરીને કુલ ૫૨ લોકોની ધરપકડ કરી છે, જેમાં ૩૦ ભારતીય ટ્રક ડ્રાઈવરોનો સમાવેશ થાય છે.

યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શનના જણાવ્યા અનુસાર, આ ધરપકડ ૧૧થી ૧૫ મે દરમિયાન કરવામાં આવી હતી. આ ઓપરેશનનો મુખ્ય ઉદ્દેશ્ય એવા કમર્શિયલ મોટર વ્હીકલ ઓપરેટરોને પકડવાનો છે, જેઓ અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહી રહ્યા છે અને ડ્રાઈવિંગ કરી રહ્યા છે.યુએસ બોર્ડર પેટ્રોલના એક્ટિંગ ચીફ પેટ્રોલીંગ એજન્ટ ડસ્ટિન ડબલ્યુ. કોડલેએ જણાવ્યું હતું કે, આ કાર્યવાહીનો હેતુ જાહેર સુરક્ષાને સુરક્ષિત રાખવાનો અને અયોગ્ય ડ્રાઈવરો દ્વારા થતા જીવલેણ અકસ્માતોને રોકવાનો છે. તમામ વ્યક્તિઓ સામે ફેડરલ કાયદા મુજબ પ્રક્રિયા કરીને તેમને દેશનિકાલ કરવામાં આવશે.

## પહેલા પાનાથી...

### સાયબર ફ્રોડ

આવી હતી. બેઠકમાં રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવ સહિત ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યના તમામ શહેરોના પોલીસ કમિશનરશ્રીઓ તથા તમામ જિલ્લાના પોલીસ વડાશ્રીઓ પણ જોડાયા હતા.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સાયબર અપરાધીઓ ટેકનોલોજીનો દુરુપયોગ કરી નાગરિકોને છેતરે છે, તેને કોઈપણ સંજોગોમાં સાંખી લેવામાં આવશે નહીં. પોલીસ તંત્રને સતર્ક રહીને સાયબર ફ્રોડના મૂળ સુધી પહોંચવા અને સામાન્ય નાગરિકોની મહેનતની કમાણી સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે.આ ઓપરેશનના અમલીકરણ સાથે રાજ્યમાં સાયબર ક્રાઈમના પ્રમાણમાં મોટો ઘટાડો નોંધાશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

### મધરાત્રે ગુજરાતમાં

હતું. હવામાનમાં પલટો આવતા છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૫૦ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો રાજ્યના ૨૫ તાલુકાઓ એવા છે કે જ્યાં એક ઈંચ થી લઈને સાડા ત્રણ ઈંચ જેટલો ભારે વરસાદ પડ્યો હતો જેના કારણે રાજ્યમાં ચોમાસા જેવો માહોલ જામ્યો હતો. અમદાવાદ જિલ્લાના ધંધુકામાં ૩.૭૪ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો જ્યારે સુરત જિલ્લાના ઉંમરપાડામાં ૨.૭૬ ઈંચ જેટલો ભારે વરસાદ પડ્યો હતો. જેના કારણે આ બંને તાલુકાઓમાં ભર ચોમાસા જેવો માહોલ જામ્યો હતો. આ ઉપરાંત ખેડા, માતર, લખતર, ચુડા, નડિયાદ, વાલોદ, હાંસોટ ,વઘઈ, ભરૂચ, માણસા, દસાડા, વ્યારા, ઉમરેઠ, તલોદ અને ચીખલી તાલુકાઓ એવા છે કે જ્યાં ૧.૧૪ ઈંચ થી લઈને ૧.૭૩ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. જ્યારે રાજ્યના ૧૨૦ જેટલા તાલુકાઓ એવા છે કે જ્યાં ૧ મી.મી થી લઈને ૧૯ મી.મી જેટલો વરસાદ પડ્યો હતો . રાજ્યમાં ગત મોડી રાત્રે હવામાનમાં પલટો આવ્યા બાદ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પ્રિ મોનસુન એક્ટિવિટી સક્રિય થતા વરસાદ પડ્યા બાદ આજે વરસાદનું જોર ઘટ્યું છે. સવારે બે કલાકમાં માત્ર ૬ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે.

### રાજ્યસભાની રેસ,

એન્જિનિયરિંગ એટલે કે જ્ઞાતિગત સમીકરણો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ભાજપ આ વખતે ગુજરાતમાંથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજને મોટું પ્રતિનિધિત્વ આપવા માટે ૧-૧ બેઠક પર ગંભીરતાથી વિચારણા કરી રહ્યું છે. હાલમાં મુદત પૂર્ણ કરી રહેલા સાંસદોમાં રમીલાબેન બારા અનુસૂચિત જનજાતિ નું પ્રતિનિધિત્વ કરતા હતા, જેથી આ વર્ગને સાચવી રાખવો પક્ષ માટે અનિવાર્ય છે.

બીજી તરફ, વર્તમાન સ્થિતિએ ગુજરાતમાંથી અનુસૂચિત જાતિના એક પણ સભ્ય ભાજપ તરફથી રાજ્યસભામાં સાંસદ નથી, જેથી આ વખતે દલિત સમાજમાંથી કોઈ ચહેરાને દિલ્હી મોકલવામાં આવે તેવી પ્રબળ સંભાવના છે.રાજકીય વર્તુળોમાં વહેતી થયેલી ચર્ચા મુજબ, ભાજપ આ ૪ બેઠકોમાંથી એક બેઠક પર રાજ્ય બહારના કોઈ કદાવર કેન્દ્રીય નેતાને ગુજરાતથી રાજ્યસભામાં મોકલીને આશ્ચર્યજનક નિર્ણય પણ લઈ શકે છે. ૭ જૂને નામોની જાહેરાત થતાં જ ચિત્ર સ્પષ્ટ થઈ જશે, પરંતુ હાલમાં લોબિંગ અને અટકળોનો દોર તેજ બન્યો છે.

### અધિકારી બન્યા પછી

હતું, તેના પરીણામે આજે કોઈપણ રાજ્ય સરકાર દ્વારા ચાલતી સંસ્થાઓમાં સૌથી વધુ એટલે કે ૩૫ ઉમેદવારો એક જ વર્ષમાં પાસ થયા છે. અધિકારી બન્યા પછી પણ સ્વભાવમાં નમ્રતા રાખવા અપીલ કરતાં તેમણે કહ્યું હતુ કે, તમે જીવનમાં ગમે તેટલી પ્રગતિ કરો પરંતુ તમારા મુળને કદી ન ભૂલતાં. જે વ્યક્તિ જમીન સાથે જોડાઈને ચાલશે તેને જીવનમાં ક્યારેય વાંધો નહીં આવે. નામ અને સ્તરમાં માન વધવાની સાથે લોકોના દિલમાં જે પ્રેમ છે તે ઓછો ન થાય તે રીતે કામ કરવા નાયબ મુખ્યમંત્રી એ જણાવ્યું હતું. તેમણે સફળ ઉમેદવારોને તેમના મનગમતા ક્ષેત્ર કે સરકારી વિભાગોની તેમના ધ્યાને આવેલી વહીવટી સમસ્યાઓનો અભ્યાસ કરી તેના પ્રેક્ટિકલ સોલ્યુશન અંગેના મુદ્દાઓ તૈયાર કરીને તેના નિવારણ માટે શું કરી શકાય તે સુઝાવ આપવા અપીલ કરી હતી. આ સૂચનોનું અમલીકરણ આગામી દિવસોમાં સરકારમાં કરવામાં આવશે તેની ખાતરી તેમણે આપી હતી.

## કાયમી જેવું જ કામ કરતા કામચલાઉ કર્મીઓને સમાન લાભનો અધિકાર

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટતા કરી હતી કે સરકાર પોતાના કર્મચારીઓની સાથે ભેદભાવ ના કરી શકે. સુપ્રીમે સ્પષ્ટ કર્યું કે જો કોઇ કામચલાઉ કર્મચારી પણ કાયમી કર્મચારી જેટલુ જ અને એવુ જ કામ કરી રહ્યો હોય તો તેને પણ કાયમી કર્મચારી જેટલા જ લાભ આપવા પડે. અગાઉ પટણા હાઇકોર્ટે કામચલાઉ કર્મચારીને કાયમી કર્મચારી જેવા લાભ આપવાની ના પાડતો જે ચુકાદો અપાયો હતો તેને સુપ્રીમે રદ કરી નાખ્યો હતો. પોસ્ટ વિભાગના કર્મચારીઓએ દસકાઓ સુધી સેવા આપ્યા બાદ પણ તેમને કાયમી કર્મચારી જેટલા લાભ નહોતા મળ્યા, તેથી તેમણે કાયમી કર્મચારી જેટલું પેન્શન આપવાની માગણી કરતી અરજી પટણા હાઇકોર્ટમાં કરી હતી.

હાઇકોર્ટે આ માગણી ફગાવી દીધી હતી અને અરજી રદ કરી નાખી હતી. બાદમાં મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો, સુપ્રીમે પટણા હાઇકોર્ટના ચુકાદાને રદ કરીને કર્મચારીઓની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

## નેપાળની નવી કસ્ટમ સીસ્ટમ ફેઈલ : ભારતની સીમા પર મોટરો, ટ્રકો, માલ રીક્ષાનો જમાવડો : દલાલોને ધૂમ કમાણી

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : નેપાળ સરકારે ભારતથી આવતી ગાડીઓ માટે નવી 'ઓનલાઇન કસ્ટમ્સ' વ્યવસ્થા હાયર કરી છે તેની અસર બંને બાજુના નાના વેપારીઓ ઉપર પડી રહી છે, જથ્થાબંધ વેપારીઓ ઉપર પણ પડી છે, તેથી આ નિર્ણય 'બેકફાયર' થઈ છે, તેમ સ્પષ્ટ લાગે છે. નેપાળ સીમા ઉપર મોટરો, ટ્રકો, માલ રીક્ષાઓનો જમાવડો થાય છે અને તેમને ૩ થી ૪ કલાક રાહ જોવી પડે છે. ટેકનિકલ સહાયતા ઓછી હોવાથી તેમને દલાલોનો સહારો લેવો પડે છે.

નેપાળે તાજેતરમાં જ ભારતમાંથી નેપાળ આવનારા વાહનો માટે ઓનલાઇન ટેમ્પરરી ઈમ્પોર્ટ ઓફ વ્હીકલ્સ (ટીઆઈવી) સીસ્ટીમ લાગુ કરી છે. તે નીચે ભારતમાંથી નેપાળમાં જનારા વાહનોએ વાહનની માહિતી ઓનલાઈન ભરવી પડે છે. કસ્ટમ્સ ટેક્ષ પણ ઓનલાઇન જમા કરવો પડે છે. પછી એક ક્યુઆર કોડ મળે છે જે સીમા પર દર્શાવતાં પ્રવેશ મળે છે. પહેલાં લોકોએ ચેક પોસ્ટ પર જઈ કાગળીયા ભરવા પડતાં હતાં. પરંતુ સરકારે સંપૂર્ણ પ્રક્રિયા ડીજીટલ કરી નાખી છે. સરકાર કહે છે કે તેથી સીમા ઉપર ભીડ ઓછી થશે પરંતુ તેથી ઉલટું જ થાય છે. આ પગલું 'બેકફાયર' થયું છે.

# ભચાઉમાં અખિલ કચ્છ શ્રીમાળી સોની સમાજની કારોબારીની બેઠક મળી



## સંસ્થાના પ્રમુખ તરીકે કિરીટભાઈ સોનીની સર્વાનુમત્તે વરણી કરાઈ

મુન્દ્રા - કચ્છ ઉદય : અખિલ કચ્છ શ્રીમાળી સોની સમાજની કારોબારીની બેઠક ભચાઉ ખાતે મળી હતી. જેમાં સંસ્થાના પ્રમુખ તરીકે કિરીટભાઈ પ્રાણલાલ સોનીની બીજી ટર્મ માટે સર્વાનુમત્તે વરણી કરાઈ હતી.

વર્તમાન કારોબારીની મુદ્દત પુરી થતી હોવાથી નવી કારોબારીની રચના તેમજ પ્રમુખની વરણી માટેનો એજન્ડા ચર્ચામાં લેવામાં આવ્યો હતો. સમગ્ર કચ્છમાંથી ઉપસ્થિત સંસ્થાના હોદ્દેદારો, કારોબારી સભ્યોના મંતવ્ય લેવામાં આવ્યો હતો. સમગ્ર કચ્છમાંથી ઉપસ્થિત સંસ્થાના હોદ્દેદારો, કારોબારી સભ્યોના મંતવ્ય લેવામાં આવ્યા હતા ત્યારબાદ ભુજપુરના કિરીટભાઈ પ્રાણલાલ સોનીના નામની દરખાસ્ત મૂકવામાં આવી હતી. ઉપસ્થિત સભ્યોએ ટેકો આપતા કિરીટભાઈની સંસ્થાના પ્રમુખ પદે બીજી વખત સર્વાનુમત્તે વરણી કરવામાં આવી હતી.

પ્રારંભમાં મહામંત્રી રશ્મીકાંત ઝિઝુવાડિયા તેમજ મંત્રી દિનેશભાઈ પારેખે વર્તમાન કારોબારીની કામગીરીની છણાવટ કરી હતી. તેમજ ઉપસ્થિત સમાજના અગ્રણીઓને આવકાર્યા હતા. સંસ્થાના સ્થાપક પ્રમુખ ચંદુભાઈ ચાંપાનેરિયા, સુરેશભાઈ કોઢિંયા, માંડવી સમાજના પ્રમુખ રશ્મીકાંત ઝિઝુવાડિયા, મુન્દ્રા સમાજના પ્રમુખ રાજેન્દ્ર પાટડિયા, ગાંધીધામ સમાજના પ્રમુખ બ્રિજેશભાઈ પાટડિયા, ભચાઉ સમાજના પ્રમુખ પી. એમ. પાટડિયા, રાપર સમાજના પ્રમુખ વિનોદભાઈ સોની, આદિપુર સમાજના પ્રમુખ જેઠાલાલ સોની, અખિલ કચ્છના હોદ્દેદારો દિનેશભાઈ ચાંપાનેરિયા, ભરતભાઈ સોની, મહેશભાઈ સોની, મનોજભાઈ સોની ઉપરાંત કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને વરાયેલા પ્રમુખને શુભેચ્છા પાઠવી હતી. આભારવિધિ હરીશ માંડલિયાએ કરી હતી.

# બરસાના ધામમાં 'વ્રજપ્રભા ગ્રંથ પારાયણ'નો મંગલ પ્રારંભ







## મુંબઈ અને કચ્છથી મોટી સંખ્યામાં રસિકજનો ઉમટ્યા

ગાંધીધામ - કચ્છઉદય :ઉત્તરપ્રદેશના સુપ્રસિદ્ધ યાત્રાધામ બરસાના નજીક આવેલા ચીકસોલી ગામના રાસ મંડપ ખાતે 'શ્રીમદ્ શ્રી વ્રજપ્રભા ગ્રંથ પારાયણ' જ્ઞાન સપ્તાહનો મંગલ પ્રારંભ ભક્તિભાવપૂર્ણ માહોલમાં થયો છે. નિજાનંદ સંપ્રદાયના ગાદીપતિ તથા અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત પૂજ્ય શ્રી ત્રિકમદાસજી મહારાજના વ્યાસાસને આ ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.આ ધાર્મિક મહોત્સવના મુખ્ય મનોરથી માતૃશ્રી કર્માબેન રણછોડભાઈ રાધુભાઈ રાવત પરિવાર છે. કથાના પ્રથમ દિવસે બરસાના સ્થિત માતાજી ગૌશાળાથી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં રસીકજનોએ ભાગ લીધો હતો. કથાના મંગલાચરણ બાદ યજમાન રાવત પરિવાર દ્વારા વિધિવત રીતે પોથી પૂજન અને ગુરુપૂજન કરવામાં આવ્યું હતું. આ તકે ભગવાનદાસજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. સાત દિવસીય આ જ્ઞાન સપ્તાહ દરમિયાન વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર જોવા મળશે. તા. ૩ જૂને શ્રી રાધા મહારાણીનો જન્મોત્સવ ઉજવાશે. તા. ૪ જૂને શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે રાજસ્થાનના પ્રખ્યાત રાધે ઉપાસક ગોવત્સ વિઠ્ઠલજી ભજનની રમઝટ બોલાવશે. તા. ૫ જૂને ગોવર્ધન પૂજન સાથે સાંજે લલિતા સખીના જન્મસ્થળ ઊંચાગામ ખાતે કચ્છના ખ્યાતનામ ગાયક નંદલાલ છાંગાના સુમધુર સ્વરો સાથે ભવ્ય રાસોત્સવ યોજાશે. જ્યારે તા. ૬ જૂને શ્રી રાધારાણી અને શ્રીકૃષ્ણનો અલૌકિક વનવિવાહ ઉત્સવ ઉજવાશે.

આ ભવ્ય ધાર્મિક મહોત્સવને લઈ કચ્છ અને મુંબઈના રસિકજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મોટી સંખ્યામાં રસિકજનો બરસાના ધામે પહોંચી રહ્યા છે.

# JEE Advanced-૨૦૨૬ All India Rank-૧૩૫ સાથે મોદી સ્કૂલના જાડેજા મોક્ષરાજસિંહ સમગ્ર રાજકોટ જીલ્લામાં પ્રથમ સ્થાને



ગાંધીધામ - કચ્છઉદય : જાહેર થયેલ JEE Advanced-૨૦૨૬ના પરિણામમાં AIR TOP ૨૦૦૦ (All Category Rank)માં ૪૦ વિદ્યાર્થીઓ સાથે સમગ્ર સૌરાષ્ટ્રમાં મોદી સ્કૂલ પ્રથમ સ્થાને રહેલ છે, જેમાં જાડેજા મોક્ષરાજસિંહ AIR-135 (EWS Rank-10), અજુડીયા આયુષ AIR-451, સરધારા જય AIR- 604 (EWS Rank-58), રૈયાણી ભવ્ય AIR-638 (EWS Rank-63) મેળવી શાળા તેમજ રાજકોટ જીલ્લાનું ગૌરવ વધારેલ છે.JEE Mains-૨૦૨૬ ના પરિણામોમાં પણ મોદી સ્કૂલના રેકર્ડબ્રેક પરિણામ રહ્યું હતું. જ્યાં સમગ્ર રાજકોટના ટોપ ૪ માં ૩ વિદ્યાથીઓં સાથે AIR Top-500 માં ૪ વિદ્યાથીઓં તથા ૯૯+ PR કે તેથી વધુ ૭૪ વિદ્યાથીઓ, ૯૮+ PR કે તેથી વધુ ૧૩૦ વિદ્યાથીઓં, ૯૭+ PR કે તેથી વધુ ૧૮૮ વિદ્યાથીઓ, ૯૫+PR કે તેથી વધુ ૨૭૬ વિદ્યાથીઓ સાથે મોદી સ્કૂલ ટોચ પર રહી છે.ધોરણ ૧૨ સાયન્સ ૨૦૨૬ માં બોર્ડ પ્રથમ ૯૯.૯૯ PR સાથે ૩ વિદ્યાર્થીઓ, બોર્ડ ટોપ-ટેનમાં ૨૬ વિદ્યાર્થીઓ, A-૧ ગ્રેડમાં ૬૭ વિદ્યાર્થીઓ જે સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં સૌથી વધુ છે. ગત વર્ષે મોદી સ્કૂલના ૨૬૯ વિદ્યાથીઓને MBBS માં પ્રવેશ મેળવેલ જે સૌરાષ્ટ્ર-કચ્છમાં સૌથી વધુ છે. વર્ષ-૨૦૨૬ના NEET ના પરિણામોમાં પણ સ્કૂલ ઉત્કૃષ્ટ પરિણામ માટે કટિબદ્ધ છે. મોદી સ્કૂલનાં શ્રેષ્ઠ પરિણામ બદલ સ્કૂલનાં સંસ્થાપક ડૉ. રશ્મિકાંત મોદી સર, પારસ સર, હીત સર, ધવલ સર તથા આત્મન સર એ બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે તથા સારી કારકિર્દી બનાવીને સ્કૂલ તથા માતા-પિતાનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવી છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

# ગાંધીધામમાં નિ:શુલ્ક મેડિકલ કેમ્પ તથા છાશ વિતરણનું આયોજન કરાયું




## જાયન્ટ્સ ગ્રુપ ઓફ મારવાડી અને મારવાડી યુવા મંચ દ્વારા માનવ સેવા અને પુણ્ય કાર્યના હેતુથી યોજાયેલા સેવા યજ્ઞમાં મોટી સંખ્યામાં લોકોએ લીધો લાભ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતા જાયન્ટ્સ ગ્રુપ ઓફ મારવાડી, ગાંધીધામ અને મારવાડી યુવા મંચ, ગાંધીધામના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય અને નિ:શુલ્ક મેડિકલ તપાસ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીધામ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ખાતે આવેલી લોટસ રિસાયકલિંગ કંપનીમાં સોમવારે સવારે ૯ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા દરમિયાન આ કેમ્પ યોજાયો હતો. આ નિ:શુલ્ક સ્વાસ્થ્ય તપાસ કેમ્પમાં હાજર રહેલા નાગરિકો માટે ડાયાબિટીસ, હીમોગ્લોબિન અને બ્લડ ગ્રુપની વિનામૂલ્યે તપાસ કરી આપવામાં આવી હતી. સંસ્થાઓ દ્વારા આયોજિત આ પુણ્ય કાર્ય અને માનવ સેવામાં ગ્રુપના સભ્યો સહિત સ્થાનિક લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સહભાગીતા નોંધાવી હતી.

આ ઉપરાંત, હાલમાં પડી રહેલી અસહ્ય અને ભીષણ ગરમીના પ્રકોપને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા એક વિશેષ અને પ્રશંસનીય કદમ ઉઠાવવામાં આવ્યું હતું. અધિક માસના પવિત્ર યોગ અને અતિશય ગરમીથી રાહત આપવાના આશય સાથે રવિવારે રેલવે સ્ટેશનની સામે, પુલ નીચે, સરદાર પટેલની મૂર્તિ પાસે ૧૦૦ લીટર ઠંડી, સ્વાદિષ્ટ અને મસાલેદાર છાશના વિતરણનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. વટેમાર્ગુઓ અને જરૂરિયાતમંદ લોકોએ આ શીતળ છાશનો સ્વાદ માણીને ગરમીમાં રાહત અનુભવી હતી. આ સમગ્ર સેવા યજ્ઞને સફળ બનાવવા માટે જાયન્ટ્સ ગ્રુપ ઓફ મારવાડી, ગાંધીધામના પ્રમુખ સુનિલ બજાજ અને મંત્રી ઓમપ્રકાશ સરિયાલાએ તમામ ઉર્જાવાન સભ્યોની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિ અને સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો તેવું મીડિયા પ્રભારી અશોકભાઈ મિત્તલની યાદીમાં જણાવાયું હતું.

# કચ્છના કલાકારને કલાગુરૂ રવિશંકર રાવલ એવોર્ડ અને યુવા કલાકારને રસિકલાલ પારેખ એવોર્ડ




ગાંધીધામ - કચ્છઉદય : ગુજરાત રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ કલાકાર અને યુવા કલાકારનો એવોર્ડ મેળવીને પિતા અને પુત્રએ કચ્છ જિલ્લાનું નામ રોશન કર્યું છે. ગુજરાત રાજ્ય કલાશિક્ષક સંઘ દ્વારા ૨૪મો કલાકારો, ચિત્રશિક્ષકો અને વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ લાયન્સ હોલ, આણંદ ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં કલાકારોને સન્માનપત્ર, શાલ, મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં કચ્છના જાણીતા કલાકાર બુઝ્ઝીબાબુ દોંગાને આણંદ ખાતે કલાક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન બદલ રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ કલાકાર સન્માન કલાગુરૂ રવિશંકર રાવળ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. તેમના પુત્ર લક્ષ દોંગાને કલાક્ષેત્રે નાની ઉંમરે ચિત્રકલા ક્ષેત્રે તેમની વિશિષ્ટ સિદ્ધિઓ માટે તેમને રાજ્ય સ્તરે બાલ કલાકાર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘના આધ સ્થાપક અરવિંદ વાકાણી, આંતરરાષ્ટ્રીય કલાકાર અશોક ખાંટ, પેન્શનર યુનિયનના પ્રમુખ વિપિનભાઈ પંડ્યા અને જાણીતા આર્કિટેક્ટ મયંક રાવલ દ્વારા શાલ ઓઢાળી, મોમેન્ટો અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રમુખ પરેશ સેવક, મહામંત્રી જિજ્ઞેશ લિંબચીયા અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કલાકાર કમલેન્દુ મહેતા ગુજરાતી ફિલ્મ અભિનેત્રી વિશ્વા રાવલની ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવ્યો હતો. આણંદ જિલ્લા ચિત્ર શિક્ષકોએ સમગ્ર આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# કચ્છનોંધ

**મહારાઓ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય**

● વાર્ષિક સામાન્ય સભા તા.૧૪-૬ને રવિવારનાં સવારના ૧૦ વાગ્યે સંસ્થાના મકાનમાં પ્રમુખ ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને વાર્ષિક હિસાબો, બજેટ તથા નવા સભ્યોની ચૂંટણીના કામે સર્વ સભ્યોની ઉપસ્થિતિમાં.

**કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા**

● કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે સેલ્ફ ડિફેન્સ તલવાર બાજી, લાઠી દાવમાં રસ ધરાવતા રસિકો માટે તાલીમ બેન્ચ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. તો રજીસ્ટ્રેશન નોંધણી માટે જ્યોતિબેન ગોહિલનો સંપર્ક કરવો.

**જે.બી. ઠક્કર કોમર્સ કોલેજ**

● બીકોમ સેમ-૧ ૨૦૨૬-૨૭ નું મેરીટ-૧ જાહેર કરવામાં આવેલ છે. કોલેજની વેબસાઈટ jb thacker college bhuj. orgમાં Circularsમાંથી ચેક કરી, મેરીટમાં આવેલ વિદ્યાર્થીએ તેમના Gcas લૉગિનમાંથી ઓફર જનરેટ કરી કૉલેજ ખાતે તા.૨-૬ થી તા.૬-૬ સુધી સવારે ૯ થી ૧૨ દરમિયાન એડમિશન મેળવી જવું. તમામ ઓરિજિનલ ડોક્યુમેન્ટસ તેમજ તેની નકલ સાથે રાખવી.

**પ્લાઝ્મા ગ્રુપ**

● પ્લાઝ્મા ગ્રુપ દ્વારા તા. ૨/૬ને મંગળવારથી ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓ માટે માધાપર ખાતે સ્પેશિયલ ગણિત માટેના નિ:શુલ્ક વર્ગો શરૂ થવા જઈ રહ્યા છે, જેમાં વિદ્યાર્થીઓને જોડાવા અનુરોધ કરાયો છે.

# પુના ખાતે યોજાયેલ શાસ્ત્રીય નૃત્યની રાષ્ટ્રીય સ્પર્ધામાં છવાયા કચ્છ સિંક્રોના કલાકારો




આદિપુર : પરફોર્મિંગ આર્ટ્સ સાથે સંકળાયેલી પુના મહારાષ્ટ્રની અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ સંસ્થા દ્વારા દર વર્ષે યોજાતી ગ્લોબલ કાઉન્સિલ ઓફ આર્ટ એન્ડ કલ્ચરલ સ્પર્ધામાં આ વર્ષે કચ્છ આદિપુરની સિક્રો અકાદમીની નૃત્યાંગનાઓ ઝળકી હતી.



સેમી ક્લાસીકલ સિનિયર ટ્રાયો વિભાગની સ્પર્ધામાં રિતિકા બલદાનીયા , ભૂમિ કેસવાની અને પ્રાચી ચાવડા એ પ્રથમ ક્રમાંક અને સેમી ક્લાસિકલ યુથ કેટેગરીમાં આ ત્રણ કલાકારો ઉપરાંત જાહ્નવીબા જાડેજા, કસક ખેસકવાની, પ્રાંજલી ખારોડ, માહી રાઠોડ, દેવાંશી કેનિયા રહ્યા હતા જેમણે દ્વિતીય ક્રમાંક મેળવ્યો હતો. અને એમાં પ્રથમ ક્રમાંક કોઈ પણ કલાકારને પ્રાપ્ત થયો ન હતો.બંને નૃત્યમાં અકાદમીના કલાગુરુ નિરાલી પંડ્યાનું માર્ગદર્શન રહ્યું હતું તો અકાદમીના ડાયરેક્ટર કૌશલ છાયા એ કલાગુરુ અને વિજેતા નૃત્યાંગનાઓ સહિત એમના કુટુંબીજનોને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા સાથે સાથે આ ભારતીય પરંપરાને જાળવી રાખવા શાસ્ત્રીય નૃત્ય શૈલીનો પ્રચાર કરવા પર ભાર મૂક્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રેડિંગ સિસ્ટમ મુજબ અપાતા રેંકિંગ માં પોતાના વિભાગમાં પહેલો નંબર અને બીજો નંબર મેળવનાર આ આ એક માત્ર અકાદમી રહી હતી.

# પૂર્વ કચ્છ જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા મસાલ રેલી યોજાઈ





ગાંધીધામ - કચ્છઉદય : પૂર્વ કચ્છ જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા યુવક કોંગ્રેસમાં યુવા હોદેદારોને જોડવામાં આવ્યા જેમાં ઉપપ્રમુખ મહામંત્રી મંત્રી પ્રવક્તાની નિમણૂકી સર્કિટ હાઉસ ખાતે આપવામાં આવી જેમાં રાષ્ટ્રીય યુવક કોંગ્રેસના મંત્રી ગુજરાત પ્રભારી નિખિલ દિવેદીજી ગુજરાત યુવક કોંગ્રેસ પ્રમુખ પ્રવીણસિંહ વણોલ, પ્રદેશ યુવક કોંગ્રેસ ઉપપ્રમુખ અબરાર સમા, ગુજરાત યુવક કોંગ્રેસ મંત્રી જોબ જોહન, પશ્ચિમ કચ્છ જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ રાજદીપ દેવધર, કે કે સી પ્રમુખ ભરતભાઈ સોલંકી, જિલ્લા કોંગ્રેસ મહામંત્રી ચેતનભાઈ જોશી, ઓલ ઈન્ડિયા કોંગ્રેસ પ્રભારી હકુભા જાડેજા, ગાંધીધામ મહાનગરપાલીના ના કોર્પોરેટર સચિન ગુસાઇ, કિરીટભાઈ વણકર, રામજીભાઈ ધુઆ ઉપસ્થિત રહી યુવા કોંગ્રેસ માં નવા વરાયેલા યુવાનોને શુભેચ્છાઓ આપી તે પછી સર્કિટ હાઉસથી મસાલ રેલી કાઢી નીટ પરીક્ષા પેપર લિક પેટ્રોલ ડીઝલ ભાવ વધારાનો વિરોધ દર્શાવી રેલી ઓસ્લો સર્કલ ડૉ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા એ ફુલહાર કરી ત્યાં જનતાને મેલોડી ચોકલેટ ખવડાવીને સમાપ્ત કરવામાં આવી જેમાં યુવક કોંગ્રેસના તમામ હોદેદારો હાજર રહ્યા હતા.

# અવસાન નોંધ

**ગાંધીધામ** : મૂળ કમાલપુર (ભાલ)ના સાહેબસિંહ પ્રભાતસિંહ ઝાલા (ઉ.વ. ૭૯) તે બલભદ્રસિંહ ઝાલા (પી. એસ.આઈ.-ગાંધીધામ)ના પિતા, લખપતસિંહ ભેરૂભા (નિવૃત્ત એ.એસ.આઈ.), રઘુવીરસિંહ (ભુજ), જિતેન્દ્રસિંહ જગુભા (નાની ખેડોઈ)ના કાકા, વિજયસિંહ ગંભીરસિંહ (કે.પી.ટી.)ના મોટાબાપા, રાજવીરસિંહના દાદા, જયપાલસિંહ બટુકસિંહ જાડેજા (મંજલ તરા)ના મામા, મયૂરસિંહના નાના તા. ૨૨-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૫-૫-૨૦૨૬ના સાંજે ૪થી ૬ ઓફિસર્સ કલબ હોલ, ગોપાલપુરી, ગાંધીધામ ખાતે. ઉત્તરક્રિયા તા. ૨-૬-૨૦૨૬ના નિવાસસ્થાન ડી-૫૮, ડી.પી.એ. કોલોની, ગોપાલપુરી ખાતે.

**અંજાર** : બાયડ સોનબાઈ હાજી રમજાન (ઉ.વ. ૯૫) તે મ. બાયડ હાજી રમજાન અલીમામદના પત્ની, હાજી સુલેમાન, ઉમર, અબ્દુલ (અભુભાઈ), ગની, અનવર, હાજી કાસમના માતા, મ. બાયડ હુશેન અલીમામદ (પટેલ), બાયડ આમર (ભુજ)ના ભાભી તા. ૩૧-૫ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૩-૬ના સવારે ૧૦થી ૧૧ ભાઈઓ માટે હાજીપીર મસ્જિદ તથા બહેનો માટે નિવાસસ્થાને.

**નાગલપુર (તા. માંડવી)** : વીરજી કરશન રાબડિયા (ઉ.વ. ૭૧) તે સ્વ. રાધાબેન કરસન નાનજી રાબડિયાના પુત્ર, રાધાબેનના પતિ, મનસુખ, નીતિન, વિલાસના પિતા, લાલજી કરશન રાબડિયા, સ્વ. વાલજી કરશન રાબડિયા, સ્વ. મૂરજી કરશન રાબડિયા, સ્વ. પ્રેમજી કરશન રાબડિયા, ગં.સ્વ. રામબાઈ મેઘજી વેકરિયા, સ્વ. મેઘબાઈ કાનજી, સ્વ. ધનબાઈ હરજી ભુડિયા, ગં.સ્વ. વિરબાઈ રામજી વેકરિયાના ભાઈ, ગં.સ્વ. લાલબાઈ લાલજી હીરાણીના જમાઈ તા. ૩૧-૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૬ના સવારે ૭થી ૮ ભાઈઓ માટે સામજીભાઈ શ્રીજી મંડપની વાડીએ અને બહેનો માટે નિવાસસ્થાને નાગલપુર (તા. માંડવી) ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**
**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**
**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ**

**સલાયા (તા. માંડવી)** : સમા કાસમ આમદ (ઉ.વ. ૬૫) તે મહંમદ સેજાદના પિતા, ફકીરમામદના ભાઈ, સિકંદર અને સોયબના મોટા બાપા તા. ૩૦-૫ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૩-૬ના બુધવારે સવારે ૧૦થી ૧૧ બિલ્લાલ મસ્જિદ સલાયા મધ્યે.

**આશરાણી (તા. માંડવી)** : ગુંસાઈ શંભુગર મલુગર (ઉ.વ. ૬૭) તે શાંતાબેન મલુગરના પુત્ર, શારદાબેનના પતિ, ગોવિંદગર, સ્વ. ચંદુગર, સ્વ. દિનેશગર, સ્વ. લક્ષ્મીબેન (વડઝર), ગં.સ્વ. દેવકાબેન (નવાવાસ), દિનાબેન (દેશલપર - કંઠી)ના મોટા ભાઈ, મૂળ મોટા ભાડિયા હાલે આશરાણીના રામગર, સ્વ. વેલગર, નારાયણગર, સ્વ. પરેશગરના કાકાઈ ભાઈ, ભાવેશગર, વસંતગરના પિતા, મનીષાબેન, અંજલિબેનના સસરા, ગૌતમ, પ્રાચી, નૈતિક, જીયા, જનકના દાદા, મેહુલ, ઉમેશ, ભરત, સ્વ. પરેશના મોટાબાપા, સ્વ. લક્ષ્મીબેન શંભુગર (ગઢશીશા)ના જમાઈ, અરવિંદગર, રમેશગર, દમયંતીબેન, શોભનાબેન, મીનાબેન, ચંચલબેનના બનેવી, ભારતીબેન અરવિંદગરના નણદોઈ તા. ૩૧-૫ના અવસાન પામ્યા છે. બંને પક્ષની સાદડી તા. ૨-૬ના સંગાર સમાજવાડી, આશરાણી ખાતે.

**નાની ભુજપુર (તા. મુંદરા)** : લખમણ મેઘરાજ રાગ તે જેતબાઈના પતિ, સામત, ભીમશી, પાલુ, સ્વ. ખીમશ્રી, દેવશ્રીબેનના પિતા, વીરબાઈ ડોસા કારિયા, માકબાઈ લખમણ સાખરાના ભાઈ તા. ૨૪-૫-૨૦૨૬ના અવસાન પામ્યા છે. સાદડી, ઉત્તરક્રિય (પાણી) તા. ૩-૬-૨૦૨૬ના બુધવારે ચારણ સમાજવાડી ખાતે.

# રત્નકણિકા

ઉત્સાહ વગર ક્યારેય કોઇ મહાન ધ્યેય પ્રાપ્ત થઇ શકતું નથી.- એમર્સન

# પંચાગ

કનકચંદ્ર સી. વ્યાસ

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. દએ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ વદ-૨, તા.૨ જૂન ૨૦૨૬, મંગળવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૧૬, મૂળ નક્ષત્ર, સાધ્ય યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.


# આપની આવતી કાલ કેવી જશે...?

કનકચંદ્ર સી. વ્યાસ

- **મેષ**: કર્મચારીઓના પ્રશ્નોથી મનોભાર રહે. ધંધા-ઉદ્યોગ માટે દોડાદોડી કરવી પડે.
- **વૃષભ**: મળેલી તક ઝડપી લેવી. અગત્યના નિર્ણયો લઇ શકાય.
- **મિથુન**: પડવા-વાગવાથી સંભાળવું. આનંદમય દિવસ રહે.
- **કર્ક**: નવિન ખરીદી કરી શકાય. ગૃહજીવનમાં આનંદ રહે.
- **સિંહ**: કાર્યની રૂકાવટ દૂર થાય. રચનાત્મક કાર્ય પ્રત્યે રૂચિ રહે.
- **કન્યા**: ધારેલા કાર્યો કરી શકાય. જૂના લેણા મળે.
- **તુલા**: અકસ્માતનો ભય. નાણાંભીડ રહે.
- **વૃશ્ચિક**: આકસ્મીક લાભ થાય. સંદેશો લેવા-આપવામાં અનુકૂળતા રહે.
- **ધન**: મિલન-મુલાકાતમાં સફળતા. ઉત્સાહ-ઉમંગ રહે.
- **મકર**: શુભ ફળ મળે. ભૌતિક લાભ મળે.
- **કુંભ**: લાંબાગાળાના પ્રશ્નો વિલંબમાં પડે. ધીરજના ફળ મીઠા મળે.
- **મીન**: આર્થિક લાભ રહે. મિત્રોનો સહકાર મળે.

# ગાંધીધામના નવનિયુક્ત હોદ્દેદારોનું ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી દ્વારા સન્માન અને માર્ગદર્શન




ગાંધીધામ : ગાંધીધામ મનપાના નવનિયુક્ત મેયર શ્રીમતી દિવ્યાબેન નાથાણી, ડેપ્યુટી મેયર શ્રી નવીનભાઈ ઝરૂ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી તેજસભાઈ શેઠ, શાસક પક્ષના નેતા શ્રી ભરતભાઈ મીરાણી તથા દંડક શ્રી સુરેશભાઈ ધુંવા સહિતના હોદ્દેદારોનું આજે ગાંધીધામના ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી દ્વારા ઉષ્માભર્યું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય માલતીબેને તમામ નવનિયુક્ત હોદ્દેદારોને પુષ્પગુચ્છ અર્પણ કરી તથા સાલ ઓઢાડી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નવી ટીમ ગાંધીધામ શહેરના સર્વાંગી વિકાસ, નાગરિક સુવિધાઓના વિસ્તરણ અને જનહિતના કાર્યોમાં નવી ઊર્જા સાથે કાર્ય કરશે.

માલતીબેન મહેશ્વરીએ નવનિયુક્ત ટીમને જણાવ્યું હતું કે જનતાએ જે વિશ્વાસ અને જવાબદારી સોંપી છે તેને પ્રાથમિકતા આપીને પારદર્શક, જવાબદાર અને સેવાભાવી વહીવટ સુનિશ્ચિત કરવો જોઈએ. તેમણે શહેરના વિકાસલક્ષી પ્રોજેક્ટ્સને ઝડપી ગતિએ આગળ વધારવા, સ્વચ્છતા, પાણી, માર્ગો, સ્ટ્રીટ લાઈટ સહિતની મૂળભૂત સુવિધાઓને વધુ મજબૂત બનાવવા અને નાગરિકોની સમસ્યાઓનું સમયસર નિરાકરણ લાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગાંધીધામના વિકાસ માટે રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્ર વચ્ચે સુમેળપૂર્ણ સંકલન જરૂરી છે. નવનિયુક્ત હોદ્દેદારોને ટીમ ભાવના સાથે કાર્ય કરી શહેરને વિકાસના નવા શિખરો સુધી પહોંચાડવા અપીલ કરી હતી.આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરોએ પણ નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી અને ગાંધીધામના વિકાસ માટે સૌ સાથે મળીને કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.




## ચેસ ક્ષેત્રે ઝળકતી સિદ્ધિ : ભુજની યામી કોટક બની ચેસમાં 'FIDE રેટેડ' પ્લેયર



ભુજ-કચ્છઉદય : રમતગમત ક્ષેત્રે અને ખાસ કરીને બુદ્ધિના ખેલ ગણાતી ચેસની રમતમાં ભુજનું નામ વૈશ્વિક સ્તરે રોશન થયું છે. અહીંની આશાસ્પદ અને તેજસ્વી ચેસ ખેલાડી યામી કોટકે પોતાની અદ્ભૂત રમત અને સખત પરિશ્રમના જોરે ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન દ્વારા સત્તાવાર રીતે 'FIDE રેટેડ પ્લેયર'નો પ્રતિષ્ઠિત ખિતાબ હાંસલ કર્યો છે.

તાજેતરમાં યોજાયેલી રેપિડ ઈન્ટરનેશનલ ચેસ ટૂર્નામેન્ટમાં યામીએ વિવિધ રાજ્યો અને સ્તરના નામાંકિત ખેલાડીઓ સામે શાનદાર પ્રદર્શન કરીને જરૂરી પોઈન્ટ્સ મેળવ્યા હતા, જેના આધારે તેને આ આંતરરાષ્ટ્રીય રેટિંગ પ્રાપ્ત થયું છે. ખૂબ જ નાની ઉંમરે અને ટૂંકા ગાળામાં મેળવેલી આ સિદ્ધિ બદલ સમગ્ર ચેસ જગત અને સ્થાનિક રમતપ્રેમીઓમાં આનંદનો માહોલ છે.

યામી કોટકની આ ઐતિહાસિક સફળતા પાછળ તેના કોચ દક્ષ ઠક્કર, સિટિ ચેસ ક્લબનું યોગ્ય માર્ગદર્શન અને વ્યૂહાત્મક ટ્રેનિંગ તેમજ તેના માતા-પિતા ડો.માનસી, ડો. કશ્યપ કોટકનો અવિરત સહયોગ રહ્યો છે. કોચ દક્ષ ઠક્કરે જણાવ્યું હતું કે, યામી ખૂબ જ મહેનતુ, એકાગ્ર અને કુશાગ્ર બુદ્ધિ ધરાવતી ખેલાડી છે. ચેસ બોર્ડ પર તેની ચાલ અને રમવાની શૈલી આગવી છે. આગામી સમયમાં તે દેશ અને દુનિયામાં હજુ મોટું નામ કરશે તેવી અમને પૂરી શ્રદ્ધા છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ યામી કોટક પર ચારેય તરફથી શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

## નાની વિરાણીમાં કરંટ લાગતા મહિલાનું મોત

**નારાણપરમાં કડીયાકામ કરતો યુવક નીચે પટકાતા જીવ ગયો**

ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના નાની વીરાણી ગામે પરસોત્તમ વિશ્રામ વાસાણીની વાડીએ કામ કરતા મહિલાને કરંટ લાગતા જીવ ગયો હતો. આ બાબતે ગઢશીશા પોલીસમાંથી મળતી વિગતો મુજબ ૪૮ વર્ષિય લીલાબેન સુરેશભાઈ નાયકા વાડીએ આવેલા ઘરે હતા ત્યારે સવારે ૯ થી ૧૦ ના અરસામાં વીજ કરંટ લાગતા મોત થયું હતું. તેઓ મુળ છોટા ઉદેપુર જિલ્લાના સિથોલ ગામના છે અને અહીં ખેત મજુરી કરતા હતા. બનાવથી અરેરાટી ફેલાઈ હતી. આ તરફ ભુજ તાલુકાના નારાણપર ગામે કડીયાકામ કરતી વખતે યુવક નીચે પટકાતા ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું. નારાણપર ગામના ૪૦ વર્ષિય ઘનશ્યામભાઈ ભંડેરી સોમવારે સવારે મકાનનું પ્લાસ્ટર કરતા હતા ત્યારે આઠ ફુટ ઉંચાઈ પરથી પડી જતા સારવાર માટે જી.કે. જનરલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પોલીસ દ્વારા એડી દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. દરમ્યાન ભુજના કેમ્પ એરીયામાં આવેલા રેનબસેરામાં રહેતા માનસિક વ્યક્તિનું મોત થતા બી ડીવીઝન પોલીસે એડી દાખલ કરી હતી.

## કોટડા (ચ.)ના યુવાને અગમ્ય કારણોસર આપઘાત કર્યો

ભુજ - કચ્છઉદય : તાલુકાના કોટડા (ચકાર) ગામના યુવાને આપઘાત કર્યો હોવાનું જી.કે. જનરલ હોસ્પિટલ ચોકીએથી જાણવા મળ્યું હતું. આ બાબતે હોસ્પિટલ ચોકીએથી મળેલી માહિતી મુજબ કોટડા (ચકાર) ગામમાં રહેતા વિનય મહેશ્વરી નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ફાંસો ખાઈ લેતા સારવાર માટે જી.કે.માં લાવવામાં આવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પોલીસને જાણ કરવામાં આવી હતી.


મોદી સ્કૂલ | GSEB | CBSE | SINCE 1999
નર્સરી થી ધો. 12
સાયન્સ | કોમર્સ | આર્ટ્સ
રાજકોટ(રેગ્યુલર, બોર્ડીંગ), જામનગર

Result JEE Advanced 2026













All India Rank General Category
Under 1000 → 4 | Under 2000 → 12
Under 5000 → 22 | Under 10000 → 48 Students

Rajkot 70690 05242
Boarding 70690 05288
Jamnagar 70697 80808



**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**પોર્ટેબલ ડી.સી. વેલ્ડીંગ જનરેટર માટે સામગ્રીની આપૂર્તિ**

પખવાડિક ટેન્ડર જાહેરાત; ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી Sr. DMM અમદાવાદ સામગ્રીઓની આપૂર્તિ માટે નીચે જણાવેલ ઇલેક્ટ્રોનિક ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે. **અનું. નં. (1); સામગ્રીનું ટૂંકું વર્ણન:** પોર્ટેબલ ડી. સી. વેલ્ડીંગ જનરેટર; **જથ્થો:** 32 નંગ; **ટેન્ડર બંધ થવાની તારીખ:** 03/07/2026; ખરીદીના નિયંત્રણો અને વિગતવાર ટેન્ડરની શરતો સમાવતી વિગતવાર ટેન્ડર નોટિસ અંગે કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લેશો. મેન્યુઅલ ઑફરો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

ADI – 050

અમને લાઈક કરો: facebook.com/WesternRly




# હાર્દિક અભિનંદન



**મહાવીરસિંહ જાડેજા**
ઉપપ્રમુખશ્રી, કચ્છ જિલ્લા પંચાયત



**રિટાબા તખુભા જાડેજા (રાજુભા)**
તાલુકા પંચાયત સભ્ય, માજી સરપંચ, ભાનાડા


**તખુભા કનુભા જાડેજા (રાજુભા)**
પ્રમુખશ્રી, અબડાસા ફેર પ્રાઈઝ શોપ એસોસિયેશન
સેવા સહકારી મંડળી - પ્રમુખ - ભાનાડા


**જયેન્દ્રસિંહ જાડેજા**
પ્રમુખશ્રી, અબડાસા તાલુકા પંચાયત


**વિનોદ દરજી**
ઉપપ્રમુખશ્રી, અબડાસા તાલુકા પંચાયત


**પ્રવિણ ભાનુશાલી**
કારોબારી ચેરમેનશ્રી, અબડાસા તાલુકા પંચાયત


**રાજેશ્રીબેન ગઢવી**
શાસકપક્ષના નેતા, અબડાસા તાલુકા પંચાયત


**રિટાબેન ગોસ્વામી**
દંડકશ્રી, અબડાસા તાલુકા પંચાયત

આપશ્રીઓની ઉપરોકત હોદા પર વરણી થવા બદલ ખૂબ - ખૂબ શુભેચ્છાઓ...

-:: શુભેચ્છક ::-

**અબડાસા તાલુકા ફેરપ્રાઈઝ શોપ એસોસિયેશન - નલિયા**


## અદાણી ફાઉ. દ્વારા ૧૧ ગામોમાં આરોગ્ય કેમ્પમાં ૧૩૫૦થી વધુ લાભાર્થીઓની સારવાર કરાઈ

**કચ્છના અંતરિયાળ ગામોમાં આરોગ્ય સેવા પહોંચતી થઈ : અદાણી હોસ્પિટલ, મુન્દ્રા અને જી.કે. જનરલ હોસ્પિટલ, ભુજના સહયોગથી સ્પેશિયાલિટી અને સુપર સ્પેશિયાલિટી આરોગ્ય નિદાન તથા સારવાર કેમ્પોનું આયોજન**





ભુજ - કચ્છઉદય : કચ્છ જેવો વિશાળ અને વિસ્તરેલા જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય જાગૃતિ અને સુવિધાઓનો અભાવ આજે પણ એક મોટો પડકાર છે. આવા સમયમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા લેવામાં આવતી આરોગ્ય પહેલો ગ્રામ્ય જીવનમાં આશાનો કિરણ પુરવાર થઈ રહી છે. અદાણી હોસ્પિટલ, મુન્દ્રા અને જી.કે. જનરલ હોસ્પિટલ, ભુજના સહયોગથી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સ્પેશિયાલિટી અને સુપર સ્પેશિયાલિટી આરોગ્ય નિદાન તથા સારવાર કેમ્પોનું આયોજન કરીને ગામડાં સુધી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા પહોંચાડવામાં આવી રહી છે. કેમ્પોમાં આંખ, બાળરોગ, દાંત, હાડકાં, સ્ત્રીરોગ અને જનરલ ફિઝિશિયન જેવા ક્ષેત્રોના નિષ્ણાત ડોક્ટરો દ્વારા ગામે જ તપાસ અને સારવાર કરવામાં આવી હતી, દર્દીઓને તેમની આરોગ્ય સ્થિતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું, નિશુલ્ક દવાઓ આપવામાં આવી અને જરૂર મુજબ આગળની સારવાર માટે હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. એપ્રિલ અને મે ૨૦૨૬ દરમિયાન મુન્દ્રા તાલુકાના મોટા કાંડાગરા, લુણી, રામણીયા, ગેલડા, વાઘુરા, અંજારના તાલુકામાં વીરા, ભલોટ, દયાપર સાઈટ ખાતે દેશલપુર - ગુતલી, ઉગેડી, ખાવડા સાઈટ ખાતેનાના અને મોટા બાંધા ગામે કેમ્પોમાં ૧૩૫૦થી વધુ ગ્રામજનોએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો, જે ગ્રામ્ય આરોગ્ય ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પ્રગતિ દર્શાવે છે. અદાણી પોર્ટ્સના એક્સિક્યુટિવ ડિરેક્ટર રક્ષિતભાઈ શાહે જણાવ્યું હતું કે, અદાણી ફાઉન્ડેશનની આ પહેલો માત્ર સારવાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ ગ્રામ્ય સમાજમાં આરોગ્ય જાગૃતિ, વિશ્વાસ અને જીવનની ગુણવત્તામાં સુધારો લાવવાનો છે. અમારો ઉદ્દેશ કચ્છના દૂરદરાજ વિસ્તારોમાં પહોંચતી આ સેવાઓ એકસ્વસ્થ અને સશક્ત સમાજ નિર્માણ તરફ લઈ જવાનો છે. આ પહેલમાં જિલ્લા અને તાલુકા આરોગ્ય વિભાગ, ગ્રામ પંચાયતો, સરપંચો અને સ્થાનિક આગેવાનોનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો સાથે સાથે અદાણી ફાઉન્ડેશન દ્વારા સરકારની વિવિધ યોજનાઓ સાથે લાભાર્થીઓને જોડવાનું કાર્ય પણ સક્રિય રીતે કરવામાં આવ્યું હતું.


**Welspun CORP વેલસ્પન કોર્પ લિમિટેડ**

(CIN-L27100GJ1995PLC025609)

રજિ. કચેરી : વેલસ્પન સિટી, ગામ : વર્ષામેડી, તા. અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦ ૧૧૦
ટેલિ : +૯૧ ૨૮૩૬ ૬૬૨૨૨૨
કોર્પો. કચેરી : વેલસ્પન હાઉસ, કમલા મિલ્સ કંપાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩, ટેલિ : +૯૧ ૨૨૬૬૧૩૬૦૦
ઈમેઈલ : CompanySecretary_WCL@welspun.com, વેબસાઈટ : www.welspuncorp.com

**નોટિસ**

**(કંપનીના ઈક્વિટી શેરધારકો ધ્યાન આપે)**

**કંપનીનાં ઈક્વિટી શેર ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડમાં ટ્રાન્સફર અંગે**

આથી આ નોટિસ દ્વારા કંપનીના ઈક્વિટી શેરધારકોને જાણ કરવામાં આવે છે કે, કંપની ધારો, ૨૦૧૩ની કલમ ૧૨૪ (૬)ની જોગવાઈ અને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર એન્ડ રિફંડ) નિયમો, ૨૦૧૬ ('ધી આઈઈપીએફ નિયમો')ને વંચાણે લઈને તેમજ વખતોવખત સુધારણાને આધીન રહીને જે ડિવિડન્ડ વણચૂકવાયેલ હોય અથવા છેલ્લા આનુવંશિક સાત વર્ષ કે તેથી વધુ સમયથી દાવો થયેલ હોય તેવા ઈક્વિટી શેર ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ ('આઈઈપીએફ')માં ટ્રાન્સફર કરવામાં આવશે.

કંપની દ્વારા ગત આનુષંગિક સાત વર્ષમાં ડિવિડન્ડનો દાવો કરેલ નથી તેવા ઈક્વિટી શેરધારકોને તેમના રજિ. સરનામે જરૂરી વિગતો સામે જાણ કરવામાં આવેલ છે અને વણચૂકવાયેલ ડિવિડન્ડ મેળવવા માટે ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં દાવો કરવાની તક આપે છે.

કંપનીએ મજકુર ઈક્વિટી શેરધારકોની સઘળી વિગત વેબસાઈટ www.welspuncorp.com ઉપર પ્રસિદ્ધ કરી છે. તેમાં ફોલિયો નંબર/ડીપી આઈડી અને કલાયન્ટ આઈડી સાથે આઈઈપીએફ ખાતે ટ્રાન્સફર થનાર ઈક્વિટી શેરની તમામ માહિતી અપલોડ કરી છે.

નામ. કોર્ટ કે ટ્રિબ્યુનલ કે સ્ટેચ્યુટરી ઓથોરિટીના હુકમ અનુસાર જે ડિવિડન્ડનું ચૂકવણું કે ટ્રાન્સફર, ગીરો કે લિયન અંગે ડિપોઝિટરી કાયદો, ૧૯૯૬ની જોગવાઈ અનુસાર આઈઈપીએફ ખાતે ટ્રાન્સફર કરી શકશે નહીં.

તેથી જે શેરધારકો તરફથી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં માન્ય દાવો કરવામાં આવશે નહીં તેવા ઈક્વિટી શેર આઈઈપીએફમાં ટ્રાન્સફર કરવામાં આવશે, જે નીચે મુજબ છે :

(૧) **ફિઝિકલ સ્વરૂપે શેર** : આઈઈપીએફમાં ટ્રાન્સફર થયેલ નવા શેર પ્રમાણપત્ર ઈસ્યૂ કરવામાં આવશે તેથી નોંધાયેલા જૂના અસલ પ્રમાણપત્રો આપોઆપ રદ ગણાશે.

(૨) **ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર** : ડિપોઝિટરી દ્વારા કોર્પોરેટ રાહે આઈઈપીએફ ખાતે આપોઆપ ટ્રાન્સફર કરવામાં આવશે.

આથી આઈઈપીએફમાં ટ્રાન્સફર થયેલ આવા ઈક્વિટી શેર ડિવિડન્ડ અંગેનો દાવો રજૂ કરવા માટે ઓનલાઈન (વેબ ફોર્મ-૫) કંપનીની વેબસાઈટ www.mca.gov.in ઉપરથી ભરીને વણચૂકવેલ ડિવિડન્ડ માટે દાવો કરી શકાશે. આઈઈપીએફ ખાતામાં જમા થયેલ શેર ડિવિડન્ડ અંગે નિયત સમય બાદ અમાન્ય દાવો થશે તો કંપનીની જવાબદારી રહેશે નહીં તેની નોંધ લેવી.

શેરધારકોએ વધુ માહિતી / સ્પષ્ટતા માટે લખો કે સંપર્ક :

(૧) કંપની આરટીએ- એમયુએફજી ઇનટાઇમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સી-૧૦૧, એમ્બેસી ૨૪૭, એલ.બી.એસ. માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૩. ટેલિ : ૦૨૨-૪૯૧૮૬૨૭૦/૪૯૧૮૬૨૬૦, ઈમેઈલ : investor.helpdesk@in.mpms.mufg.com/iepf.shares@in.mpms.mufg.com;

(૨) કંપની સેક્રેટરી ડિપાર્ટમેન્ટ-વેલસ્પન કોર્પ લિમિટેડ, વેલસ્પન હાઉસ, પમો માળ, કમલા મિલ્સ કંપાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩. ટેલિ : ૦૨૨-૬૬૧૩૬૦૦૦, ઈમેઈલ : CS_WCL@welspun.com

વેલસ્પન કોર્પ લિમિટેડ વતી
સહી/-
કલમ રાઠી, કંપની સેક્રેટરી
એસીએસ-૧૮૧૮૨

સ્થળ : મુંબઈ
તારીખ : ૧લી જૂન, ૨૦૨૬



**જાહેર હરરાજી ૨૦૨૬-૨૭**

**ગુજરાત સરકાર**
**વન વિભાગ**
રેંજ ફોરેસ્ટ ઓફિસર, નખત્રાણા પશ્ચિમ રેંજ, ભુજ-કચ્છ.
મેઈલ nakhatranawest@gmail.com

નખત્રાણા પશ્ચિમ રેન્જ કચેરી ખાતે તથા મથલ નર્સરી ખાતે જૂના તથા બિનવપરાશી લોખંડ તથા પ્લાસ્ટિકના સામાનની હરરાજીની તા.૦૫/૦૬/૨૦૨૬, સવારે - ૧૧:૦૦ કલાકે, સ્થળઃ રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી, નખત્રાણા પશ્ચિમ રેંજ, બેરું રોડ, નખત્રાણા -કચ્છ ખાતે રાખવામાં આવેલ છે

રદી સમાન જોવાનો સમય :
રસ ધરાવનાર વ્યક્તિઓ કચેરી સમય દરમ્યાન (સવારે ૧૦ : ૩૦ કલાક થી ૧૮: ૧૦ કલાક) સુધી રૂબરૂ આવીને સામાનની ચકાસણી કરી શકશે.

વધુ વિગતો ઉકત કચેરીનો સંપર્ક કરવો.

રેંજ ફોરેસ્ટ ઓફિસર
નખત્રાણા પશ્ચિમ

(નામાનિ/કચ્છ/૧૯૦/૨૦૨૬-૨૭)



**નખત્રાણા નગરપાલિકા**

**જાહેર નિવિદા-ચોથો પ્રયત્ન**

આથી રસ ધરાવતા ઈસમો/એજન્સીઓ/ઢોર પકડવાની કામગીરીનો અનુભવ ધરાવતા ઈજારદાર પાસેથી નીચે જણવ્યા મુજબની વિગતે નખત્રાણા નગરપાલિકા હદ વિસ્તારમાંથી રખડતા ઢોરો પકડી નગરપાલિકા દ્વારા નિયત કરેલ જગ્યાએ પોતાના વાહનો મારફતે મુકવા સહીત (પ્રતિ ઢોર દીઠ) ના ભાવો મંગાવવામાં આવે છે.

ઉપરોકત કામ માટેના ભાવો પોતાના અસલ લેટર પેડ ઉપર મોકલી આપવાના રહેશે. તથા ભરેલ ભાવો સીલ બંધ કવરમાં તા.૦૯/૦૬/૨૦૨૬ સમયઃ સાંજે ૬.૧૦ સુધી ફકત રજીસ્ટર એ.ડી.પોસ્ટ મારફતે ચીફ ઓફીસરશ્રી, નખત્રાણા નગરપાલિકા, વિરાણી રોડ, નખત્રાણા-કચ્છ, પીન-૩૭૦૬૧૫ ને સમય મર્યાદામાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વધુ વિગતો માટે કચેરીના સમય દરમિયાન રૂબરૂમાં સંપર્ક કરી જરૂરી માહિતી મેળવી શકાશે. કવર પર ટેન્ડર/કામ ની વિગત અવશ્ય દર્શાવવાની રહેશે. મુદત બહાર આવેલ ભાવો સ્વીકારવામાં આવશે નહિ. આપેલ ભાવો/કામ/ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની આખરી સત્તા નગરપાલિકાને આબાધિત રહેશે.

જા. ન.નનાપા/નિવિદા/રખડતા ઢોર/૭૭૦/૨૦૨૬ તા.૩૦/૦૫/૨૦૨૬

ચીફ ઓફિસર
નખત્રાણા નગરપાલિકા

(નામાનિ/કચ્છ/૧૮૬/૨૦૨૬-૨૭)



**ભુજ નગરપાલિકા**

**ઓનલાઈન ટેન્ડર નિવિદા**

આથી ભુજ નગરપાલિકા દ્વારા Development of Aspirational Public Toilets in various Areas of Bhuj Municipality ના કામ અંગે ઓનલાઈન ટેન્ડર http://www.tender.nprocure.com/ ઉપર પબ્લીશ કરવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડર ભરવાની તા. ૦૨/૦૬/૨૦૨૬ થી ૧૮/૦૬/૨૦૨૬ ના સાંજે ૧૮:૦૦ કલાક સુધી રહેશે. તથા ફિઝીકલ ડોકયુમેન્ટ RPAD/SPEEDPOST થી ભુજ નગરપાલિકામાં રજૂ કરવાની અંતિમ તારીખ ૨૫/૦૬/૨૦૨૬ ના સાંજે ૧૮:૦૦ કલાક સુધી રહેશે. ઓનલાઈન ડોકયુમેન્ટ રજૂ કરનાર ઈજારદાર જ પાત્રતાના આધીન રહેશે. રસ ધરાવતી પાર્ટીઓએ ઉકત વેબસાઈટ પર બાકીની માહિતી મેળવી ટેન્ડર ભરવા. ભૌતિક ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

ભુનપા/SBM/૨૦૨૬
તા.૦૨/૦૬/૨૦૨૬

મુખ્ય અધિકારી
ભુજ નગરપાલિકા

(નામાનિ/કચ્છ/૧૮૪/૨૦૨૬-૨૭)

# રાયધણપર હિંસા મામલે કચ્છનો સનાતન સમાજ એકજુટ

## ગામમાં થાળે પડી રહ્યું છે જનજીવન : પોલીસ બંદોબસ્ત વચ્ચે તંત્ર પર વિશ્વાસ વ્યક્ત કરતા ગ્રામજનો

ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના રાયધણપર ગામમાં શુક્રવારની રાત્રે અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલા હિંસક હુમલા બાદ સમગ્ર કચ્છમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

શાંતિપ્રિય એવા આ ગામમાં ઈતિહાસમાં પહેલીવાર બનેલી આ હિંસક ઘટનાથી ગ્રામજનો સ્તબ્ધ થઈ ગયા છે. જોકે, આ કટોકટીના સમયમાં રાયધણપર એકલું નથી, પરંતુ સમગ્ર સનાતન સમાજ અને સંતગણ તેમની પડખે ઊભા હોવાનો સ્પષ્ટ સંદેશ વિવિધ સમાજિક સંગઠનો દ્વારા આપવામાં આવ્યો છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ કચ્છ આહીર મંડળના પ્રમુખ તેજાભાઈ કાનગડ, પદ્ધર વિભાગ આહીર સમાજના પ્રમુખ ધનજીભાઈ ચાવડા સહિતના અગ્રણીઓએ ગામની મુલાકાત લીધી હતી અને અસરગ્રસ્ત પરિવારોને સાંત્વના પાઠવી હતી. દરમિયાન, સોમવારે સવારે એકલધમ જગ્યાના મહંત દેવનાથ બાપુએ પણ રાયધણપર પહોંચી ગ્રામજનોને સંબોધતા આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, હિન્દુ સમાજ પર થતા આવા હુમલાઓ હવે કોઈપણ સંજોગોમાં સાંખી લેવામાં આવશે નહીં.

બીજીતરફ, આ હિંસક પથ્થરમારામાં ગંભીર રીતે ઘાયલ થયેલા રાજેશ અંબાલાલ આહીર નામના યુવાનની હાલત હજુ પણ ચિંતાજનક જણાવાઈ રહી છે.

હાલ ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા દ્વારા દરરોજ ઘટનાસ્થળની પરિસ્થિતિનું ઝીણવટભર્યું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા પગલાંથી સંતોષ વ્યક્ત કરીને ગ્રામજનોએ પોલીસ તંત્રમાં પોતાનો વિશ્વાસ પુનઃસ્થાપિત કર્યો છે. ઘટનાના ત્રીજા દિવસે ગામમાં જનજીવન ધીરે ધીરે સામાન્ય થઈ રહ્યું છે, પરંતુ હજુ પણ સમગ્ર વિસ્તારમાં ભારે તણાવ અને સતર્કતા જોવા મળી રહી છે.

## કચ્છના પ્રત્યેક ગામોમાં જઇ હિન્દુત્વને જાગૃત કરાશે : વિશ્વ હિન્દુ પરિષદ







ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના વરનોરા ગામના અમુક અસમાજિક તત્વો દ્વારા રાત્રે રાયધણપર જે હુમલો કરવામાં આવ્યો તેને અનુલક્ષીને રાયધણપર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આજુબાજુના ૧૦ ઉપરાત ગામોના અગ્રણી લોકોની બેઠકનું આયોજન કરવામાં આવ્યો હતું.

વિશ્વ હિન્દુ પરિષદ કચ્છ વિભાગના વાલી કિર્તીભાઈ જાટીએ જણાવ્યું હતું કે, જે અસામાજિક તત્વો દ્વારા આવી રીતે ખુલ્લેઆમ કોઈ ગામને બાન લેવું કેટલું વ્યાજબી ગણાય તેમને જણાવ્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આગામી દિવસોમાં પ્રત્યેક ગામોમાં જઈ સભાઓ યોજી સમિતિઓનુ ગઠન કરવામાં આવશે. સમાજિક તત્વોનો આર્થિક બહિષ્કાર પણ કરવામાં આવશે આજે ૧૦ ઉપરાંત ગામોના અગ્રણીઓને વિશ્વ હિન્દુ પરિષદ સંકલ્પ લેવડાવામાં આવ્યો હતો અને આવા તત્વોને ખુલ્લા પાડવા તમામ સનાતનની ભાઈઓએ એકથવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં સહમંત્રી દિનેશભાઈ ગજ્જર, દામજીભાઈ જાટીયા, હરિભાઈ જાટીયા સાથે આજુબાજુના ગામોના વિવિધ સમાજના મુખ્ય અગ્રણી લોકો ઉપસ્થિત રહ્યા હતા એમ પશ્ચિમ કચ્છ જિલ્લા મંત્રી નાજાભાઈ ભરવાડે જણાવ્યું હતું.

## થરાવડા ગામે કોમી એકતા સાથે લાલસા પીરનો ઉર્ષ યોજાયો





કોટડા (ચકાર) - કચ્છઉદય : ભુજ તાલુકાના થરાવડા ગામે લાલસા પીરનો મેળો યોજાયો હતો, જેમાં ગામના હિન્દુ મુસ્લિમ મળીને મેળાનું આયોજન કરે છે. સાંજે ન્યાઝનો પોગ્રામ પણ રાખવાના આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં હિન્દુ મુસ્લિમ - ભાઈ સાથે મળીને પ્રસાદી લીધી હતી અને રાત્રે જલાલસા બાપુ (સીનુંગ્રાવાળા) તકરીર કરી હતી.

જલાલશાહ બાપુએ જણાવ્યું હતું કે, મેળા થકી એકબીજા સાથે હળીમળીને રહીને આવા આયોજન કરવા જોઈએ. આવા આયોજનથી કોમી એકતામાં વધારો થાય છે.

એકબીજાને સાથે મળી હળીમળીને રહેવાની સલાહ પણ આપી હતી. રાત્રે દેવરાજ ગઢવી (નાનો ડેરો)એ સંતવાણી, કાફી કવાલી તેમજ ભજનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય કરી નાખ્યું હતું. મોડે રાત સુધી લોકોએ કવાલી તેમજ ભજન નો લાભ લીધો હતો. બીજા દિવસે બપોરે ચાદરપોશી તેમજ ચકર, ધમાલમાં લોકોએ આનંદ માણ્યા હતો. મેળામાં મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ આસપાસના ગામના લોકો ઉમટ્યા હતા. મેળામાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પદ્ધર પોલીસના પી.આઈ શ્રી ખાંટની આગેવાની હેઠળ તેમનો સ્ટાફ ખડેપગે હાજર રહ્યો હતો. મેળામાં સહયોગી એવા વસીમ ચાકી, થરાવડા સરપંચ હરેશભાઈ, શંભુભાઈ ભાનુશાલી, પુંજાભાઈ ધૂવા, રમેશ મહેશ્વરી, ભરત સૂંઢા, જેઠાલાલ સૂંઢા વગેરે મહેમાનો હાજર રહ્યા હતા. મેળાનું આયોજન બાવલા ફકીરમામદ, રમજુ સંઘાર, અયુબ ચાકી, ઓસમાણ જસા, સુલેમાન મેર, કાસમ ગાભું સહિતના હિન્દુ મુસ્લિમ એકતા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

**રાત્રે સંતવાણી, કવાલી સહિતના કાર્યક્રમો યોજાયા**





## મુંદરામાં લોકોને લીંબુ શરબત પીવડાવ્યું



મુંદરા મધ્યે દાઉદી વ્હોરા સમાજના વડા ધર્મગુરૂ સૈયદના આલી કદર મુફદ્દલ સૈફુદ્દીન મોલાના માર્ગદર્શન અને સમાજ સેવાના ઉમદા ધ્યેયથી મુન્દ્રાની "તોલોબતુલ કુલલિયહના સેવા સંસ્થાના માધ્યમથી શહેરમાં કાળઝાળ ગરમીમા નગરના હાઈવેને જોડતા માર્ગ પર ઠંડા લીંબુ શરબત રાહદારીઓને રાહત થાય તેથી પીવડાવામા આવ્યા હતા. ડાક બંગલા પાસે પસાર થતા લોકો ઠંડા લીંબુ શરબતથી ગરમી સામે રાહત મેળવી હતી. દાઉદી વ્હોરા સમાજની યુવા ટીમે સેવાકીય પ્રવૃતિ માટે જહેમત ઉઠાવી હતી.

## હિંગલાજ ગરબી મંડળ અને ભુજ જેષ્ઠાનગર યુવા ગ્રુપના હોદ્દેદારો વરાયા





ભુજ : હિંગલાજ ગરબી મંડળ અને યુવા ગ્રૂપ જેષ્ઠાનગર ભુજની યોજાયેલી જનરલ મસ્ટીંગમા સર્વાનુમતે પ્રમુખ સાથે નવી કારોબારીની કરવામાં આવી હતી જેમાં પ્રમુખ જગદીશભાઈ માવજીભાઈ ગજરા, ઉપપ્રમુખ રાજેશભાઈ જેરામભાઈ ફુલીયા, જયેશભાઈ શાંતિલાલભાઈ ફૂલીયા, મંત્રી દિલીપભાઈ જખુભાઈ ગજરા, સહમંત્રી હિતેશભાઈ મનસુખભાઈ નંદા, ખજાનચી સાગરભાઈ નિલેશભાઈ ફૂલીયા, સહખજાનચી તરીકે આકાશભાઈ કલ્પેશભાઈ વડોર ઉપરાંત ૩૦ કારોબારી સભ્યો તથા પાંચ ટ્રસ્ટીઓની વરણી કરવામાં આવી હતી.

## નખત્રાણાના છારી-ફુલાય પંચાયતની જમીન ફાળવણી સામે ગ્રામજનોમાં રોષ



### એનટીપીસી પ્રોજેક્ટ માટે જમીન માપણીમાં અનિયમિતતાનો ગ્રામ પંચાયતનો આક્ષેપ : જિલ્લા વહીવટી તંત્રને અપાયું આવેદનપત્ર

ભુજ - કચ્છઉદય : કચ્છના નખત્રાણા તાલુકાના છારી-ફુલાય જૂથ ગ્રામ પંચાયત વિસ્તારમાં એનટીપીસી કંપની દ્વારા ૫૦૦ મેગાવોટના સોલાર પ્રોજેક્ટ માટે કરવામાં આવી રહેલી જમીન ફાળવણી અને માપણીની કામગીરી સામે ગ્રામજનોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.

સ્થાનિક પંચાયત દ્વારા જિલ્લા કલેક્ટરને કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે કે પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવેલી અંદાજિત ૪૫૦૦ એકર જમીનની માપણીમાં ગામના રહેણાંક મકાનો, ગામતળ, પરંપરાગત વસાહતો તથા અન્ય અત્યંત મહત્વની ઉપયોગી જમીનનો સમાવેશ કરી લેવામાં આવ્યો છે. ગ્રામજનોનું કહેવું છે કે તેઓ વિકાસના કામો કે કંપનીના આગમનની વિરુદ્ધ નથી, પરંતુ માપણી દરમિયાન કરવામાં આવેલી બેદરકારીથી પશુપાલન આધારિત માલધારીઓની આજીવિકા સામે જોખમ ઊભું થયું છે. ખાસ કરીને ગામના ગોચર, ધાર્મિક સ્થળો, કબ્રસ્તાન અને ભારત સરકાર દ્વારા જાહેર થયેલ રામસર સાઈડની મર્યાદાઓનું ધ્યાન રાખ્યા વગર જમીન સંપાદિત કરવામાં આવતા ગ્રામજનોમાં ભારે રોષ અને અસંતોષની લાગણી ફેલાઈ છે.

અગાઉ એનટીપીસી કંપનીના પ્રતિનિધિઓએ ગ્રામજનોને વિશ્વાસમાં લઈને સીએસઆર હેઠળ આરોગ્ય, શિક્ષણ અને પશુઓ માટે ઘાસચારા જેવી પાયાની સુવિધાઓ પૂરી પાડવાની ખાતરી આપી હતી. તેમ છતાં, કંપની દ્વારા સ્થાનિકોની સંમતિ કે ચર્ચા-વિચારણા કર્યા વગર સીધી રીતે પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી શરૂ કરવામાં આવતા ગ્રામ પંચાયતે આ પ્રક્રિયાને અન્યાયી ગણાવી છે. ગ્રામ પંચાયતે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી ઉચ્ચારી છે કે જો આગામી ૧૫ દિવસમાં આ જમીનનું પુનઃ સર્વે (રી-સર્વે) કરવામાં નહીં આવે અને ગ્રામજનો તથા સ્થાનિક આગેવાનો સાથે મળીને યોગ્ય નિર્ણય નહીં લેવાય, તો ગ્રામજનો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કે ઉપવાસ જેવા કાર્યક્રમો કરવા મજબૂર બનશે.

આ મામલે તાત્કાલિક અસરકારક હસ્તક્ષેપ કરવા અને સ્થાનિકોની માંગણીઓનો ન્યાયપૂર્ણ ઉકેલ લાવવા માટે જિલ્લા કલેક્ટરને અપીલ કરવામાં આવી છે. આ વેળાએ મુતવા બેગમામદ, માજી સરપંચ જત ઈશાક, ગ્રામ પંચાયત સભ્ય અયુબભાઈ, મુતવા હોતખાન, જત અબ્દુલ, જત મિસરી રંતુ, કયુમભાઈ, હાજી ઈદ્રીશભાઈ વગેરે હાજર રહ્યા હતા.

## રોટરી ક્લબ ઓફ માધાપર દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો






માધાપર - કચ્છઉદય : માધાપર રોટરી ક્લબ દ્વારા પીએચસી સેન્ટર ખાતે સ્વ. હસમુખલાલ નથુલાલ ઠક્કરની સ્મૃતિમાં બ્લડ ડોનેશન કેમ્પયોજાયો હતો, જેમાં ૫૫ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું. આ કેમ્પ માં રોટરી ક્લબ ઓફ માધાપરના પ્રમુખ રાજેશભાઈ ઠક્કરે અને મંત્રી મનોજભાઈ હંસોરાએ મહાનુભાવોને આવકાર્યા હતા.

કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રી હિતેશભાઈ ખંડોર, જિ.પં. સદસ્ય રમેશભાઈ આહીર, ભુજ તા.પ. કારોબારી ચેરમેન કુલદીપસિંહ ચૌહાણ, ભુજ તા.પં. શાસક પક્ષના નેતા ભરતભાઈ રાઠોડ, તા.પં. સભ્ય વિનોદભાઈ પિંડોરિયા, નવાવાસ ગ્રા.પં.ના સરપંચ વાલજીભાઈ આહિર, વર્ધમાન નગરના સરપંચ રોનિતભાઈ શાહ, કચ્છ જિલ્લા ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષા પારૂલબેન કારા, ડો. રોહિતભાઈ ગોહિલ, દાતા પરિવારના હાર્દિકભાઈ ઠક્કર, દાદુભા ચૌહાણ, દિલીપ ભાઈ ભિંડે, મનોજભાઈ ઠક્કર, ફતેહદાનભાઈ ગઢવી, શક્તિસિંહ જાડેજા, કલુભા વાઘેલા, નરેશભાઈ ગઢવી, કિરણભાઈ ઠક્કર, નારણભાઈ મહેશ્વરી, મુકેશભાઈ સંઘવી, જિનેશભાઈ શેઠ, દિનેશભાઈ એસ. ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.આઈડીબીઆઈ બેંક દ્વારા સર્વે રક્તદાતાઓને ગિફ્ટ આપી સન્માનિત કરાયા હતા.


આઈડીબીઆઈ બેંક મુન્દ્રાના મેનેજર ચંદ્રશેખર જાડેજા, મોહનીશ આસનાની અને અનિલ પંચવાલ ખાસ ઉપસ્થિત રહી સર્વે રક્તદાતાઓને ગિફ્ટ આપી સન્માનિત કરેલ હતા.આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્દબોધન દ્વારા હિતેશભાઈ ખંડોર, રમેશભાઈ આહીર, કુલદીપ સિંહ ચૌહાણ, પારૂલબેન કારા એ રોટરી ક્લબ ના આ સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવેલ હતા.

જીવન જ્યોત બ્લડ બેંકે બ્લડ કલેક્શન માટેની સેવા આપી હતી. પીએચસી સેન્ટર માધાપરનો સહયોગ મળ્યો હતો. રક્તદાન કેમ્પ ના આ સમગ્ર આયોજનને સફળ બનાવવા પ્રમુખ રાજેશ ઠક્કર, મંત્રી મનોજ હંસોરા, ચંદ્રશેખરસિંહ જાડેજા, કલ્પેશભાઈ યાદવ, ડૉ.જીતુભાઈ ભાનુશાલી, પૂર્વેશ વ્યાસ, હાર્દિક ઠક્કર, મિતુલ વેદાંત, નિલેશ ઠક્કર, વિપુલ ભીંડે, અનિલભાઈ પટેલ, માધવ ટાંક, અમિત ઠક્કર, સંજય વિડજા, જીગર ઠક્કર વગેરે સભ્યોએ જહેમત ઉઠાવેલ હતી. આભારવિધિ ભરતભાઈ રાઠોડ અને સંચાલન કેતનભાઈ શાહે કર્યું હતું.

## ગુજરાત સરકારની નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના' વડીલો માટે શ્રવણની લાકડી સાબિત થઈ

ભુજ - કચ્છઉદય : વૃદ્ધાવસ્થામાં આર્થિક લાચારી વડીલોનું સ્વાભિમાન છીનવી લેતી હોય છે, પણ ગુજરાત સરકારની 'નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના' લાખો વડીલો માટે શ્રવણની લાકડી સાબિત થઈ રહી છે.

ડીબીટીના માધ્યમથી વચેટીયાઓ વગર, સીધા બેંક ખાતામાં જમા થતી સહાયના કારણે વડીલોને હવે દવા કે રોજિંદા ખર્ચ માટે સંતાનો સામે હાથ ફેલાવવો પડતો નથી. બનાસકાંઠાના પાલનપુર તાલુકાના હજારીમલ જોશી જેવા હજારો વડીલો આ યોજનાના પ્રતાપે આજે સમાજમાં આત્મનિર્ભર અને ગૌરવપૂર્ણ જીવન જીવી રહ્યા છે. બનાસકાંઠાના પાલનપુરમાં રહેતા હજારીમલ જોશી છેલ્લા દસ વર્ષથી ચિંતામુક્ત જિંદગી જીવી રહ્યા છે.



તેમની રોજિંદી જરૂરિયાતો અને દવા-સારવારના ખર્ચની મૂંઝવણનો અંત સરકાર તરફથી દર મહિને મળતા એક હજાર રૂપિયાના પેન્શને આણ્યો છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા આ રકમ દર મહિને સીધી જ તેમના બેંક ખાતામાં જમા થઈ જાય છે.

આ ઉંમરે પૂજા-અર્ચના કરીને જીવન વિતાવતા હજારીમલભાઈ માટે આ નાણાકીય સહાય મોટું પીઠબળ બની છે. ખાવા-પીવા, આવવા - જવા કે તબીબી સારવાર જેવા નાના-મોટા ખર્ચાઓ માટે તેઓ હવે સંતાનો પર નિર્ભર નથી.

પોતાની મરજી મુજબ જીવવાની આ આઝાદી વડીલોને અનોખું આત્મસન્માન આપે છે. માત્ર પાલનપુર તાલુકાના જ ૩,૯૮૮ વડીલો આ સરકારી સુરક્ષા કવચના કારણે સ્વાવલંબી બન્યા છે. તેવું પાલનપુર મામલતદાર એસ. બી. પ્રજાપતિએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ વડીલોને વય મર્યાદા મુજબ સહાય ચૂકવે છે; જેમાં ૬૦ થી ૭૯ વર્ષના વડીલોને દર મહિને રૂ. ૧,૦૦૦ અને ૮૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોને રૂ. ૧,૨૫૦ આપવામાં આવે છે. મામલતદાર કે કલેક્ટર કચેરીથી વિનામૂલ્યે ફોર્મ મેળવીને અથવા ગ્રામ પંચાયતમાંથી ઓનલાઈન અરજી કરીને આ યોજનાનો લાભ લઈ શકાય છે. ગુજરાત સરકારની આ સંવેદનશીલ પહેલ વડીલોને સુરક્ષા અને ગરિમાપૂર્ણ જીવનની ભેટ આપી રહી છે.

# ગુજરાતના માજી મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલની આવતીકાલે જન્મજયંતી

## ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા તરીકે તેમને કરાય છે યાદ : મુખ્યમંત્રી તરીકેની પહેલી મુદતમાં સરદાર સરોવર ડેમની તેમણે પરિકલ્પના કરી અને બીજી મુદતમાં તેનું નિર્ણાયક બાંધકામ કરાવ્યું હતું : અભૂતપૂર્વ ઔદ્યોગિક વિકાસ અને વીજ ઉત્પાદન મથકો બનાવવાની શરૂઆત તેમણે કરી : ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી કે જેમણે જીવદયાપ્રેમી જૈનોના પવિત્ર તહેવાર પર્યુષણ દરમિયાન દસ દિવસ સુધી ફક્ત ગાયો જ નહીં પરંતુ કોઈ પણ જીવની હિંસા નહીં કરવાનો નિયમ બનાવ્યો હતો



ભુજ-કચ્છઉદય : આવતીકાલે ત્રીજી જુનના દિવસે ગુજરાતના માજી મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ પટેલની જન્મજયંતી છે. ૧૮ જુલાઈ, ૧૯૭૩થી ૯ ફેબ્રુઆરી, ૧૯૭૪ અને ૪ માર્ચ, ૧૯૯૦થી ૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૪ સુધી એમ જુદી જુદી બે સમયાવધિ દરમિયાન તેઓ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે હતા. તેમનો જન્મ ૩ જૂન, ૧૯૨૯ના રોજ વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાના ચિખોદ્રા ગામે થયેલ હતો. તેઓ ૧૯૫૦માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થી સંગઠનના પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. વિશ્વ વિદ્યાલયમાંથી અર્થશાસ્ત્રના અનુસ્નાતકની પદવી મેળવી હતી. ૧૯૬૭માં તેઓ સંખેડા વિધાનસભા ક્ષેત્રમાંથી ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા અને હિતેન્દ્ર દેસાઈના મંત્રીમંડળમાં જોડાયા. તેઓ ઘનશ્યામભાઈ ઓઝાના મંત્રીમંડળમાં પણ મંત્રીપદે રહેલા. ૧૭ જુલાઈ ૧૯૭૩માં ઘનશ્યામભાઈ ઓઝાની સરકારના અનુગામી તરીકે તેઓ મુખ્યમંત્રી બન્યા હતા. તેઓએ ૯ ફેબ્રુઆરી ૧૯૭૪ સુધી આ પદભાર સંભાળ્યો. ૧૯૭૪માં નવનિર્માણ આંદોલનને કારણે તેઓને પદ છોડવું પડ્યું હતું. પક્ષમાંથી હકાલપટ્ટી બાદ તેઓએ બાબુભાઈ જશભાઈ પટેલની આગેવાની હેઠળના જનતા મોર્ચાની સરકારની રચનામાં સહયોગ આપ્યો હતા, તેઓ ફરીથી ૪ માર્ચ, ૧૯૯૦ના જનતા દળ (ગુજરાત) ભારતીય જનતા પાર્ટીની ગઠબંધન વાળી સરકારમાં મુખ્યમંત્રી બન્યા હતા. ૨૫ ઓક્ટોબર, ૧૯૯૦માં ગઠબંધનમાં ભંગાણ પડ્યું અને તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૩૪ ધારાસભ્યોનો ટેકો લઈ પોતાની સરકાર બચાવવામાં સફળ રહ્યા હતા. પછીથી તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયા અને તેમના અવસાન ૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૪, સુધી જોડાયેલા રહ્યા. તેઓ સ્વપ્રદષ્ટા નેતા અને આધુનિક ઔદ્યોગીક ગુજરાતનાં નિર્માતા તરીકે યાદ રખાય છે. તેમણે મુખ્યમંત્રી તરીકેની પોતાની પ્રથમ મુદતમાં 'સરદાર સરોવર બંધ (નર્મદા બંધ) પરિયોજનાની પરિકલ્પના કરી અને બીજી મુદતમાં નર્મદા બંધનું અસરકારક બાંધકામ કરાયું હતું. તેમણે નર્મદા બંધને ગુજરાતની જીવાદોરી સમાન ગણાવેલો. આ ઉપરાંત તેઓ એવા પ્રથમ મુખ્યમંત્રી હતા જેમણે ગુજરાતના ઔદ્યોગીકરણની મહાયોજનાના ભાગરૂપે ખાનગી ક્ષેત્રો મારફત ગુજરાતના બંદરો, રિફાઈનરીઓ અને વિજ ઉત્પાદન મથકોના વિકાસના અમલકર્તા બન્યા હોય. પોતાની બીજી મુદ્દત દરમિયાન તેઓ સમગ્ર ભારતમા પ્રથમમાંના એક એવા મુખ્યમંત્રી હતા જેમણે ગૌવધ, અને મહત્વના જૈન તહેવાર પર્યુષણના દશ દિવસો દરમિયાન દરેક પ્રકારના પ્રાણીઓના વધ અને માંસના વેચાણ, પર પ્રતિબંધ મુકતો કાયદો પસાર કર્યો હતો. આ કાયદાકીય પ્રતિબંધ ૩ ઓક્ટોબર, ૧૯૯૩થી અમલમાં આવ્યા હતો.

# મચ્છરોનો ત્રાસ ઘટાડવા માટે ગૂગલ ૩.૨ કરોડ મચ્છરોને મિશન સોંપશે !

વૉશિંગ્ટન : ગૂગલે દુનિયાને મચ્છરોના ત્રાસથી મુક્ત કરાવવા માટે એક ખાસ પ્રકારનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. એ પ્રોજેક્ટ અનોખો એટલા માટે છે કે એમાં લોઢું લોઢાને કાપે એવી યોજના અમલી બનશે. લેબોરેટરીમાં મચ્છરોને ખાસ જીવાણુથી સંક્રમિત કરવામાં આવશે અને પછી તેને અન્ય મચ્છરો સાથે ભેળવી દેવામાં આવશે. તેનાથી પ્રોસેસ થયેલા મચ્છરો ત્રાસ વર્તાવતા મચ્છરોની પ્રજાતિના સંપર્કમાં આવશે અને તેનો ખાતમો બોલાવશે. અમેરિકાના ફ્લોરિડા અને કેલિફોર્નિયા રાજ્યમાં ગૂગલના મચ્છરોને છોડવામાં આવશે. બે વર્ષના સમયગાળામાં જુદા જુદા તબક્કામાં કુલ ૩.૨ કરોડ કૃત્રિમ પદ્ધતિથી ફેરફાર કરેલા મચ્છરોને હવામાં છોડી દેવામાં આવશે. એ માટે ગૂગલે સરકારની પરવાનગી માંગી છે. ગૂગલે ઘણાં સમય પહેલાં જ આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો અને હવે એને લાગુ પાડવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. ગૂગલે મચ્છરોને ખાસ પ્રકારના જીવાણુથી સંક્રમિત કર્યા છે. સંક્રમણ ફેલાવતા મચ્છરો સાથે આ મચ્છરો સંપર્કમાં આવશે ત્યારે તેનાથી મચ્છરોની વસતિ ઘટી જશે. આ પ્રોજેક્ટ પાછળ મૂળ ઈરાદો એવો છે કે રોગ ફેલાવતા મચ્છરોની પ્રજનન ક્ષમતાને ખોરવી દઈને તેની સંખ્યા ઘટાડી દેવી. લેબમાં સંક્રમિત થયેલા મચ્છરો ત્રાસ વર્તાવતી પ્રજાતિની માદા મચ્છર સાથે પ્રજનન કરશે પછી વસતિ વધતી અટકી જશે. એના ઈંડામાંથી મચ્છરો પેદા જ નહીં ને જો થશે તો એની સંક્રમણની ક્ષમતા બેહદ ઘટી જશે.આ પ્રયોગથી પર્યાવરણને કે ઈકોસિસ્ટમને કોઈ આડઅસર થવાની નથી. આ પ્રકારના મચ્છરોને હવામાં છોડી દેવાથી ફાયદો થશે. નુકસાન થાય એવી શક્યતા બિલકુલ નથી એવું ગૂગલના સંશોધકોએ કહ્યું હતું. ગૂગલે એવી આશા વ્યક્ત કરી હતી કે ફ્લોરિડા અને કેલિફોર્નિયામાં મચ્છરોના કારણે દર વર્ષે બીમારી ફેલાય છે. બે વર્ષમાં એ સંક્રમણમાં નોંધપાત્ર ઘટાડો થઈ જશે. આખા વિસ્તારમાં મચ્છરની વસતિ ઘટી જશે પછી આ પ્રયોગ અન્ય દેશો માટે પણ ઉપયોગી થઈ શકશે. સંશોધકોએ કહ્યું હતું કે આવા રાજ્યોમાં ગરમી અને વાતાવરણમાં ભેજ હોવાથી મચ્છરોનો ત્રાસ વધ્યો છે. રાસાયણિક દવાઓ અને એ પ્રકારના બધા ઉપાયો અસરકારક રહ્યા નથી. મચ્છરો એમાંથી પણ બચી જાય છે. એક્સપેરિમેન્ટ બાયોલોજી જર્નલમાં છપાયેલા અહેવાલ પ્રમાણે હવે મચ્છરો એને અનુકૂળ બની ચૂક્યા હોવાથી આ નવા પ્રયોગથી ફાયદો મળી શકે તેમ છે. ગૂગલના આ પ્રોજેક્ટને અમેરિકાની પર્યાવરણ સંરક્ષણ એજન્સી ઈપીએએ માન્યતા આપી ન હતી. પર્યાવરણને લગતા વિવિધ ડેટાનું આકલન ચાલી રહ્યું છે. ગૂગલે નવેસરથી પ્રોજેક્ટની મંજૂરી માટે અરજી કરી છે.

# ઉત્તર ભારતમાં અનેક સ્થળે વાવાઝોડા સાથે વરસાદ, તાપમાનમાં ઘટાડો

નવી દિલ્હી : ઉત્તર ભારતના મોટા ભાગના રાજ્યોમાં સોમવારે વરસાદ સાથે વાવાઝોડું અનુભવાયુ હતું અને તેના કારણે સામાન્ય કરતા નીચું તાપમાન નોંધાયુ હતું. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશમાં જૂન મહિનાનો પ્રથમ દિવસ વાતાવરણમાં મોટો પલટો લઈને આવ્યો હતો. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ, પહેલી જૂનથી સામાન્ય રીતે દક્ષિણ પશ્ચિમ વરસાદનો પ્રારંભ થાય છે અને બે-ત્રણ દિવસમાં કેરળમાં વરસાદ પડે છે. વરસાદ-વાવાઝોડાની વર્તમાન સ્થિતિ દક્ષિણપશ્ચિમ ચોમાસાના આગળ વધવા માટે સાનુકૂળ છે અને તેના કારણે બે-ત્રણ દિવસમાં અરબી સમુદ્રની દક્ષિણપૂર્વમાં, લક્ષદ્વિપ ટાપુઓ અને કેરળ-તમિલનાડુના કેટલાક વિસ્તારોમાં વરસાદ આવી શકે છે. આ સમયગાળા દરમિયાન બંગાળના અખાતની પશ્ચિમ-મધ્ય, પૂર્વ-મધ્ય અને ઉત્તર-પૂર્વના કેટલાક વિસ્તારોમાં વરસાદ આવી શકે છે. દિલ્હીમાં છેલ્લા ત્રણ વર્ષમાં જૂન મહિનાના પ્રથમ દિવસે સૌથી વધુ ઠંડક સોમવારે અનુભવાઈ હતી. દિલ્હીમાં મહત્તમ ૩૬.૩ અને લઘુતમ ૨૪.૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતું. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદ નોંધાયો ન હતો. હવામાન વિભાગના મતે, મંગળવારે પણ દિલ્હી વિસ્તારમાં વરસાદની શક્યતા ઓછી છે. હરિયાણા, પંજાબમાં પણ મંગળવારે તાપમાન સામાન્ય કરતાં ઓછું રહી શકે છે. આ બંને રાજ્યમાં વરસાદના પગલે શનિવારથી ગરમીમાં ઘટાડો આવ્યો છે. રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં સોમવારે વાવાઝોડા સાથે વરસાદ આવ્યો હતો. મોટાભાગના વિસ્તારમાં મહત્તમ તાપમાનમાં ૫ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવ્યો હતો. નાગપુર, ફલોદી, ચિત્તોડગઢ અને અજમેર સહિત ૧૦ જિલ્લામાં ભારે પવન અને વરસાદનો અનુભવ થયો હતો. રાજસ્થાનમાં સૌથી વધુ ૪૩.૮ ડિગ્રી ગરમી ફલોદીમાં રહી હતી. ઉત્તર પ્રદેશમાં સોમવારે સૌથી વધુ ગરમી ફતેહગઢમાં ૪૨ ડિગ્રી રહી હતી. પાટનગર લખનઉમાં મહત્તમ ૩૪.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ હતું. હિમાચલ પ્રદેશમાં રવિવાર સાંજથી અનેક વિસ્તારમાં ભારેથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. સરહાનમાં સૌથી વધુ ૩૪ મિમી વરસાદ હતો. પ્રવાસન સ્થળ શિમલામાં ધુમ્મસના કારણે વિઝિબલિટી ઘટી હતી. હવામાન વિભાગે હિમાચલ પ્રદેશમાં બુધવારથી શુક્રવાર સુધી વીજળી, વરસાદ અને વાવાઝોડા સાથે યલો એલર્ટ જારી કરી છે.

# આશાપુરા મંદિરનો હજુ વિકાસ થશે : પી.એમ. જાડેજા









## મંદિરે મહંત બાલકનાથ બાપુનો ૫૨ મો અવતરણ દિન ઉજવાયો : સંતવાણી, હોમ-હવન સહિતના કાર્યક્રમો યોજાયા

નખત્રાણા - કચ્છ ઉદય : આશાપુરા માતાજીના સાનિધ્યમાં આધ્યાત્મિકતાના ત્રિવેણી સંગમ એવા કોટડા (જડોદર) નજીક આવેલા પવિત્ર ચિત્રધારા ટેકર પર મંદિરના મહંત બાલકનાથ બાપુના ૫૨ મો અવતરણ દિન આસ્થાભેર ઉજવાયો હતો.

ધારાસભ્ય પી.એમ. જાડેજાએ કહ્યું કે, આશાપુરા મંદિરનો વિકાસ થયો છે. સેડ, કોમ્યુનિટી હોલ, બન્યા છે. હજુ પણ આ યાત્રાધામના વિકાસ માટે ખુટતી કડીઓ સંધાશે. આ અવસરે જીતુગિરિબાપુ, કાળુભા જાડેજા, શ્યામ ગઢવીની ભવ્ય સંતવાણી યોજાઈ હતી. પ.પૂ. સંતો કલ્યાણદાસજી બાપુ, મુકુલદાસજી, હંસગિરિજી મહારાજ, જડેશ્વરના નારાણગિરીજી, સુધાદીદી, મેઘનાથબાપુ વગેરે સંતો - મહંતો, સનાતન ધર્મના મોંઘેરા મૂલ્યો અને સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા શીખ આપી હતી. સવારે માતાજી આશાપુરા મંદિરે હોમ- હવન યોજાયા હતા. સંતવાણી બાદ મહાપ્રસાદનો લાભ સેવકોએ લીધો હતો. મહંત બાલકનાથબાપુ અને મેઘનાથબાપુના સાનિધ્યમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બળવંતસિંહ રાણા, મહેન્દ્રસિંહ ઝાલા, પી.એમ. જાડેજા (કોટડા જ), દરજી ધીરજભાઈ, ભરતભાઈ, કલાભાઈ ગોસ્વામી, રાણુભા સોઢા, ભમરસિંહ, ધનાભા ગઢવી સહિત નામી - અનામી સેવકો જહેમત ઉઠાવી હતી. જોષી દિલીપભાઈ શાસ્ત્રી ધાર્મિકવિધિ કરાવી હતી. મઉં, ભાડઈ, મકડા, નખત્રાણા, કોટડા સહિત આસપાસના ગામોમાંથી ભગત સમુદાય ઉમટ્યો હતો.

# શિક્ષણના વ્યાપની વાતો વચ્ચે ગુજરાતમાં પ્રિ-સ્કૂલ એડમિશન ઘટ્યાનો અહેવાલ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ગુજરાતમાં શાળાપ્રવેશોત્સવના કાર્યક્રમો સહિત ઘણા કાર્યક્રમો થાય છે, જેનો આશય શિક્ષણનો વ્યાપ વધારવાનો છે. ત્યારે તાજેતરના રાષ્ટ્રીય પરિવાર આરોગ્ય સર્વે (નેશનલ ફેમિલી હેલ્થ સર્વે) માં કંઈક અલગ જ ચિત્ર ઉપસી આવ્યું છે. અહેવાલોમાં જણાવ્યા પ્રમાણે રાજ્યમાં પ્રિ-સ્કૂલમાં ભણતા બાળકોની સંખ્યામાં અગાઉના સર્વેની તુલનામાં ઘટાડો થયો છે, જેના કારણે નિષ્ણાતોમાં ઔપચારિક શાળાકીય શિક્ષણ મામલે ચર્ચા જાગી છે.

અહેવાલો અનુસાર સર્વેક્ષણ સમયગાળા દરમિયાન ગુજરાતમાં ૨ થી ૪ વર્ષની વયના ફક્ત ૪૯.૧% બાળકો પ્રિ-સ્કૂલમાં ગયા હતા. અગાઉના સર્વેક્ષણમાં, આ આંકડો ૫૫.૧% હતો. આ છેલ્લા કેટલાક વર્ષોમાં છ ટકાનો ઘટાડો દર્શાવે છે.

છેલ્લા અમુક સમયથી પ્રિ-સ્કૂલ એજ્યુકેશનને વધારે ગંભીરતાથી લેવામાં આવ્યું છે. પ્રિ-સ્કૂલ અને આંગણવાડીઓ બાળકોને પ્રાથમિક શાળામાં પ્રવેશતા પહેલા ભાષા, સંદેશાવ્યવહાર અને તેની સાથે શિખવાની સ્કિલ વિકસાવે તે માટે છે.

શિક્ષણ નિષ્ણાતો કહે છે કે જે બાળકો પ્રિ-સ્કૂલ ચૂકી જાય છે તેમને પછીથી ક્લાસમાં શિક્ષણ સાથે અનુકૂલન સાધવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. વહેલુ શિક્ષણ, વાંચન ક્ષમતા, બૌદ્ધિક વિકાસ અને સામાજિક આદાન-પ્રદાનમાં પણ મદદ કરે છે. આ ઘટાડો ખાસ કરીને નોંધપાત્ર છે, કારણ કે ગુજરાતમાં મોટાભાગના શિક્ષણ અને આરોગ્ય સંબંધિત અન્ય માપદંડોમાં સ્થિરતા અથવા સુધારો દેખાઈ રહ્યો છે.

આ અંગે મહિલા અને બાળ વિકાસ વિભાગના સૂત્રોએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે પ્રિ-સ્કૂલ એડમિશનમાં ઘટાડો ઘણા કારણોને આભારી છે. જેમાં કોરાનાની મહામારીની લાંબી ચાલી રહેલી અસર, સ્થળાંતર, આર્થિક ભીંસ જવાબદાર હોઈ શકે. આ સાથે બાળકોને નાની ઉંમરે સ્કૂલમાં ન મૂકવાની માનસિકતા પણ જવાબદાર હોવાનું માનવામાં આવે છે.

અગાઉ સરકારી સ્કૂલોમાં ઓછી સંખ્યા અને તેના લીધે અમુક સ્કૂલો બંધ થવાના અહેવાલો આવ્યા હતા. આ સાથે ડ્રોપ આઉટ રેશિયો પણ ચિંતાનો વિષય છે.

# મહેસાણામાં કોંગ્રેસની સમીક્ષા બેઠકમાં આઈબી અધિકારીઓ ઘૂસી જતાં ભારે હોબાળો, કોંગ્રેસનો ટોણો-'પોલીસ કેસરી ખેસ પહેરી લે'

(પ્રતિનિધિ દ્વારા)

મહેસાણા : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ મહેસાણા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે એક મહત્ત્વની સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના પ્રદેશ પ્રભારીની ખાસ ઉપસ્થિતિમાં ચાલી રહેલી આ બેઠકમાં ઈન્ટેલિજન્સ બ્યુરો ના બે કર્મચારીઓ ઘૂસી જતાં ભારે હોબાળો મચી ગયો છે. આ ઘટનાને પગલે આકરા પાણીએ થયેલી કોંગ્રેસે ભાજપ સરકાર અને ગૃહ વિભાગ પર આકરા પ્રહારો કર્યા છે.

બેઠકમાં બનેલી આ ઘટના બાદ કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ સરકારની નીતિઓ સામે ઉગ્ર અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે પ્રજાના પ્રશ્નો ઉઠાવતા વિપક્ષી નેતાઓને ડરાવવા અને અમારી વ્યૂહનીતિ જાણવા માટે ભાજપ સરકાર જાસૂસી કરાવી રહી છે. કોંગ્રેસે કટાક્ષ કરતાં જણાવ્યું કે, 'પોલીસે હવે ખાખી વર્દી છોડીને ભાજપનો કેસરી ખેસ જ પહેરી લેવો જોઈએ.'સરકાર પર પ્રહારો કરતા કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ જમાવ્યું હતું કે, 'ગુજરાતમાં કડક દારૂબંધીનો કાયદો હોવા છતાં રાજ્યની સરહદોમાંથી દારૂના મોટા-મોટા કન્ટેનરો ખુલ્લેઆમ ઘૂસી રહ્યા છે. દારૂ અને ડ્રગ્સ આજે ગામે-ગામ અને ગલીએ-ગલી સુધી પહોંચી ગયા છે, પરંતુ પોલીસને તેની કોઈ ભનક સુધ્ધાં લાગતી નથી. રાજ્યની સુરક્ષા કરવાના બદલે સરકાર, પોલીસ અને આઈબી (IB)ના અધિકારીઓને કોંગ્રેસના ધારાસભ્યો, આગેવાનો અને કાર્યકરોની જાસૂસી કરવા પાછળ દોડાવી રહી છે.'

# આયુષ્માન ભારત યોજના હેઠળ નિઃશુલ્ક સારવારથી જીવનમાં નવી આશા

## પિત્તાશયની સર્જરી અને નિઃશુલ્ક સારવારનો લાભ મળતા પ્રધાનમંત્રીને પત્ર લખી માન્યો આભાર

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના આદિપુર શહેરના રહેવાસી મોહનભાઈ ગોવિંદભાઈ મહેશ્વરીએ પ્રધાનમંત્રીને પત્ર લખી આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મળેલી નિઃશુલ્ક સારવાર બદલ આભાર વ્યક્ત કર્યો છે. તેમણે લાગણીથી લખેલા પત્રમાં જણાવ્યું છે કે, તેમના પિતાજી ગોવિંદભાઈ મહેશ્વરીને પિત્તાશયની તકલીફ હોવાથી તબીબી સારવાર અને સર્જરીની જરૂર હતી. આયુષ્માન કાર્ડ દ્વારા આ સારવાર અને ઓપરેશન ભુજની ખાનગી હોસ્પિટલમાં નિઃશુલ્ક કરવામાં આવ્યું હતું. ખાનગી હોસ્પિટલમાં ગુણવત્તાસભર આરોગ્ય સેવા મળવાથી તેઓ આ યોજનાથી ખૂબ રાજી થયા છે.


મોહનભાઈએ ભારત સરકારની આ યોજનાને સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો માટે આશીર્વાદ સમાન ગણાવી છે અને યોજનાના વ્યાપક લાભની પ્રશંસા કરતાં તેમણે માનનીય પ્રધાનમંત્રીશ્રીનો અને આ યોજનાથી જોડાયેલા તમામ કર્મચારીઓનોને હૃદયપૂર્વક અભિનંદન આપતા આભાર વ્યક્ત કર્યો છે. પોતાના પત્રમાં તેમણે જણાવ્યું છે કે આયુષ્માન ભારત યોજના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે આરોગ્ય સુરક્ષાનું મજબૂત કવચ બની છે. તેમના દ્વારા લખાયેલા આ આભાર પત્રથી સ્પષ્ટ થાય છે કે આયુષ્માન ભારત યોજના દેશના લાખો પરિવારોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં અસરકારક સાબિત થઈ રહી છે. તેમજ કેન્દ્ર સરકારની આ આરોગ્ય યોજના દેશના કરોડો નાગરિકોને આરોગ્ય સુરક્ષા પૂરી પાડીને સર્વસમાવેશી વિકાસના ધ્યેયને સાકાર કરી રહી છે. મોહનભાઈએ પત્ર દ્વારા પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન પાઠવતા લખ્યું છે કે ગરીબ પરિવારોને આ યોજનાનો લાભ મળતો રહે અને ૨૦૪૭માં સમગ્ર દેશ સ્વર્ણ ભારત બની રહે એવી અભિલાષા પણ વ્યક્ત કરી.

# ગુજરાત આર્થિક વિકાસ નિગમ અંતર્ગત ગંગા સ્વરૂપા બહેનો માટે જનરલ તાલીમ યોજાશે

ભુજ - કચ્છઉદય : રાજ્યની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સશક્ત બની સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે. મહિલાઓ સ્વરોજગાર મેળવી આત્મનિર્ભર બને તે હેતુથી ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા જનરલ તાલીમનું આયોજન કરવામાં આવનાર છે.

કચ્છ જિલ્લામાં નિવાસ કરતી ગંગા સ્વરૂપા બહેનો રોજગારી મેળવી આર્થિક રીતે પગભર બને તે હેતુસર ભુજ ખાતે તાલીમ યોજવાની વિચારણા કરવામાં આવી રહી છે. આ તાલીમ તજજ્ઞો દ્વારા નિઃશુલ્ક આપવામાં આવશે. તાલીમનો સમયગાળો ૧ માસનો રહેશે તથા તાલીમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. જે બહેનો સદર તાલીમમાં જોડાવા ઈચ્છુક હોય તેઓએ રૂમ નં. ૨૦૩, જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, સેવા સદન, મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ ખાતેથી અરજી ફોર્મ મેળવી પોતાનું નામ નોંધાવવાનું રહેશે. (સમય ૧૦:૩૦ થી ૬:૧૦ સુધી) કચ્છ જિલ્લાના અન્ય તાલુકાઓમાં ૩૦ જેટલી બહેનોની સંખ્યા નોંધાશે તો તે તાલુકામાં પણ તાલીમનું આયોજન કરવામાં આવશે. તાલીમનું સ્થળ સંબંધિત તાલુકા મથકે રહેશે. ૩૦+૩૦ એમ બે બેચમાં તાલીમનું આયોજન કરવાનું હોવાથી "વહેલા તે પહેલાના ધોરણે" નામ નોંધણી કરવામાં આવશે, તેથી રસ ધરાવતી બહેનોએ વહેલી તકે પોતાનું નામ નોંધાવવા જણાવાયું છે.

# મોટા સરાડા ગામે ચોમાસા પહેલા રસ્તાના સમારકામની માંગ



ભુજ - કચ્છઉદય : બન્ની વિસ્તારના નીચાણવાળા મોટા સરાડા મેઈન રોડથી પંચાયત ઘર સુધી ચોમાસા પહેલા મેટલ કામ કરાવવા માંગ કરાઈ હતી.

કલેકટરને કરાયેલી રજૂઆતમાં સરાડા જુથ ગ્રામ પંચાયતના સરપંચ આમુડા આર. જતે જણાવ્યું હતું કે, બન્ની વિસ્તારના સરાડા મોટા ગામે નીચાણવાળુ ગામ છે. રોડથી પંચાયત ઘર બેથી અઢી કિલોમીટર દૂર છે. સરાડા મોટામાં ૨૦૦૦ માનવ વસતી વસવાટ કરે છે. ચોમાસા દરમ્યાન ભારે મુશ્કેલી થાય છે. ગામમાં ચોમાસા દરમ્યાન ૩થી ૪ ફુટ પાણી ભરાય છે અને ૬ દુધ ઉત્પાદક સહકારી મંડળીઓ છે, જેનું ચોમાસામાં સાધનને આવવા અને જવા માટે મુશ્કેલી થાય છે. તેમજ ૧૦૮ ગામમાં આવી શકતી નથી, જેથી ચોમાસા પહેલા મેટલ રોડ બનાવવામાં આવે તેવી માંગ કરી છે.

# સરળતા અને સાદગીની મૂર્તિ ઉચ્ચશિક્ષણમંત્રી ત્રિકમભાઈને જન્મદિવસે શુભેચ્છાઓની વર્ષા



ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ વિભાગના શિક્ષણમંત્રી અને અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાનો ગઈકાલે જન્મદિવસ હોતાં તેમના ઉપર શુભેચ્છાઓનોની વર્ષા થઈ હતી. કચ્છના અંજાર તાલુકાના રતનાલ ગામના ત્રિકમભાઈએ શિક્ષણ જગતથી પોતાની કારકિર્દી શરૂ કરી હતી અને કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ પણ રહ્યા હતા. આ પછી હાલની સરકારમાં તેઓ ધારાસભ્ય બનતા તેમની શક્તિઓની યોગ્ય કદર કરી અને તેમને ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગના મંત્રી બનાવાયા છે.

ગુજરાતના રાજકારણમાં ત્રિકમભાઈ એક અલગ જ ખાસ સરળ પ્રકારનુ વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ ગુજરાત સરકારના મંત્રી હોવા છતાં પણ અત્યંત સરળતાથી સામાન્ય જનતાની અને જૂના મિત્રોને અને સૌની એકદમ સહજતાથી હંમેશા મળતા રહે છે. વિનમ્રતા અને અત્યંત સાદગી એ તેમના સ્વભાવનું ઘરેણું છે. તેઓ માત્ર કચ્છમાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં અત્યંત લોકપ્રિય છે. શિક્ષણ જગત, શુદ્ધ રાજકારણ અને જીવન પ્રત્યે ઊંડું જ્ઞાન ધરાવે છે. ગઈકાલે તેમનો જન્મદિવસે "કચ્છઉદય" પરિવારે તેમને શુભેચ્છા પાઠવી હતી અને તેમના નિરામય દીર્ઘાયુ જીવન માટે પરમ કૃપાળુ પરમાત્મા પ્રાર્થના કરી હતી.

# આઈસીસીનો મોટો નિર્ણયઃ હવે ટેસ્ટ મેચમાં પિંક બોલનો ઉપયોગ થઈ શકશે પણ આ કારણસર...

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદઃ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) ક્રિકેટની ત્રણેય ફોર્મેટમાં મહત્વપૂર્ણ ફેરફારો કરવા જઈ રહ્યું છે. સૌથી મહત્વપૂર્ણ ફેરફારમાં ચાલુ ટેસ્ટ મેચમાં લાલ બોલને બદલે પિંક બોલનો ઉપયોગ સામેલ છે. જો કે, આ માટે બંને કેપ્ટનની મંજૂરી જરૂરી છે. ક્રિકેટની સર્વોચ્ચ સંસ્થાએ ખરાબ પ્રકાશને કારણે બગાડતા સમયને ઘટાડવા માટે આ પગલું ભર્યું છે. ક્રિકેટ કેનેડાને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. આજે અમદાવાદમાં આઈસીસી બોર્ડની બેઠક મળી હતી, જેમાં આ નિર્ણયો લેવામાં આવ્યા હતા.



આઈસીસી હવે પરંપરાગત ટેસ્ટ મેચોમાં પિંક બોલનો ઉપયોગ કરવાની ભલામણને મંજૂરી આપી છે. જો કોઈ મેચ નબળી પ્રકાશને કારણે અટકી જાય છે તો પિંક બોલનો ઉપયોગ કરી શકાય છે, જો કે આ માટે બંન્ને કેપ્ટનની મંજૂરી જરૂરી છે. જેથી ઓછા પ્રકાશને કારણે ગુમાવવામાં આવતા સમયને ઘટાડી શકાય. જો કે, આ ફક્ત ત્યારે જ શક્ય બનશે જો બંને બોર્ડ ટેસ્ટ શ્રેણી શરૂ થાય તે પહેલાં તેના માટે સંમત થાય.

આ નિયમ ફક્ત તે મેદાનો પર લાગુ થશે જ્યાં ફ્લડલાઈટ પહેલાથી છે. આ દરખાસ્ત ફક્ત પરંપરાગત ટેસ્ટ મેચો માટે જ લાગુ પડે છે. ડે-નાઈટ મેચ પહેલાની જેમ પિંક બોલથી રમાડવામાં આવશે. આઈસીસીએ એમસીસી સાથે મળીને લાઈટિંગ ટેકનોલોજી પર સંશોધન માટે ભંડોળ પૂરું પાડવાની યોજનાની પણ પુષ્ટી કરી છે જેથી ઓછા પ્રકાશને કારણે થતા વિક્ષેપોને ઘટાડી શકાય.

અત્યાર સુધી ટી-૨૦ લીગમાં ડ્રિંક્સ બ્રેક દરમિયાન કોચને ફક્ત મેદાનમાં જવાની મંજૂરી આપવામાં આવતી હતી. જોકે, આઈસીસીએ રમતની પરિસ્થિતિઓમાં સુધારો કર્યો છે અને વન-ડે અને ટી-૨૦માં ડ્રિંક્સ બ્રેક દરમિયાન મુખ્ય કોચ અથવા પસંદ કરેલા સ્ટાફને મેદાનમાં જવાની મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે. અગાઉ, ફક્ત ડ્રિંક્સ આપવા જતા ખેલાડીઓ જ ડ્રેસિંગ રૂમમાંથી મેસેજ મોકલી શકતા હતા. ટી-૨૦માં હવે ઈનિંગ્સ વચ્ચે ૧૫ મિનિટનો વિરામ રહેશે અને રમત ફરી શરૂ થાય ત્યારે બેટ્સમેનોએ તૈયાર રહેવું પડશે. આ નિર્ણય મેચ ઝડપથી પૂર્ણ કરવામાં મદદ કરશે.

# શુભમન ગિલ બહાર, વૈભવ સૂર્યવંશી-વિરાટ કોહલી ઓપનર, જાણો આઈપીએલ ૨૦૨૬ ની શ્રેષ્ઠ ટીમમાં કોને મળ્યું સ્થાન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : આઈપીએલ ૨૦૨૬ પછી ટુર્નામેન્ટની શ્રેષ્ઠ ટીમ જાહેર કરવાનો તબક્કો શરૂ થઈ ગયો છે. ઈએસપીએ ક્રીક ઈન્ફાએ એક એવી ટીમ પસંદ કરી છે જેમાં શુભમન ગિલ અને સાઈ સુદર્શનનો સમાવેશ થતો નથી, જેમણે ૭૦૦ થી વધુ રન બનાવ્યા છે. આ ટીમમાં કોહલીની સાથે વૈભવ સૂર્યવંશીને ઓપનર તરીકે પસંદ કરવામાં આવ્યો છે.

શુભમન ગિલ અને સાઈ સુદર્શન, જેમણે આઈપીએલ ૨૦૨૬ માં શાનદાર બેટિંગ કરી હતી, બંનેને આઈપીએલની શ્રેષ્ઠ ટીમમાંથી બહાર રાખવામાં આવ્યા છે. ઈએસપીએન ક્રીક ઈન્ફોએ તેની શ્રેષ્ઠ આઈપીએલ ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં ૧૨ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે શુભમન ગિલ અને સાઈ સુદર્શનને ટીમમાં સ્થાન નથી મળ્યું.

વૈભવ સૂર્યવંશી અને કોહલીની સાથે, સનરાઈઝર્સ હૈદરાબાદના ખેલાડી ઈશાન કિશનને આ ટીમ માટે પસંદ કરવામાં આવ્યો હતો. તેણે ૧૫ મેચમાં ૬૦૨ રન બનાવ્યા હતા અને તેનો સ્ટ્રાઈક રેટ ૧૮૦ થી વધુ હતો. હેનરિક ક્લાસેનને પણ આ ટીમ માટે પસંદ કરવામાં આવ્યો હતો, તેણે ૬૨૪ રન બનાવ્યા હતા. રજત પાટીદારને તેની આઈપીએલ ૨૦૨૬ બેસ્ટ પ્લેઈંગ ઈલેવનના કેપ્ટન તરીકે પસંદ કર્યો છે. રજત પાટીદારની કેપ્ટનશીપ હેઠળ, આરસીબીએ સતત બીજી વખત આઈપીએલ ટાઈટલ જીત્યું, જેના કારણે તે બેસ્ટ પ્લેઈંગ ૧૧ નો કેપ્ટન બન્યો. સનરાઈઝર્સ હૈદરાબાદના ઓલરાઉન્ડર નીતિશ રેડ્ડીએ પણ ઓલરાઉન્ડર તરીકે ટીમમાં સ્થાન મેળવ્યું છે. નીતિશ રેડ્ડીએ આઈપીએલ ૨૦૨૬ માં ૩૦૨ રન બનાવ્યા, ૮ વિકેટ લીધી, અને કૃણાલ પંડ્યાને પણ ટીમમાં સામેલ કર્યો. તેણે આઈપીએલ ૨૦૨૬ માં ૩૭ થી વધુની સરેરાશથી ૨૨૬ રન બનાવ્યા. તેણે ૧૪ વિકેટ પણ લીધી. સુનિલ નારાયણને તેની આઈપીએલ ૨૦૨૬ ની શ્રેષ્ઠ પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કર્યો છે. નારાયણે આ સિઝનમાં ૧૫ વિકેટ લીધી હતી અને તેનો ઈકોનોમી રેટ પ્રતિ ઓવર ૬.૬ રન હતો. ભુવનેશ્વર કુમાર અને કાગીસો રબાડા પણ ટીમમાં છે. રબાડાએ આઈપીએલ ૨૦૨૬ માં પર્પલ કેપ જીતી હતી, જેમાં તેણે ૨૯ વિકેટ લીધી હતી. ભુવનેશ્વર કુમારે ૨૮ વિકેટ લીધી હતી. જોફ્રા આર્ચરે ૧૬ મેચમાં ૨૫ વિકેટ લીધી હતી. આ ખેલાડીને પણ પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળ્યું છે.

પોતાની પહેલી સિઝન રમી રહેલા હૈદરાબાદના ફાસ્ટ બોલર શાકિબ હુસૈનને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, જેણે કુલ ૧૫ વિકેટ લીધી હતી. આશ્ચર્યજનક રીતે, રસિક સલામ દારને આ ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. આ ખેલાડીએ ટુર્નામેન્ટમાં ૧૨ મેચમાં ૧૯ વિકેટ લીધી હતી અને આરસીબીની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.




# ઇમ્પેક્ટ પ્લેયર હટાવો, બોલરને પાંચ ઓવર આપોઃ સચિન

(એજન્સી દ્વારા)

મુંબઈ : વિશ્વના મહાન ક્રિકેટર સચિન તેંડુલકરે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિવાદાસ્પદ 'ઈમ્પેક્ટ પ્લેયર'ના નિયમ સામે વાંધો ઉઠાવ્યો છે અને તેને તાત્કાલિક અસરથી હટાવવાની માંગ કરી છે. તેંડુલકરનું માનવું છે કે આ નિયમ બેટિંગ અને બોલિંગ વચ્ચેના સંતુલનને બગાડે છે. ૨૦૨૩માં અમલી બનેલા આ નિયમ મુજબ ટીમ પોતાની પ્લેઈંગ ઈલેવનમાં કોઈ પણ ખેલાડીને મેચ દરમિયાન ગમે ત્યારે પાંચ અવેજી ખેલાડીઓમાંથી એક સાથે બદલી શકે છે. આમ થતાં દરેક ટીમને વધારાના બેટર અથવા બોલરને મેદાનમાં ઉતારવાની છૂટ મળે છે.

એક કાર્યક્રમ દરમિયાન સચિને સ્પષ્ટ કર્યું હતું કે તે આ નિયમના પક્ષમાં નથી. તેણે



કહ્યું હતું કે "ટી૨૦ ફોર્મેટમાં જ્યારે તમારે માત્ર ૨૦ ઓવર જ રમવાની હોય ત્યારે લાઈન-અપમાં એક વધારાનો બેટર ઉમેરવાથી સંતુલન ખોરવાય છે. પહેલેથી જ બોલરો મુશ્કેલીમાં છે અને આ નિયમ તેને વધુ ખરાબ કરે છે." સચિન ઉપરાંત ભારતીય ટેસ્ટ ટીમના કેપ્ટન શુભમન ગિલ અને ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માએ પણ આ નિયમની ટીકા કરી છે. તેમનું કહેવું છે કે આ નિયમને કારણે રમતમાં કૌશલ્યનું મહત્વ ઘટ્યું છે અને ઓલરાઉન્ડર્સની ભૂમિકા મર્યાદિત થઈ ગઈ છે.

# આઈપીએલ-૨૦૨૬ : સાત યુવા ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન



(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલની આ સિઝને સાબિત કર્યું કે ક્રિકેટમાં અનુભવથી વધુ મહત્વ પ્રદર્શનનું છે. અને સાત યુવા ખેલાડીઓએ પોતાના શાનદાર પ્રદર્શનથી બતાવી દીધું કે ક્રિકેટનું ભવિષ્ય હવે તેમના હાથમાં છે અને તેઓ આગળ પણ પોતાની છાપ છોડવા તૈયાર છે.

લખનૌ સુપર જાયન્ટ્સના મુકુલ ચૌધરીએ આઈપીએલ ૨૦૨૬માં પોતાની બેટિંગથી ખાસ છાપ છોડી. કોલકાતા નાઈટ રાઈડર્સ સામે માત્ર ૨૭ બોલમાં ૫૪ રનની ધમાકેદાર ઈનિંગે તેને ચર્ચામાં લાવી દીધો. સમગ્ર સિઝનમાં તેણે ૧૦ મેચમાં ૧૭૦ રન બનાવીને ટીમ માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

પંજાબ કિંગ્સના સૂર્યાંશ શેડગેએ પોતાના આક્રમક અંદાજથી બધાનું ધ્યાન ખેંચ્યું. ૧૭૫.૫૫ના સ્ટ્રાઈક રેટ સાથે તેણે ૧૫૮ રન બનાવ્યા અને ઘણી મેચોમાં ઝડપી રન બનાવી ટીમને મજબૂતી આપી. તેની ફિનિશિંગ ક્ષમતા આ સિઝનની ખાસ ઓળખ બની.

ઉર્વિલ પટેલ આઈપીએલ ૨૦૨૬નો સૌથી ચર્ચિત યુવા ખેલાડી રહ્યો. લખનૌ સુપર જાયન્ટ્સ સામે માત્ર ૧૩ બોલમાં ૫૦ રન ફટકારી તેણે આઈપીએલ ઈતિહાસનો સૌથી ઝડપી અર્ધશતકનો રેકોર્ડ બનાવ્યો. આ ઈનિંગે તેને રાતોરાત સ્ટાર બનાવી દીધો અને સમગ્ર ક્રિકેટ જગતમાં ચર્ચા જગાવી.

ચેન્નાઈ સુપર કિંગ્સના બોલર અંશુલ કંબોજે ઈજાની સમસ્યા વચ્ચે પણ સતત સારું પ્રદર્શન કર્યું. આ સિઝનમાં તેણે ૨૧ વિકેટ ઝડપી અને ટીમનો સૌથી સફળ બોલર બન્યો. તેની લાઈન-લેન્થ અને સ્વિંગ બોલિંગે બેટ્સમેનોને ખૂબ પરેશાન કર્યા.

આરસીબીના ફાસ્ટ બોલર રસિક દાર સલામ માટે આઈપીએલ ૨૦૨૬ કારકિર્દીની સૌથી સફળ સિઝન રહી. તેણે ૨૧ વિકેટ લઈને ટીમની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. દબાણભરી પરિસ્થિતિમાં તેની બોલિંગે આરસીબીને ઘણી મહત્વપૂર્ણ મેચોમાં જીત અપાવી.

લખનૌ સુપર જાયન્ટ્સના પ્રિન્સ યાદવે બીજી જ સિઝનમાં પોતાને મુખ્ય બોલર તરીકે સાબિત કર્યો. ૧૪ મેચમાં ૧૬ વિકેટ સાથે તે ટીમનો સૌથી સફળ બોલર રહ્યો. તેની સતત પ્રગતિએ ન્જીય્ની બોલિંગને મજબૂત આધાર આપ્યો.


એસઆરએચમાં પેટ કમિન્સની ગેરહાજરીમાં સાકિબ હુસૈને મહત્વની ભૂમિકા ભજવી. તેણે ૧૧ મેચમાં ૧૫ વિકેટ લઈને પોતાની ડેબ્યૂ સિઝન યાદગાર બનાવી. તેની સ્થિર બોલિંગે ટીમના પેસ એટેકને સંતુલન આપ્યું.

# આઈપીએલ ચેમ્પિયન બન્યાના બીજા જ દિવસે લાગ્યો મોટો ઝટકો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : આઈપીએલ ફાઈનલના એક દિવસ પછી, સોમવાર, ૧ જૂનના રોજ, બીસીસીઆઈએ એક પ્રેસ રિલીઝ બહાર પાડી હતી જેમાં ટિમ ડેવિડને આપવામાં આવેલી સજા અને તેના કારણની વિગતો આપવામાં આવી હતી. આરસીબી માટે ફિલ્ડિંગ દરમિયાન આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ ટિમ ડેવિડ દોષિત ઠર્યો હતો. નિવેદન અનુસાર, ગુજરાતની ઈનિંગની ૧૦ મી ઓવરમાં વિકેટ પડ્યા બાદ ડેવિડે આક્રમક રીતે અમ્પાયર નીતિન મેનન પર બરફની થેલી ફેંકી હતી.


બીસીસીઆઈએ જણાવ્યું હતું



કે ટિમ ડેવિડની ભૂલ આઈપીએલ આચારસંહિતાના કલમ ૨.૯ નું ઉલ્લંઘન છે, જે ખેલાડી અથવા મેચ અધિકારી પર બોલ અથવા કોઈપણ વસ્તુ ફેંકવાથી સંબંધિત છે. ડેવિડને લેવલ ૧ ના ગુનામાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેને તેની મેચ ફીના ૫૦ ટકા દંડ અને બે ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યા હતા.


# આ ખેલાડીને ૧ રન બનાવવાના મળ્યા ૧ કરોડ રૂપિયા

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આ ખેલાડી સનરાઈઝર્સ હૈદરાબાદનો ઈંગ્લિશ ઓલરાઉન્ડર લિયામ લિવિંગસ્ટોન છે, જે ટીમ સાથે એલિમિનેટર સુધી પહોંચ્યો હતો. જોકે, એસઆરએચએ આખી સિઝન દરમિયાન તેના પર વિશ્વાસ દર્શાવ્યો નહીં અને તેને ફક્ત બે મેચમાં રમવાની તક આપી. ગયા વર્ષે આરસીબીને તેની પ્રથમ ચેમ્પિયનશિપ જીતાડવામાં મદદ કરનાર લિવિંગસ્ટોન આ સિઝનમાં એસઆરએચ ટીમમાં સામેલ થયો પરંતુ તે ફક્ત બે જ મેચ રમી શક્યો. આ બે મેચમાં પણ તે નિષ્ફળ ગયો.



૩૨ વર્ષીય વિસ્ફોટક બેટ્સમેન લખનૌ અને ચેન્નાઈ સામે એક-એક મેચ રમ્યો, પરંતુ તે મેચોમાં તે ફક્ત ૧૫ રન જ બનાવી શક્યો. તેણે ૨૫ બોલનો સામનો કર્યો અને માત્ર ૬૦ ના ધીમા સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા.

# આઈપીએલ ૨૦૨૬માં જીતેલી ૨૫ લાખની કાર વૈભવ ૩ વર્ષ સુધી ચલાવી શકશે નહી



(એજન્સી દ્વારા)

જયપુર : આઈપીએલ ૨૦૨૬માં પોતાની બેટિંગથી ધમાલ મચાવનાર વૈભવ સૂર્યવંશી હાલમાં ક્રિકેટથી લઈ સોશિયલ મીડિયા પર છવાયો છે. તેના ચાહકો ખુબ મોટી સંખ્યામાં છે. તેને આઈપીએલ ૨૦૨૬માં સુપર સ્ટ્રાઈકર ઓફ ધ સીઝન તરીકે પસંદ કરવામાં આવ્યો છે. ઈનામ તરીકે ૨૫ લાખ રુપિયાની ટાટા સિએરા કાર મળી છે.

ઈનામમાં મળેલી ચમચમાતી કાર મળ્યા બાદ વૈભવ સૂર્યવંશી ચલાવી શકશે નહી. ભારતમાં એક કાયદો છે. જેના કારણે વૈભવ સૂર્યવંશી ખુદ આઈપીએલ ૨૦૨૬માં જીતેલી ૨૫ લાખની કાર ડ્રાઈવ કરી શકશે નહી. જાણો કેમ આની પાછળ કારણ રસપ્રદ છે. વૈભવ સૂર્યવંશીની ઉંમર માત્ર ૧૫ વર્ષ છે. ભારતના નિયમો મુજબ કાનુન રુપે ગાડી ચલાવવા માટે ડ્રાઈવિંગ લાઈસન્સની જરુર પડે છે. જે ૧૮ વર્ષની ઉંમર બાદ મળે છે. ભારતમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરમાં મોટર અથવા બાઈક ચલાવવું કાનુની રુપથી ગુનો છે. આ કારણે આઈપીએલમાં દિગ્ગજ બોલરોને ધુળ ચટાવનાર વૈભવ સૂર્યવંશી કાર ડ્રાઈવ કરી શકશે નહી. ડ્રાઈવિંગ સીટ પર બેસવા માટે ૩ વર્ષ રાહ જોવી પડશે.

# આઈસીસીએ કેનેડા ક્રિકેટ બોર્ડ પર પ્રતિબંધ મૂક્યો

(એજન્સી દ્વારા)

અમદાવાદઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી)એ સૌથી મોટો નિર્ણય લીધો છે, જેમાં અનેક વર્લ્ડ કપ ટૂર્નામેન્ટ્સમાં ભાગ લઈ ચૂકેલા કેનેડા ક્રિકેટ બોર્ડ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂક્યો છે. આ નિર્ણય અમદાવાદમાં યોજાયેલી આઈસીસીની બોર્ડ બેઠકમાં લેવામાં આવ્યો હતો. આ અંગે આઈસીસીએ જાહેરાત કરી હતી કે કેનેડા બોર્ડને સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. જો કે આની ખેલાડીઓ પર કોઈ અસર થશે નહીં તેઓ પહેલાની જેમ આઈસીસી ટુર્નામેન્ટમાં સામેલ થઈ શકશે. આ નિર્ણય વહીવટી સ્તરે લેવામાં આવ્યો હતો.તેથી ખેલાડીઓને ભંડોળ મળતું રહે અને નાણાકીય રીતે અસર ન થાય તેની ખાતરી કરવા માટે એક નિયંત્રિત પદ્ધતિ સ્થાપિત કરવામાં આવશે. આઈસીસી એ કેનેડા ક્રિકેટ બોર્ડની પુનઃસ્થાપના માટે કેટલીક શરતો મૂકી છે. જેનો હેતુ વહીવટી ખામીઓને સુધારવાનો છે. આઈસીસી આ સંદર્ભમાં કાર્ય થઈ રહ્યું છે કે કેમ તેનું નિરીક્ષણ કરવા માટે એક સમિતિની રચના કરશે.

# મેદાનથી લઈ ડ્રેસિંગ રુમ સુધી આઈપીએલ ૨૦૨૬ના આ વિવાદો ચર્ચામાં રહ્યા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬ની સીઝનમાં ઢગલાબંધ વિવાદો રહ્યા છે. વિવાદોના કારણે આઈપીએલ ૨૦૨૬ની સીઝન ચર્ચામાં રહી હતી. જેમાં ડ્રેસિંગ રુમથી લઈ વેપિંગકાંડ વિવાદોમાં રહ્યા છે.

● **વેપિંગ વિવાદ** : રાજસ્થાન રોયલ્સના ૨૪ વર્ષના કેપ્ટન રિયાન પરાગે ન્યુ ચંદીગઢમાં પંજાબ કિંગ્સ વિરુદ્ધ મેચ દરમિયાન ચર્ચામાં આવ્યો હતો. તેમણે રાજસ્થાન રોયલ્સના ડ્રેસિંગ રુમમાં વેપનો ઉપયોગ કર્યો હતો. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ત્યારબાદ બીસીસીઆઈએ તેના પર કાર્યવાહી પણ કરી હતી અને દંડ ફટકાર્યો હતો.

● **ફ્લાઈટમાં વેપિંગ** : ત્યારબાદ પંજાબ કિંગ્સનો સ્પિનર યુઝવેન્દ્ર ચહલ પણ વેપિંગ વિવાદના કારણે ચર્ચામાં આવ્યો હતો. ચહલનો ફ્લાઈટમાં વેપિંગ કરતો વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયો અર્શદીપ સિંહના બ્લોગમાંથી સામે આવ્યો હતો.

● **ટિમ ડેવિડનો અભદ્ર ઈશારો** : આઈપીએલ ૨૦૨૬માં મુંબઈ ઈન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રોમાંચક મેચ બાદ વિવાદ થયો હતો. જેમાં ટિમ ડેવિડે અભદ્ર ઈશારો કર્યો હતો. આ વિવાદ ખુબ ચર્ચામાં રહ્યો હતો.

● **હેડ-વિરાટનો વિવાદ** : સનરાઈઝર્સ હૈદરાબાદ અને આરસીબી વચ્ચે મેચ દરમિયાન વિરાટ કોહલી અને ટ્રેવિસ હેડ વચ્ચે વિવાદ જોવા મળ્યો હતો. બોલાચાલી બાદ જ્યારે વિરાટ કોહલી મેચ બાદ સનરાઈઝર્સ હૈદરાબાદના અન્ય ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા હતા. પરંતુ હેડ તરફ જોયું પણ ન હતુ. નજરઅંદાજ કર્યો હતો.

● **આઉટનો વિવાદ** : પ્રિન્સ યાદવે કેકેઆરની ઈનિંગની પાંચમી ઓવર નાખી. ઓવરના છેલ્લા બોલ પર અંગક્રિશ રઘુવંશીએ મિડ-ઓન તરફ બેક-ઓફ-લેન્થ શોટ રમ્યો અને રન લેવા દોડવા લાગ્યો. જોકે, મોહમ્મદ શમીએ બોલ પકડી લીધો અને રઘુવંશી અડધે રસ્તે અટકીને પાછો ફર્યો, રઘુવંશીને રન આઉટ કરવા માટે શમીએ થ્રો કર્યો અને અને રઘુવંશીએ ડાઈવ મારી. જોકે, બોલ રઘુવંશીના શરીર પર વાગ્યો. જે બાદ વિવાદ થયો.

# આઈપીએલ ૨૦૨૬ સમાપનઃ જાણો ૧૦ ટીમનું રિપોર્ટ કાર્ડ અને આગામી સીઝનમાં શું થઈ શકે ફેરફાર?

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૬માં ચેમ્પિયન બની હતી. ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સે હરાવીને સતત બીજું ટાઈટલ જીત્યું હતું. આગામી વર્ષની આઈપીએલમાં અનેક ટીમોમાં મોટા ફેરફાર જોવા મળી શકે છે. અહીં જાણો તમામ ટીમોનું આ સીઝનમાં પ્રદર્શન કેવું રહ્યું અને તેઓ આગામી સીઝન અગાઉ શું બદલવા માંગશે.

૧૮ વર્ષથી આઈપીએલ ટાઈટલ ન જીતી શકનારી આરસીબીએ સતત બીજી વખત ટાઈટલ જીત્યું છે. મુખ્ય કોચ એન્ડી ફ્લાવરે એક ચેમ્પિયન ટીમ બનાવી છે જે મેદાન પર શાનદાર પ્રદર્શન કરી રહી છે.

આરસીબી ઈચ્છશે કે નજીકના ભવિષ્યમાં કોઈ મેગા ઓક્શન ન થાય. ટીમના મોટાભાગના ખેલાડીઓ તેમની રમતને દરેક સીઝનમાં આગામી સ્તરે લઈ જઈ રહ્યા છે. આ સીઝનમાં તેમની માનસિકતા આક્રમક રીતે બીજી ટ્રોફીનો પીછો કરવાની હતી. સુપરસ્ટાર વિરાટ કોહલી, ભુવનેશ્વર કુમાર, જોશ હેઝલવૂડ ટીમની જીતના હીરો રહ્યો હતો.

ગુજરાત તરફથી શુભમન ગિલ, સાઈ સુદર્શન અને જોસ બટલર ટોચના ક્રમે રન કરી રહ્યા છે. જોકે મિડલ ઓર્ડર સીઝનમાં નિષ્ફળ રહ્યો હતો. તેમની બોલિંગ કદાચ ટુર્નામેન્ટમાં શ્રેષ્ઠ હતી. પેટ કમિન્સની કેપ્ટનશીપ હેઠળની ટીમે આ સીઝનમાં ધીમી શરૂઆત બાદ સારુ પ્રદર્શન કર્યું હતું. અંતે એલિમિનેટરમાં વૈભવ સૂર્યવંશી અને જોફ્રા આર્ચરના પ્રદર્શને તેમને પાછળ છોડી દીધા હતા. તેમના માટે મોટા હકારાત્મક પાસાઓમાં પ્રફુલ હિંગે અને સાકિબ હુસૈન જેવા ઝડપી બોલરોનો ઉદય હતો.

અભિષેક શર્મા, ટ્રેવિસ હેડ અને ઈશાન કિશન જેવા વિસ્ફોટક બેટ્સમેને ટોચના ક્રમે ફરીથી રન કર્યા. ચોથા નંબર પર હેનરિક ક્લાસેન સ્ટેન્ડઆઉટ બેટ્સમેન હતો જેણે ૧૬૦ના સ્ટ્રાઈક રેટથી ૬૨૪ રન કર્યા હતા.

રાજસ્થાન રોયલ્સ ૧૫ વર્ષના બાળક વૈભવ સૂર્યવંશી પર ખૂબ નિર્ભર હતું, જેણે સીઝનમાં ૨૩૭.૩૦ ના આશ્ચર્યજનક સ્ટ્રાઈક રેટથી ૭૭૬ રન સાથે સૌથી વધુ રન ફટકાર્યા હતા. આર્ચરે ૨૫ વિકેટ ઝડપી હતી. આ બંન્ને સિવાય કોઈ બેટ્સમેન કે બોલર મેચ વિનિંગ પ્રદર્શન કરી શક્યો નથી. ધ્રુવ જુરેલે બેટ્સમેન તરીકે શાનદાર સીઝનનો અનુભવ કર્યો હતો.

આઈપીએલના પહેલા હાફની સૌથી પ્રભાવશાળી ટીમ રહેલી પંજાબ કિંગ્સના ખરાબ પ્રદર્શને બીજા હાફમાં પ્લે-ઓફની તકો બગાડી નાખી હતી. સતત છ મેચ હારી ગઈ હતી. તેમની બેટિંગે ખરાબ બોલિંગને ઢાંકી દીધી હતી. કેપ્ટન શ્રેયસ ઐયર માટે સીઝન સારી રહી હતી. પરંતુ ટીમે હરાજીમાં તેની બોલિંગને મજબૂત બનાવવી પડશે.

સતત બીજી સીઝનમાં દિલ્હી કેપિટલ્સ અક્ષર પટેલની કેપ્ટનશીપમાં પ્લે-ઓફમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ ગઈ હતી. આ બીજી સીઝન હતી જ્યાં કેએલ રાહુલે ૫૦૦થી વધુ રન કર્યા હતા. ટીમ પાસે બેટિંગ ફાયરપાવર નહોતો. બોલિંગમાં પણ જરૂરી તાકાત નહોતી.

કેકેઆરે તેમની પ્રથમ છ મેચ હાર્યા બાદ ૧૦ ટીમોમાંથી સાતમા સ્થાને રહીને સારું પ્રદર્શન કર્યું. એવી પ્રબળ શક્યતા છે કે અજિંક્ય રહાણેએ આઈપીએલમાં તેની છેલ્લી સીઝન રમી છે. કેમરૂન ગ્રીન પાસે પણ યાદ રાખવા જેવી સીઝન નહોતી.

પાંચ વખતની ચેમ્પિયન ટીમ ૨૦૨૩માં ટાઈટલ જીત્યા પછી પ્લે-ઓફમાં સ્થાન મેળવી શકી નથી. ગાયકવાડની કેપ્ટનશીપ હેઠળની ફ્રેન્ચાઈઝીને અભિગમ બદલવાની જરૂર છે. સૌ પ્રથમ એમએસ ધોની વિશે સ્પષ્ટતા હોવી જોઈએ જેથી તેઓ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટનના નેતૃત્વ હેઠળના ગૌરવપૂર્ણ દિવસોથી આગળ વધી શકે.

ઈજાને કારણે તેણે આ સીઝનમાં એક પણ મેચ રમી નથી, પરંતુ ધોની સિવાય કોઈને ખબર નથી કે આગામી સીઝનમાં શું થશે. હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સ છોડવા માટે તૈયાર હોવાથી સીએસકે તેને પોતાની સાથે સામેલ કરી શકે છે.

ભારતના સ્ટાર ખેલાડીઓથી ભરેલી ટીમ મુંબઈ ઈન્ડિયન્સે આ સીઝનમાં સૌથી વધુ નિરાશાજનક પ્રદર્શન કર્યું. જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા માટે આ સીઝન ખરાબ રહી હતી. રોહિત શર્માએ ટોચ પર સારું પ્રદર્શન કર્યું હતું પરંતુ ઈજાના કારણે તેની સીઝન પર અસર પડી હતી. ટીમ મેનેજમેન્ટ અને માલિક આગામી સીઝનમાં કેપ્ટનશીપ માટે કોને પસંદ કરે છે તે જોવાનું બાકી છે.

ઋષભ પંતના લખનઉની કેપ્ટનશીપ છોડ્યા બાદ આગામી સીઝન માટે સુધારાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. મોહમ્મદ શમી, મોહસીન ખાન અને પ્રિન્સ યાદવના નેતૃત્વ હેઠળના બોલરોએ પ્રભાવિત કર્યા. મોહસીન એકમાત્ર બોલર હતો જેણે સૂર્યવંશીને અભૂતપૂર્વ મેડન ઓવર ફેંકી હતી. પંત અને નિકોલસ પૂરને નિરાશ કર્યા હતા. ટીમ કોને કેપ્ટન બનાવે તેના પર સૌની નજર રહેશે.

# પંડ્યા બ્રધર્સમાં ખટરાગ? કૃણાલના આઈપીએલ ચેમ્પિયન બનવા પર હાર્દિક કેમ છે ચુપ...!ફેન્સના સવાલ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ આરસીબીની આ જીતને દરેક વ્યક્તિ સેલિબ્રેટ કરી રહી છે અને સોશિયલ મીડિયા પર સતત જોરદાર પોસ્ટ પણ શેર કરી રહી છે. સોશિયલ મીડિયા પર આરસીબીને ખૂબ ખૂબ અભિનંદન મળી રહ્યા છે. બીજી તરફ, સોશિયલ મીડિયા પર એક અલગ જ ચર્ચાએ પણ જોર પકડ્યું છે. કૃણાલ પંડ્યાના ભાઈ હાર્દિક પંડ્યાએ કૃણાલ માટે સોશિયલ મીડિયા પર એક પણ પોસ્ટ કરી નથી. હાર્દિકના આ મૌન બાદ સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની અટકળો શરૂ થઈ ગઈ છે. કેટલાક ફેન્સે સવાલો ઉઠાવ્યા છે કે




શું બંને ભાઈઓ વચ્ચે બધું બરાબર છે? જોકે, આ ચર્ચાઓને લઈને અત્યાર સુધી કોઈ પણ તરફથી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. રસપ્રદ વાત એ છે કે આ પહેલાં પણ બંને ભાઈઓના સંબંધોમાં ખટાશ આવી હોવાની અફવાઓ ઉડી ચૂકી છે. પરંતુ બાદમાં તે સમાચારોને ફગાવી દેવામાં આવ્યા હતા.

# આરસીબીની ટીમને ટ્રોફી સાથે મળેલા રૂપિયા ૨૦ કરોડમાંથી રૂપિયા ૬.૨૪ કરોડ ગાયબ!

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : ૩૧મી મે, ૨૦૨૬નો દિવસ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી)ના ફેન્સ માટે ખૂબ જ યાદગાર અને ઐતિહાસિક રહ્યો હતો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી આઈપીએલ, ૨૦૨૬ની ફાઈનલ મેચમાં આરસીબીએ ગુજરાત ટાઈટન્સ પાંચ વિકેટથી હરાવીને બીજી વખત ટ્રોફી પોતાના નામે કરી હતી. આ ઐતિહાસિક જીત બાદ જ્યાં આખી ટીમ જશ્નમાં ડૂબેલી છે અને ચેમ્પિયન ટીમ પર પૈસાનો ભારે વરસાદ પણ થયો છે. પરંતુ, શું તમે જાણો છો કે આરસીબીને મળેલી આ મોટી ઈનામી રકમનો એક મોટો હિસ્સો ટેક્સ તરીકે સરકારી ખજાનામાં જશે? ક્રિકેટના મેદાન પર મળેલી આ મોટી રકમ પર ભારતના કડક ટેક્સ નિયમો લાગુ થાય છે. ઈન્ડિય ઈક્રમટેક્સના નિયમો અનુસાર, રમતગમત કે કોઈપણ સ્પર્ધામાં જીતેલી પ્રાઈઝ મનીને સામાન્ય કમાણી માનવામાં આવતી નથી. આ જ કારણે આઈપીએલમાં મળતી આ રકમ પર ઈક્રમટેક્સ ડિપાર્ટમેન્ટના ખાસ નિયમો મુજબ સીધો ટેક્સ વસૂલવામાં આવે છે. એટલે કે ૨૦ કરોડ રૂપિયાની આ આખી રકમ ટીમ મેનેજમેન્ટ કે ખેલાડીઓના ખાતામાં સીધી નહીં જાય, પરંતુ તેમાં મોટો કાપ મુકાશે.

ભાગવતકાર નાનાલાલ રાજયગુરૂની વ્યાસગાદી

# વરજડી દેવલધામમાં ચાલતી ભાગવત કથાને નારાયણ યજ્ઞ સાથે અપાયો વિરામ






## ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવે સહિતના રાજકીય, મહાનુભાવોએ હાજરી આપી મેળવ્યા વ્યાસગાદીના આશિર્વાદ : સેવાભાવીઓનું કરાયું સન્માન

ગઢશીશા - કચ્છઉદય : વરજડી દેવલધામમાં ભાગવતકાર નાનાલાલ રાજયગુરૂની વ્યાસગાદીએ અને શાસ્ત્રી કૌશિક મારાજના આચાર્યપદે તેમજ મણીબેન કરમશી પચાણ માવાણી પરિવારના મુખ્ય યજમાન પદે અને સહયોગી યજમાન પરિવારો દ્વારા યોજાયેલ શ્રીમદ ભાગવત કથાને નારાયણ યજ્ઞ સાથે સાતમા દિવસે વિરામ અપાયો હતો. ભાગવતકાર નાનાલાલ રાજયગુરૂ અને તેઓની સંગીત ટીમનું યજમાન પરિવાર દ્વારા સન્માન કરાયું હતું.

આ પ્રસંગે માંડવી - મુંદરાના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવે, અગ્રણી બટુકસિંહ જાડેજા, તાલુકા ભાજપ પ્રમુખ સામંતભાઈ ગઢવી, મહામંત્રી મહેન્દ્ર રામાણી તેમજ તા.પં.ના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ હાજરી આપી વ્યાસ ગાદીના આશિર્વાદ મેળવ્યા હતા. વિ.હિ.પ.ના શશીકાંતભાઈ ઠક્કરે ખાસ હાજરી આપી હતી.

યજમાન પરિવાર દ્વારા તમામ મહાનુભાવોનું સન્માન કરાયું હતું. આ સાથે ભાગવત કથામાં સેવા આપનાર સેવાભાવીઓનું પણ સન્માન કરાયું હતું. મુખ્ય યજમાન પરિવારના નવીનભાઈ માવાણીએ સૌને આવકાર્યા હતા. સહયોગી યજમાન મણીલાલભાઈ કેસરાએ યજમાન પરિવારોવતી સૌનો આભાર વ્યક્ત કરાયો હતો. ભૂદેવોને દાન દક્ષિણા અપાઈ હતી.

# વેદાંતિક ગ્રંથ - "પંચદશી"ની જ્ઞાનશિબિરથી ભુજનો ભુજીયો જાણે હિમાલય તપોભૂમિ સમકક્ષ બન્યો





ભુજ - કચ્છઉદય :વહેલી સવારે દક્ષિણામૂર્તિસ્તોત્ર, વૈદિક શાંતિમંત્રો અને કૈવલ્ય ઉપનિષદના વૈદિક પરંપરા મુજબના આરોહ-અવરોહ સાથેના મધુર સંસ્કૃત ભાષાના શિબિરાર્થીઓ દ્વારા થતા મંત્રોચ્ચારથી ભુજીયાની તળેટીમાં આવેલ આર્ષ અધ્યયન કેન્દ્ર આશ્રમ ખાતે જાણે હિમાલયની -ઋષિભૂમિનું વાતાવરણ સર્જાયું હતું.

દરેક સનાતનધર્મી આધ્યત્મિક સાધકનું એ સ્વપ્ન હોય છે કે હિમાલયમાં જઈ જપ - તપ - ઉપાસના - સત્સંગ-સાધના કરે. પ્રાચીન પરંપરાથી હિમગીરી શિખર અને હરિદ્વાર, ઋષિકેશ જેવા કેન્દ્રો ખાતે સન્યાસીઓ અને વરિષ્ઠ આધ્યત્મિક સાધકો માટે કૈલાશ આશ્રમ, સાધના આશ્રમ પર જઈ શાસ્ત્રજ્ઞાન અને ગુરુ સાનિધ્ય પ્રાપ્ત કરી મોક્ષ પુરૂષાર્થ માટે પ્રયત્નશીલ હોય છે, પરંતુ મે માસમાં ભુજ ખાતે પૂજ્ય સ્વામી પ્રદીપ્તાનંદ સરસ્વતીજીના આચાર્ય સ્થાનેથી ભુજના ૨૦ જેટલા સાધકોએ પ્રત્યક્ષ અને અનેક સાધકોએ ઓનલાઈન મિડીયાના માધ્યમથી મોક્ષ મુલ્ક ગ્રંથ પંચદશી (પૂજ્ય વિદ્યારણ્ય મુનીજી વિરચિત) અને શ્રીમદ ભગવદ ગીતા (પૂજ્ય શંકરાચાર્યજી ભગવાનના ભાષ્ય સહીત) અધ્યયન કરવાનો લાભ લીધો અથો.

આ શિબિરની વિશેષતા એ રહી હતી કે દરરોજ શ્રી રામ જય રામ જય જય રામ' ના મહામંત્રનું જીગ્નેશ તિલાવટ દ્વારા વિવિધ રાગ - રાગિણીઓ ગાયનના આધારે સંકીર્તન - ધ્યાન કરાવાયું હતું. સમગ્ર દિવસ દરમ્યાન પ્રાચીન ત્રષિ પરંપરા મુજબ મંત્રોપાસના - ધ્યાન - અધ્યાત્મિક પ્રવચનોઅને અધ્યાત્મિક પ્રશ્નોત્તરી દ્વારા કલિયુગના કપરા કાળમાં પણ સાધકોએ આનંદની હેલી અનુભવી હતી. ગૃરુકૃપા અને શાસ્ત્રકૃપા દ્વારા મોક્ષ માર્ગ પર આગળ ડગલા ભર્યાનો દરેક શિબિરાર્થીએ અનુભવ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન હેઠળ આર્ષ અધ્યયન કેન્દ્રના સાધકોએ સંભાળી હતી.

# અંગિયા ફાટક પાસે ખેતરપાળ મંદિરે પાટોત્સવ ઉજવાયો


નખત્રાણા - કચ્છઉદય : અંગીયા ફાટક નજીક પાંચાણી ફાર્મની સામે આવેલ જયગીરનારી આશ્રમ ખાતે મહંત દેવગીરીબાપુના સાનિધ્યમાં ચૌદસ નિમિતે ખેતરપાળ દાદાનો પાટોત્સવ ધામધૂમથી યોજવામાં આવ્યો હતો.

મહંત દેવગીરીબાપુએ કહ્યું કે, ભજન આત્માનો ખોરાક છે. આપણા મહાન મહાપુરૂષોએ ભજનવાણી આપી હતી, તેને જાળવી રાખવા અને ઠાકરથાળીની પરંપરાને જાળવવા શીખ આપી હતી. ઉપરાંત આશ્રમના વિકાસ માટે દાતાઓનો આભાર માન્યો હતો.

સાંજે આરતી, પૂજન, મહાપ્રસાદ બાદ રાત્રે સંતવાણી યોજાઈ હતી, જેમાં ચિરાગ ગોસ્વામી તથા વિનયકાંત ગોર અને ભાવિકોએ ભજનો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં રમેશભાઈ લોચા, સતુભા જાડેજા (દેવપર), ગોપાલ ગરવા, ગાંધીધામથી સેવકો, તરાના વેરસીભાઈ મહેશ્વરી, રમેશભાઈ બી. મુછડિયા, ગઢવીભાઈ, રમેશભાઈ દાફડા, વિનુભાઈ મારાજ, ભાવેશ ઠક્કર (કોટવાલ), યશવંતગિરિ ગોસ્વામી, છગનભાઈ, હરિભાઈ, શંકરભાઈ વાડિયા, અરવિંદ જોષી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મોટા અંગીયાના સરપંચ ગોપાલભાઈ ગરવા, હર્ષભાઈ ગરવાએ સહયોગ આપ્યો હતો.

# જીતો નેશનલ જોબફેર : ૩૩૦ યુવાનોએ નોંધણી કરાવી રોજગારીની તકો મેળવી






## કચ્છના યુવાનોના કૌશલ્યને યોગ્ય મંચ પૂરો પાડવા માટે કાયમી ડેટાબેન્ક તૈયાર કરાશે : પંકજ મહેતા

ભુજ - કચ્છઉદય : ભુજમાં આયોજિત નેશનલ જોબફેર-૩.૦ ના ઉદ્દઘાટન પ્રસંગે જીતો ભુજ ચેપ્ટરના ચેરમેન પંકજભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, કચ્છના યુવાનોને તેમની આવડત અને કૌશલ્ય અનુસાર રોજગારી મળી રહે તે માટે જીતો ભુજ ચેપ્ટર યુવાનો અને કંપનીઓ વચ્ચે એક મજબૂત સેતુ તરીકે કામ કરશે. આ આયોજનને માત્ર એક દિવસના કાર્યક્રમ સુધી મર્યાદિત ન રાખતા, એક વિશેષ ડેટાબેક્ર તૈયાર કરવામાં આવશે જેથી યુવાનોને લાંબા ગાળા સુધી રોજગારની તકો મળતી રહે. રાષ્ટ્ર અને સમાજહિતને પ્રાધાન્ય આપી વ્યાપારના વિકાસ તેમજ બિઝનેસ યુનિટ્સને ઉપયોગી થવાના ઉદેશ્ય સાથે જીતો દ્વારા દેશભરમાં ૧૮૦ જેટલા સ્થળો પર એકસાથે આ પ્રકારના મેગા જોબફેરનું આયોજન કરવામાં આવ્યું હતું.

પૂર્વ ધારાસભ્ય અને જીતો ભુજ ચેપ્ટરના ચેરમેન પંકજભાઈ મહેતાએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, વીબીસી સંકુલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ૩૩૦ જેટલા ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક નોંધણી કરાવી હતી, જેમાંથી ૨૫૦ જેટલા યુવાનોએ પ્રત્યક્ષ હાજર રહી વિવિધ ૧૩ કંપનીઓના પ્રતિનિધિઓ સમક્ષ ઈન્ટરવ્યૂ આપ્યા હતા.

ભુજના નગરપતિ શીતલભાઈ શાહના હસ્તે આ જોબફેરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે માર્ગદર્શન આપતા નગરપતિએ યુવાનોને શીખ આપી હતી કે કારકિર્દીના ઘડતરમાં કોઈ પણ પ્રકારના શોર્ટકટ અપનાવવાને બદલે અનુભવ મેળવવા પર વધુ ભાર મૂકવો જોઈએ. તેમણે જીતો ભુજ ચેપ્ટરના આ આયોજનને યુવાનો માટે રોજગારી મેળવવાનું શ્રેષ્ઠ મંચ ગણાવીને તેને બિરદાવ્યું હતું. આ જોબફેરમાં મોનાર્ચ નેટવર્ક કેપિટલના સહયોગથી અદાણી ગ્રુપ, એગ્રોસેલ, વીનસ પાઈપ એન્ડ ટયુબ્સ, ચાણક્ય એકેડેમી, લીના બિલ્ડર્સ, અમૃતલાલ દેસાઈ કંપની, નંબર પ્રા. લિ., ટાઈમ્સ સ્કવેર, કે.ડી. મોટર્સ, અર્હમ્ વેરહાઉસિંગ એલએલપી, ગોકુલ એગ્રો રિસોર્સિસ લિ., શાહ ટાયર્સ, ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ અને શુભ નિવેશ એસોસીએટ્સ જેવી પ્રતિષ્ઠિત કંપનીઓ જોડાઈ હતી.

આ આયોજનમાં ફ્રેન્ડસ ગ્રુપ ગાંધીધામના બાબુભાઈ સિંઘવી મુખ્ય સ્પોન્સર રહ્યા હતા.

જીતો ભુજ ચેપ્ટર દ્વારા પ્રધાનમંત્રીના સંકલ્પોને સાકાર કરવા માટે શિક્ષણ અને આત્મનિર્ભરતાના ક્ષેત્રમાં પણ મહત્વના પગલાં લેવામાં આવ્યા છે. જે અંતર્ગત કચ્છ યુનિવર્સિટી અને ચાણક્ય ફિઝિયોથેરાપી સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. દીકરીઓને આત્મનિર્ભર બનાવવા માટેની આ ખાસ પહેલ હેઠળ છાત્રાઓ પોતાનો અભ્યાસ પૂર્ણ કરી પગભર થાય ત્યારબાદ જ ફી ભરે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેનો ૩૨ છાત્રાઓ લાભ લઈ રહી છે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સંજય દેસાઈ, પારસ મહેતા, નીરજ શાહ, રાજન મોરબિયા, દીપાલીબેન શાહ અને ચીફ સેક્રેટરી બિર્જુ શાહ સહિતની ટીમ જીતોએ જહેમત ઉઠાવી હતી, જ્યારે જોબફેરનું સંપૂર્ણ સંચાલન અંકિત દેસાઈ અને તાપસ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

# નેત્રા માતાજીના ગામે હાલે ભુજથી વહેલી સવારે કોઈ જ બસ સુવિધા નથી

ભુજ - કચ્છ ઉદય : પશ્ચિમ વિસ્તારના પ્રસિદ્ધ મા જોગ મૈયાના સ્થાનક નેત્રા માતાજીના ગામે હાલે ભુજથી વહેલી સવારે કોઈ જ બસ સુવિધા નથી. આ વિસ્તારમાં રેલવે રૂટથી પણ જોડાયેલ હોઈ વહેલી સવારે મુંબઈથી કે દૈનિક અપડાઉન કરતા લોકોને ખાનગી કે પ્રાઈવેટ વાહનથી મુસાફરી કરવાની ફરજ પડતી હોઈ હાલે ૮ વાગ્યા પછી એસટી હોઈ આ વિસ્તારને ૭ વાગ્યે ભુજથી નેત્રા બસ શરૂ થાય તો દૈનિક પ્રવાસી સહિત આ વિસ્તાર માટે ઉપયોગી બની રહેશે, જ્યારે સાંજે ૪:૩૦ બાદ કોઈ જ ભુજ જવાની સગવડ ન હોઈ આ વિસ્તારના ૨૦ હજારથી વસ્તી હેઠળના દૈનિક ભુજથી ૧૦ જ્યારે નખત્રાણાથી ૧૫ થી વધુ વેપારીની અવર-જવર હોવા છતાય અને રાત્રે સયાજી જેવી રેલવે સેવાથી બહાર જતા લોકો માટે ૬ થી ૬:૩૦ આસપાસ નેત્રાથી ભુજ એસટી સેવા અને જરૂર પડે સાંજે કોટેશ્વર કે માતાના મઢની ડાયરેક્ટ બસ સેવાને રવાપરથી નેત્રા - ટોડિયા કરાય અને હાલે રસ્તા પણ બહું સારા હોઈ લોકો માટે આશીર્વાદ રૂપ બની રહેશે.

લોકોની વ્યાપક માંગ હોઈ વહેલી તકે પ્રશ્નનો ઉકેલ લાવવા અને વેકેશન પૂર્ણ થાય નેત્રાથી અપડાઉન કરતા વિદ્યાર્થીઓ માટે નિયમિત બસની ફાળવણી કરવા વારંવાર અનિયમિત બસ સેવા પગલે વિદ્યાર્થીઓને પગપાળા અભ્યાસ કરવો પડે છે. અથવા અભ્યાસ છોડવાનો વખત આવતો હોઈ પ્રશ્નનો ઉકેલ લાવવવા ડેપો મેનેજર નખત્રાણાને જિલ્લા પંચાયત સદસ્ય નેહાબેન અશ્વિન રૂપારેલે રજૂઆત કરતા જણાવ્યું હતું.

# રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પોલીસ અધિક્ષક બી.સી. ઠક્કર નિવૃત્ત થતાં વિદાય સમારોહ યોજાયો



ગાંધીધામ - કચ્છઉદય : જુનાગઢ જિલ્લાના કેશોદ ડીવીઝનમા પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા મુળ ભચાઉના વતની બી.સી. ઠક્કર વય મર્યાદાના લીધે નિવૃત્ત થતાં કેશોદની વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. પોલીસ વિભાગની સેવા દરમિયાન અત્યાર સુધીમાં આપની પ્રસંશા પાત્ર કાર્ય શૈલીના કારણે ૩૪૪થી અધિક પ્રશસ્તિપત્રો આપના સિનિયર અધિકારીઓ તેમજ સરકાર દ્વારા પ્રાપ્ત થયેલ છે. તાજેતરમાં જ તા. ૧૫-૮-૨૦૨૪ના રાષ્ટ્રપતિજી દ્વારા અત્યાર સુધીની બેદાગ, દીર્ઘકાલીન ફરજ નિષ્ઠા, વિરતા, શૌર્યતા અને આપની શૌર્યચક્ર અને પોલીસ મેડલ કેન્દ્ર સરકાર દ્વારા અર્પણ કરવામાં આવેલ છે. વિદાય સમારોહમાં જુનાગઢ ડીજીપી રાજેન્દ્રસિંહ ચુડાસમા જૂનાગઢ રેન્જ, એસપી સુબોધ ઓડેદરા, એએસપી રોહિતકુમાર ડાંગર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજની સંસ્થા દ્વારા વિકાસલક્ષી પ્રવૃત્તિની ચર્ચા-વિચારણ કરાઈ



ભુજ - કચ્છ ઉદય : કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા ,ભુજ દ્વારા કારોબારી સભ્યો સાથે સંસ્થા એ કરેલ ૨૦૨૬ માં જુદી જુદી સાહિત્ય પ્રવૃતિ ,તાલીમ અને સમર કેમ્પ,સેલ્ફ ડિફેન્સ,લીંપણ આર્ટ વર્ક શોપ વિગેરે પ્રવૃતિ ની માહિતી સાથે વિવિધ સાહિત્ય લેખન પઠન માહિતી ની સંસ્થા વધુ વિકાસ લક્ષી પ્રવૃતિ કાર્યની ચર્ચા, વિચારણા બેઠક દિલીપ આચાર્ય ના પ્રમુખ સ્થાને યોજવા માં આવી હતી. જેમાં સમર કેમ્પ,સેલ્ફ ડિફેન્સ સાથે સ્વ રક્ષણ - બચાવ ,માટી લીંપણ આર્ટની તાલીમ વિગેરે અંગે વિવિધ પ્રકારની પ્રવૃતિ કાર્ય ની માહિત આપીને સંસ્થાને સાહિત્ય સહ અન્ય પ્રવૃતિઓ કાર્ય માં જ્યોતિ બેન ગોહિલ એ સેવા આપેલ તે સભ્ય દ્વારા બિરદાવવા માં આવી હતી. ઉપરાંત નર્સ દિવસ,વિશ્વ પરિવાર,વિશ્વ પૃથ્વી દિવસ વિગેરેની રચના ભારતી ભંડેરી ની મળેલ તે વાંચન કરેલ હતું.

જ્યારે કાવ્ય પઠનમાં મગન ભાઈ ઠક્કર એ સ્વરચિત,બંકિમ બ્રહ્મભટ્ટ એ ચદુલાલ ગોર, ઉષા દાવડા ની કનૈયા લાલ અબો ટી એ રજૂ કરેલ, જેમાં વિનોદ ગોર અને મદન ભટ્ટ, ખુશ્બુ સરવૈયા, સહિત સભ્યો એ સહયોગી થયા હતા.સભ્ય ભાવના બેન ઢીલા(આહીર) ને ડૉ.આંબેડકર ઓપન યુનિ.ખાતે માસ્ટર ઓફ આર્ટસમાં ગુજરાત પ્રથમ આવવાથી સુવર્ણ ચંદ્રક મળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# બજારમાં મળતા પથી ૧૦ રૂપિયાના ઠંડાપીણા બિમારીને આપે છે આમંત્રણ

ભુજ - કચ્છઉદય : હાલ ઉનાળાની કાળઝાળ ગરમી ચાલી રહી છે, ત્યારે ગરમીથી બચવા ગરીબ લોકો અને ખાસ નાના બાળકો ઠંડાપીણા પીતા હોય છે.

પથી ૧૦ રૂપિયાવાળા સસ્તાં ઠંડા પીણા જે માર્કેટમાં વેચાઈ રહ્યા છે, જેનો પેકિંગ ગમે ત્યાંથી કરી શકાય છે. રજિસ્ટર બ્રાન્ડ નથી કે તેની ગુણવતા પણ માપવામાં આવતી નથી. તેમાં વધારે પડતો કેમિકલ વાપરવામાં આવે છે, પણ જિલ્લા ફૂડ વિભાગ દ્વારા કચ્છમાં આવા એકમોની સાથે દુકાનો તેમજ ગલ્લાઓ પર વેચાતા ઠંડા પીણાની તપાસ કરવામાં આવતી નથી. અવાર નવાર ફરિયાદો થાય પણ ફૂડ વિભાગ દ્વારા કાર્યવાહી કરાતી નથી.

ગાંધીનગરથી ડ્રાઈવની સૂચના આવે ત્યારે સેમ્પલ લેવામાં આવે છે. મોટાભાગે સેમ્પલ એવા લેવાય છે, જે ટેસ્ટીંગમાં પાસ થાય તેવા હોય છે. તેમજ માંડ બે ત્રણ શંકાસ્પદ હોય પણ તેના રિપોર્ટ બેથી ત્રણ મહિના પછી આવતા હોય છે, જેનો મતલબ રહેતો નથી. જીઆઈડીસી સહિતના વિસ્તારોમાં ઉત્પાદન થાય છે, પણ આજ સુધી ક્યાંય જાણવા મળ્યું નથી કે તપાસ થઈ હોય.

ઘણા અધિકારીઓની મીઠી નજર નીચે ચાલતા એકમો તેમજ ઘર ઘરાઉ પેકિંગ કરીને વેચાતા ઠંડા પીણાના નામે કેમિકલ્સથી લોકો અને બાળકોને બચાવવા જરૂરી હોવાનું કચ્છ લડાયક સંઘ દ્વારા જણાવાયું છે. તંત્ર દ્વારા ગૃહ ઉદ્યોગ, ફેક્ટરી કે ઠંડા પીણાં તેમજ કેરીનો રસ પનીર તેમજ અન્ય આવી આવી પ્રોડક્ટર્સ જે પ્રતિબંધિત અને હલકી ગુણવતા ધરાવે છે તેની એનઓસી લગતા વળગતા ડિપાર્ટમેન્ટ એમની યોગય તપાસ કરે અને કાર્યવાહી કરે તેવી માંગ કરી છે. સગર્ભા માતાઓ જે બાળકને જન્મ આપે છે એને પણ આઈસીયુમાં રાખવા પડે છે. આવી અનેક બીમારીના લક્ષણો દેખાય છે. આ બધા પાછળનું મોટુ કારણ ઠડાં પીણાં અને તેમજ પ્રીઝર્વેટીવ પ્રોડક્ટ્સ જે ગરીબ પ્રજાના આરોગ્ય સાથે સીધે સીધું ચેડાં છે. તાત્કાલિક આવા પ્રોડ્ક્ટર્સ બનાવનાર લાઈસન્સ રદ કરવામાં આવે અને દર અઠવાડિયે સેમ્પલ લેવામાં આવે તેની યોગ્ય તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## કંપનીના માલની ચોરી અને વિશ્વાસઘાતના ગુનામાં ૧૫ આરોપીઓ સામે ભચાઉ પોલીસની કાર્યવાહી

ગાંધીધામ - કચ્છ ઉદય : ભચાઉ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ હેઠળ કંપનીના માલની ચોરી, વિશ્વાસઘાત અને ગુનાહિત કાવતરાના આરોપસર ૧૫ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ ભચાઉ (આમરડી ઓપી) વિસ્તારમાં આવેલી એક કંપનીમાં કામ કરતા કેટલાક ઓપરેટરો, સુપરવાઈઝરો, ટ્રાન્સપોર્ટરો અને ડ્રાઈવરોએ મળીને કંપનીના માલની ગેરરીતિપૂર્વક હેરફેર કરી ચોરી આચરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ કંપનીના સ્ટોકમાં સતત ઘટ જોવા મળતા આંતરિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૫ પર

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

શું સાંભળવામાં તકલીફ છે ?

હવેથી નવા સ્થળે

અક્ષર સ્પીચ એન્ડ હીયરિંગ ક્લિનિક

કોલ કરીને એપોઈન્ટમેન્ટ લઈને મળવું
મો. 99048 34483, 77789 34483

-:: ભુજ ::-
પ્રેસ્ટિજ બિલ્ડિંગ, ૧ માળે,
દુકાન નં. ૧૯,રાજ આઈસ્ક્રીમ ઉપર,
જી.કે. જનરલ હોસ્પિટલ ગેટ નં. ૧ સામે,

-:: ગાંધીધામ ::-
૧૬/૨, પાર્વતી ચેમ્બર, પ્લોટ નં. ૨૯૩,
વોર્ડ ૧૨-બી, ગાંધી માર્કેટની સામે,
જીવનસાથી મેડિકલની ઉપર.

સરકારી કર્મચારી અને પેન્શનરોને ફ્રી હીયરિંગ મશીનની યોજનાનો લાભ તથા માર્ગદર્શન

દુનિયાની કોઈ પણ કંપનીનું હીયરિંગ મશીન ખરીદવા પહેલા એકવાર અવશ્ય મુલાકાત લો.

# કચ્છના હાઈવે પર અમુક ઢાબા સ્ટાઈલ હોટલોની આડમાં બેનામી ધંધાઓ બેફામ: લાખાની સામે ગુજસીટોક કરો

**સુરજબારીથી મુંદરા સુધીના હાઈવે પર લાખાની ૪૦થી વધુ જેટલી આવેલી છે હોટલો : લાખો ખુદ ક્યાંય કાગળ પર નથી, કોઈને કોઈ અન્યના નામે આવા અડ્ડાઓ ધમધમાવી રહ્યો હોવાની છે ચર્ચા : દારૂ-તેલ-ઓઈલ-પોર્ટ પર આવતી વસ્તુઓની ચોરી-તસ્કરી સહિતના કૃત્યો લાખાની ટોળકી આવા અડ્ડાઓ પર બેખોફીથી કરતી હોવાની છે ચર્ચા**

ગાંધીધામ : કચ્છ જિલ્લાના નેશનલ હાઈવે પર આવેલી અમુક ધાબા સ્ટાઈલ હોટલો હવે ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું એપીસેન્ટર બની રહી હોવાની વિગતો સપાટી પર આવી રહી છે. ખાસ કરીને સુરજબારઈથી લઈને મુંદ્રા સુધીના હાઈવે પટ્ટા પર ૪૦થી વધુ હોટલોનું સામ્રાજ્ય ધરાવતા કુખ્યાત ‘લાખા’ નામના શખ્સની શંકાસ્પદ ભૂમિકા સામે સ્થાનિકો અને જાગૃત નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પૂર્વ કચ્છ પોલીસ દ્વારા જ્યાં સુધી આ મુખ્ય સુત્રધાર સામે કડક કાનૂની સકંજો નહીં કસાય, ત્યાં સુધી હાઈવે પરના ગુનાખોરીના નેટવર્કને નાથવું કપરૂં બનશે તેવી લોકમાંગ ઉઠી છે.તાજેતરમાં જ હોટલની આડમાં ચાલી રહેલા મોટા તેલ ચોરીના રેકેટમાં પોલીસ દ્વારા લાખાની ધરપકડ કરવામાં આવી હતી. પરંતુ કાયદાકીય છટકબારીઓનો લાભ લઈને આ આરોપી ગણતરીના ૨૪ કલાકમાં જ જામીન પર મુક્ત થઈ જતાં પોલીસની કામગીરી અને કાયદાના ડર સામે અનેક સવાલો ઊભા થયા છે. આરોપી જેલની બહાર આવતાની સાથે જ ફરીથી તેનું નેટવર્ક સક્રિય થઈ ગયું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, લાખા અંતર્ગત આવતી હાઈવે પરની આવી અમુક ધાબા સ્ટાઈલ હોટલો માત્ર ખાવા-પીવા પૂરતી સીમિત નથી, પરંતુ ત્યાં પ્રતિબંધિત અને ગેરકાયદેસર ચીજવસ્તુઓની હેરફેરનું મોટું નેટવર્ક ચાલી રહ્યું છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાખો જ આ તમામ કાળા કારોબારને ફૂલવા-ફાલવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યો હોવાનુ પણ ચર્ચાય છે. હાલમાં જ ઝડપાયેલા માદક પદાર્થોના નેટવર્ક બાદ હાઈવેની આવી હોટલો પર કડક વોચ રાખવી અનિવાર્ય બની ગઈ છે.કચ્છની શાંતિ અને સલામતી જોખમાવતી આવી સંગઠિત ગુનાખોરીને નેસ્તનાબૂદ કરવા માટે પૂર્વ કચ્છ પોલીસ વડા અને રેન્જ આઈજી સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે કે: મુખ્ય સૂત્રધાર લાખાને તાત્કાલિક અસરથી કચ્છ જિલ્લામાંથી હદપાર (તડીપાર) કરવામાં આવે. તેની સામે સંગઠિત ગુનાખોરી નિયંત્રણ ધારો એટલે કે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરી કડક જેલ હવાલે કરવામાં આવે જેથી તેનું આર્થિક અને ગુનાહિત સામ્રાજ્ય તોડી શકાય.જો પોલીસ વિભાગ દ્વારા આ મામલે સખત પગલાં લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં હાઈવે પર ગુનાખોરીનું પ્રમાણ બેકાબૂ બની શકે છે તેવી ભીતિ સેવાઈ રહી છે.

## પડાણામાં હોટેલ પાર્કીંગમાથી મોટો દારૂ ઝડપાતા હાઈવેની ઢાબા સ્ટાઈલ હોટલો ફરી શંકાના ઘેરામાં

**હવે સુરજબારી-સામખીયાળીથી લઈ અને મુંદરા સુધીના હાઈવે પર આવેલી ઢાબા સ્ટાઈલ હોટલો પર પોલીસે સંયુક્ત રીતે બોલાવી જોઈએ સરપ્રાઇઝ કોમ્બીંગ? મોટા રસાલા સાથે અધિકારીઓ આવી હોટલો પર એક સાથે ત્રાટકશે તો કઈક ખોટા ધંધાઓનો થશે ખુલાસો**

ગાંધીધામ : કચ્છના પડાણા નજીકથી અંદાજે ૪૫ લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાતા ફરી એકવાર હાઈવે ઉપર આવેલી ધાબા સ્ટાઈલ હોટલો અને તેના પાર્કિંગ વિસ્તારો ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ જથ્થો પણ એક ધાબા સ્ટાઈલ હોટલના પાર્કિંગ વિસ્તારમાંથી ઝડપાયો હોવાનું સામે આવ્યું છે. ઘટનાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે કચ્છના હાઈવે ઉપર અમુક ધાબા સ્ટાઈલ હોટલો માત્ર ખાણીપીણી કે આરામ માટે નહીં પરંતુ બેનામી અને શંકાસ્પદ પ્રવૃત્તિઓના અડ્ડા બની રહી હોવાની આશંકા હવે વધુ મજબૂત બની રહી છે.સમયાંતરે વિવિધ પ્લેટફોર્મ પરથી સુરજબારીથી લઈને મુન્દ્રા સુધીના હાઈવે પર આવેલી અમુક ધાબા સ્ટાઈલ હોટલો અંગે અસામાજિક પ્રવૃત્તિઓ, દારૂની હેરાફેરી, શંકાસ્પદ વાહનોની અવરજવર અને ગેરકાયદે કારોબાર અંગે બુમો ઉઠતી રહી છે. છતાં પણ જોવામાં આવે તો છૂટક કાર્યવાહી બાદ ફરી એ જ પ્રકારની ગતિવિધિઓ ચાલુ રહેતી હોવાના આક્ષેપો સતત સામે આવતા રહ્યા છે.સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે કે જો પોલીસ અને તપાસ એજન્સીઓ આ કેસમાં ઊંડી અને કડક તપાસ કરે તો માત્ર દારૂ ઝડપાવાની કાર્યવાહી સુધી મામલો સીમિત નહીં રહે, પરંતુ આવા કારોબાર પાછળ રહેલા “લાખા” જેવા મુખ્ય તત્વો અને સમગ્ર સપ્લાય નેટવર્ક સુધી તપાસ લંબાઈ શકે તેમ છે. દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો, કોના સંરક્ષણ હેઠળ પાર્કિંગ સુધી પહોંચ્યો અને કયા નેટવર્ક મારફતે તેની હેરફેર થવાની હતી તેવા અનેક સવાલો હવે ઉભા થયા છે.કચ્છનો હાઈવે વિસ્તાર વેપાર અને ટ્રાન્સપોર્ટ માટે અત્યંત મહત્વનો માર્ગ ગણાય છે. આવા વિસ્તારોમાં જો ધાબા સ્ટાઈલ હોટલોના નામે ગેરકાયદે પ્રવૃત્તિઓ ધમધમતી હોય તો તે માત્ર કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન નથી, પ રંતુ સમગ્ર જિલ્લાની છબી માટે પણ ચિંતાજનક બાબત બની શકે છે.સ્થાનિક લોકો અને જાગૃત વર્ગોમાં હવે માંગ ઉઠી રહી છે કે સુરજબારીથી મુન્દ્રા સુધીના હાઈવે ઉપર આવેલી તમામ શંકાસ્પદ ધાબા સ્ટાઈલ હોટલો પર પોલીસ, SOG, LCB અને અન્ય એજન્સીઓ દ્વારા એકસાથે સરપ્રાઈઝ કોમ્બિંગ અને ચેકિંગ અભિયાન હાથ ધરવું જોઈએ. કારણ કે જ્યાં સુધી આવી જગ્યાઓ પર સતત અને કડક મોનિટરિંગ નહીં થાય ત્યાં સુધી અમુક બંધ ફોક અથવા શંકાસ્પદ ધાબા સ્ટાઈલ હોટલો અને તેના પાર્કિંગ વિસ્તારોમાં કાયદાના ઉલ્લંઘન કરતી ગંભીર બેનામી પ્રવૃત્તિઓ ધમધમતી જ રહેશે તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.

**લાખાની સામે અગાઉ પણ કઈક વખત આવા કૃત્યો બદલ સવાલો ઉઠયા છે, હાલમાં તેલચોરીમાં સમ ખાવા પુરતી જ કાર્યવાહી થઈ અને ૨૪ કલાક્માં તો લાખો ખુલ્લેઆમ બહાર ફરતો દેખાવવા પામી ગયો અને લાખો બહાર નીકળ્યો કે, હોટલોના સંકુલમાં આવા ગેરકાયદેસર ધંધાઓ નામ પુરતા પકડાવવાના પણ થયા શરૂ..!**




અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

સત્યમેવ જયતે

રાજ્ય સરકાર દ્વારા
“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩”
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

“પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”
અંતર્ગત માહે-જૂન-૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા (ફોર્ટિફાઈડ) | કાર્ડદીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા (ફોર્ટિફાઈડ) | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. | |

જૂન-૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૧૫ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| | | બી.પી.એલ કુટુંબો | ૧ થી ૪ સભ્યો સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા | ₹ ૨૨ |
| | | | ૫ થી ૮ સભ્યો સુધી કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | |
| | | | ૯ કે તેથી વધુ સભ્યો સુધી કાર્ડદીઠ ૩ કિ.ગ્રા | |
| ૪ | મીઠું | N.F.S.A કુટુંબો | કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

“My Ration” મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે “My Ration” મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

